અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

03 MARCH-2026 TUESDAY | Vol. : 17 | Issue : 240 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  પરમાણુ કેન્દ્ર પર હુમલો થયો તો શહેર ખાલી કરાવવા પડશે: ઈરાનમાં યુદ્ધ વચ્ચે કોણે આપી ચેતવણી?

4  યુદ્ધને પગલે પાકિસ્તાનમાં ફરી મિલિટરી રાજ આવવાના પડઘમ

6  15 વર્ષમાં પહેલી વાર હોળી પર કોઈ નવી ફિલ્મ રિલીઝ થઈ નથી

7  અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે સેન્સેક્સ 1048 પોઈન્ટ ગગડ્યો, 80,239 પર બંધ

## કેનેડા ભારતને યુરેનિયમ આપશે: પીએમ મોદી અને કાર્નીની મુલાકાત બાદ કરાર....

### બંને દેશો ડિફેન્સ અને એનર્જી સેક્ટરમાં સહયોગ કરશે

**નવી દિલ્હી, તા.02**

વડાપ્રધાન મોદી અને કેનેડિયન PM માર્ક કાર્ની વચ્ચે સોમવારે સવારે હૈદરાબાદ હાઉસમાં મુલાકાત થઈ. PM નરેન્દ્ર મોદીએ કહ્યું- ભારત અને કેનેડા વચ્ચે રોકાણ-વેપાર ડીલ પર વાતચીત થઈ છે. સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં, અમે યુરેનિયમના લાંબા ગાળાના પુરવઠા માટે એક ઐતિહાસિક કરાર કર્યો છે.



બંને દેશો વચ્ચે ઘણા ક્ષેત્રો માટે MOU કરવામાં આવ્યા છે. આનાથી બંને દેશોમાં રોજગારની નવી તકો ઊભી થશે. આ ઉપરાંત અમે નાના મોડ્યુલર રિએક્ટર્સ અને અદ્યતન રિએક્ટર ટેકનોલોજીના વિકાસ પર સહયોગ કરીશું. કૃષિ, કૃષિ ટેકનોલોજી અને ખાદ્ય સુરક્ષામાં મૂલ્યવર્ધન કરવું પણ અમારા લક્ષ્યોમાં શામેલ છે.

PMએ પશ્ચિમ એશિયામાં ઈરાન યુદ્ધને લઈને કહ્યું- પશ્ચિમ એશિયામાં તણાવથી ભારત ચિંતિત છે. ભારત વિશ્વમાં શાંતિ અને સ્થિરતા ઈચ્છે છે. દરેક સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા શોધવો જોઈએ. પીએમએ આગળ કહ્યું- અમે આ વાત સાથે સહમત છીએ કે આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરતા ફક્ત આપણા બંને દેશો જ નહીં પરંતુ સમગ્ર માનવતા સામે ગંભીર પડકારો છે. વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે આ જોખમોનો સામનો કરવામાં આપણો ગાઢ સહયોગ આવશ્યક છે. વિવિધ વર્તમાન મુદ્દાઓ પર ભારતનું વલણ સ્પષ્ટ છે.

ભારતમાં ભારત-કેનેડા પલ્સ પ્રોટીન ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે. સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રમાં વધતો સહયોગ આપણા ઊંડા પરસ્પર વિશ્વાસ અને પરિપક્વ સંબંધોનું પ્રતીક છે. અમે સંરક્ષણ ઉદ્યોગો, દરિયાઈ ક્ષેત્ર જાગૃતિ અને સૈન્ય આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા માટે કામ કરીશું. આ જ ઉદ્દેશ્યથી અમે આજે ભારત-કેનેડા સંરક્ષણ સંવાદ સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.

10 વર્ષનો યુરેનિયમ સપ્લાય કરાર PM કાર્નીના આ પ્રવાસનો સૌથી મોટો હેતુ ભારત-કેનેડા વચ્ચે 10 વર્ષનો યુરેનિયમ સપ્લાય કરાર છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ ડીલ લગભગ 3 અબજ ડોલરની હોઈ શકે છે.

કેનેડા વિશ્વનો બીજો સૌથી મોટો યુરેનિયમ ઉત્પાદક દેશ છે. ભારત અને કેનેડા વચ્ચે ન્યુક્લિયર કોઓપરેશન એગ્રીમેન્ટ 2013માં લાગુ થયો હતો, જે પછી કેનેડાએ ભારતને યુરેનિયમ સપ્લાય કરવાનું શરૂ કર્યું હતું. ભારત તેના ઝડપથી વિકસતા પરમાણુ ઊર્જા ક્ષેત્ર માટે વધુ યુરેનિયમ ખરીદવા માંગે છે.

### ઈરાનમાં યુદ્ધ વચ્ચે પાકિસ્તાન સળગ્યું!

## અમેરિકાની એમ્બેસી પર હુમલા બાદ 35ના મોત

**ઈસ્લામાબાદ, તા.02**

ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈના મોતના સમાચાર બાદ પાકિસ્તાનમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરાયેલા હુમલામાં ખામેનેઈના મૃત્યુના વિરોધમાં પાકિસ્તાનના અનેક શહેરોમાં હિંસક પ્રદર્શનો શરુ થયા છે. ખાસ કરીને કરાચી, લાહોર અને સ્કારદુ જેવા શહેરોમાં દેખાવકારોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, જેમાં અત્યાર સુધીમાં અંદાજે 35 લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. કરાચીમાં શિયા સંગઠનોએ અમેરિકન કોન્સ્યુલેટ પાસે તોડફોડ અને આગજની કરી હતી, જેને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોએ ટીયર ગેસ છોડ્યો હતો અને જવાબી કાર્યવાહી કરવી પડી હતી.



કરાચીમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની હિંસક અથડામણમાં 16 લોકોના મોત થતા સ્થિતિ અત્યંત ગંભીર બની છે. આ ઉપરાંત સ્કારદુમાં દેખાવકારોએ અમેરિકન ઑફિસને આગ ચાંપી દેતા 7 લોકોના જીવ ગયા છે, જ્યારે ઈસ્લામાબાદ અને ગિલગિટમાં પણ હિંસાના કારણે અનેક મોત નોંધાયા છે. પરિસ્થિતિને જોતાં કરાચી પ્રશાસને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા બંદોબસ્ત સખત કરી દીધો છે અને મુખ્ય રસ્તાઓ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસે પણ લોકોને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ન જવા માટે ચેતવણી આપી છે.

માત્ર પાકિસ્તાન જ નહીં, પરંતુ ઈરાનની રાજધાની તેહરાન અને ઈસ્ફહાનમાં પણ ખામેનેઈના સમર્થકો રસ્તા પર ઉતરી આવ્યા છે. અમેરિકા અને ઈઝરાયલ વિરોધી સૂત્રોચ્ચાર સાથે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા આ તણાવ અને નેતન્યાહૂ સરકારના આક્રમક વલણની અસર હવે પડોશી દેશોમાં પણ હિંસા અને અરાજકતાના રૂપમાં દેખાઈ રહી છે.

## યુદ્ધ વચ્ચે સાથી દેશે ભૂલથી અમેરિકાના 3 ફાઈટર જેટ તોડી પાડયા! 6 પાયલોટનો ચમત્કારિક બચાવ

**તહેરાન, તા.02**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે ઈરાની સેનાએ દાવો કર્યો કે તેને કુવૈતમાં ત્રણ અમેરિકન ફાઈટર જેટને હવામાં તોડી પાડયા, જે બાદ અમેરિકન સેનાએ ઈરાનનો દાવો ફગાવી દેતા કહ્યું કે, ઈરાન પર હવાઈ હુમલાઓ દરમિયાનના એક લડાકુ મિશનમાં કુવૈતે ભૂલથી ત્રણ અમેરિકન વાયુસેનાના F-15 સ્ટ્રાઈક ઈગલ વિમાનોનોને તોડી પાડયા.



અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ મુજબ, 'US એર ફોર્સના ફાઈટર જેટ્સ કુવૈતી એર ડિફેન્સ સિસ્ટમની ભૂલના કારણે નીચે પડ્યા, તમામ છ એર ક્રૂ સુરક્ષિત રૂપથી બહાર નીકળવામાં સફળ રહ્યા, તેમની હાલત સ્થિર છે, કુવૈતે આ ઘટનાનો સ્વીકાર કર્યો છે' તેમજ US આર્મીએ અમેરિકાના અભિયાનમાં સાથ આપવા માટે કુવૈતી સુરક્ષા દળોના પ્રયાસ અંગે પણ આભાર જતાવ્યો છે.

મહત્વનું છે કે, કુવૈતમાં અમેરિકન વાયુસેનાના F-15 સ્ટ્રાઈક ઈગલ વિમાનો તૂટયા તેના વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જેમાં ક્રેશના પહેલા પાયલટને વિમાનમાંથી બહાર નીકળતો(ઈજેક્ટ) જોઈ શકાય છે, તેમજ એક અન્ય વીડિયોમાં જેટ નીચે પડ્યા બાદ એક ફાઈટર પાયલટને સ્થાનિક લોકો અને કુવૈતના અધિકારીઓ સુરક્ષિત રીતે બચાવી રહ્યા છે.

F-15 સ્ટ્રાઈક ઈગલ એક અમેરિકન લડાકુ વિમાન છે, જેનો ઉપયોગ એર સુપિરિયોરિટી પ્રાપ્ત કરવા અને સ્ટ્રાઈક મિશન હાથ ધરવા માટે થાય છે. F-15 ની સૌથી મોટી વિશેષતા તેનો એર-ટુ-એર કોમ્બેટ રેકોર્ડ છે. અત્યાર સુધીના યુદ્ધોમાં તેણે અનેક દુશ્મન વિમાનોને તોડી પાડ્યા છે. : તે અવાજની ગતિ કરતાં બમણી એટલે કે Mach 2.5 (લગભગ 3,000 કિમી/કલાક) થી વધુ ઝડપે ઉડી શકે છે. તે 65,000 ફૂટની ઊંચાઈ સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે.

## ઈઝરાયલ-ઈરાન યુદ્ધ, મોદીએ બહેરીનના કિંગ-સાઉદી પ્રિન્સ સાથે વાત કરી

### ઓમાનમાં ભારતીયનું મોત, ભારતે બહેરીનમાં વિઝા-પાસપોર્ટ સેવાઓ સ્થગિત કરી

**નવી દિલ્હી, તા.02**

ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે છેલ્લા બે દિવસમાં ભારતમાં 760થી વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આજે પણ દિલ્હી એરપોર્ટ પર 87 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. દિલ્હી, મુંબઈ, કોચી, બેંગલુરુ, ચેન્નાઈ, જયપુર અને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હજારો મુસાફરો ફસાયેલા છે.

મિડલ ઈસ્ટની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિર 9 માર્ચ સુધી મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. પીએમ નરેન્દ્ર મોદીએ આજે ઇઝરાયલ-ઈરાન યુદ્ધ પર પ્રતિ ક્રિયા આપી હતી. આજે દિલ્હી માં હૈદરાબાદ હાઉસ ખાતે કેનેડાના પીએમ માર્ક કાર્ની સાથે મુલાકાત બાદ પીએમ મોદીએ કહ્યું હતું- સોમવારે પાકિસ્તાન અધિકૃત જમ્મુ અ ને કાશ્મીર (PoK) માં ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મોત સામે ના વિરોધ પ્રદર્શનો હિંસક બન્યા છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પ્રદર્શનકારીઓએ સંયુક્ત રાષ્ટ્રની સ્થાનિક ઓફિસમાં આગ લગાવી દીધી, જેમાં ગિલગિટમાં યુનાઈટેડ નેશંસ ડેવલપમેન્ટ પ્રોગ્રામની એફિસ પણ સામેલ છે.

આ દરમિયાન, સ્કાર્દુમાં એસપીની ઓફિસ અને અનેક સરકારી ઈમારતોને આગ લગાવી દેવામાં આવી હતી. ગોળીબારમાં 7 લોકો માર્યા ગયા હતા અને 12થી વધુ ઘાયલ થયા હતા. હોસ્પિટલમાં



ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. ગિલગિટ અને સ્કાર્દુમાં સિક્યોરિટી હાઈ એલર્ટ પર છે.

પાકિસ્તાનના કરાચીમાં આવેલા યુએસ એમ્બેસીમાં ખામેનીના મોતના વિરોધમાં રવિવારે હિસા ફાટી નીકળી હતી. કોન્સ્યુલેટમાં ઘૂસેલા પ્રદર્શનકારીઓ પર એમ્બેસીની અંદરથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં 23 લોકો માર્યા ગયા છે અને 10થી વધુ ઘાયલ થયા છે. આ પ્રદર્શન ઈમામિયા વિદ્યાર્થી સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતમાં, શિયા સમુદાય પણ ખામેનીના મોતનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યો છે. જમ્મુ અને કાશ્મીરના ઘણા જિલ્લાઓમાં આજે કર્ફ્યુની સ્થિતિ છે, ઈન્ટરનેટ ડાઉન છે. શ્રીનગરના લાલ ચોક પર બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. સુરક્ષાદળો તહેનાત કરવામાં આવ્યા છે. ખામેનીની હત્યાના વિરોધમાં થઈ રહેલા પ્રદર્શનો વચ્ચે, કાશ્મીર ઘાટીની તમામ સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓ આજથી બે દિવસ માટે બંધ રહેશે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ જનતાને શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. શોપિયા, બારામુલ્લામાં લોકોએ બજારો બંધ રાખ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં ખામેનીના મોત સામે શિયા સમુદાયનો વિરોધ પ્રદર્શન સતત બીજા દિવસે પણ ચાલુ રહ્યો. બેમિના વિસ્તારમાં ભીડને વિખેરવા માટે સુરક્ષા દળોએ ટીયર ગેસ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન કર્ણાટકના 100 લોકો દુબઈ અને બહેરીનમાં ફસાયા છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે, મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. સેંકડો મુસાફરો એરપોર્ટ પર ફસાયા છે.

## ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીનાં પત્નીનું પણ મોત

### દાવો- અમેરિકાએ પાકિસ્તાની એરસ્પેસથી હુમલો કર્યો, ઈરાને કહ્યું- જો આ સાચું હશે તો કિંમત ચૂકવવી પડશે

**તહેરાન, તા.02**

ઇઝરાયલ-અમેરિકા-ઈરાન યુદ્ધનો ત્રીજો દિવસ છે. આ દરમિયાન પાકિસ્તાન પર આરોપ મૂકવામાં આવ્યો છે કે તેણે અમેરિકાને ઈરાન પર હુમલો કરવા માટે તેની એરસ્પેસનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે.

ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) ના એક વરિષ્ઠ કમાન્ડરે જણાવ્યું હતું કે જો પાકિસ્તાન આવું કર્યું હશે તો તે હવે સુરક્ષિત રહેશે નહીં અને તેણે તેની કિંમત ચૂકવવી પડશે.

યુદ્ધ વચ્ચે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના લાંબા સમયના સાથી બ્રિટન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે હિંદ મહાસાગરમાં સ્થિત યુએસ લશ્કરી મથક, ડિએગો ગાર્સિયાને સોંપવામાં વિલંબ કર્યો હતો. યુદ્ધના પહેલા દિવસે અમેરિકા આ મથકથી ઈરાન પર હુમલો કરવા માંગતું હતું. જોકે, બ્રિટને 48 કલાક પછી પરવાનગી આપી હતી, અ ને કહ્યું હતું કે અમેરિકાને ત્યાંથી ફક્ત ઈરાની મિસાઈલ મથ કો ને નિશાન બનાવવાની મં જૂરી આપવામાં આવશે. આ અં ગે, ટ્રમ્પે બ્રિટિશ વડા પ્રધા ન પ્રત્યે પોતાની ઊંડી નિરાશા વ્યક્ત કરી છે.

બ્રિટિશ સૈન્ય જવાબમાં કાર્યવાહી કરી રહ્યું છે. હકીકતમાં, બ્રિ ટિ શ પીએમ કીર સ્ટારમરે અમેરિકાને ઈરાની મિસાઈલ સ્થળો પર હુમલો કરવા માટે આ બેઝનો ઉપયોગ કરવાની પરવાનગી આપી હતી. ઈ રાને સોમવારે મિડલ-ઈસ્ટના 4 દેશોમાં 6 અમેરિકી બેઝ પર હુ મલો કર્યો છે. કુવૈતમાં અમેરિકાના અનેક ફાઈટર જેટ ક્રેશ થયા છે. જેટ હવામાં ગોળ-ગોળ ફર્યા બાદ થોડી જ વારમાં જમીન સાથે અથડાયા હતા. જોકે, આમાં કોઈનું મોત થયું નથી.

બીજી ત ર ફ, ઈરાનના ટોપ નેશનલ સિક્યોરિટી અધિકારી અલી લારીજાનીએ સોમવારે કહ્યું કે ઈરાન અમેરિકા સાથે કોઈ વાતચીત કરશે નહીં. આ નિવેદન એવા અહેવાલો ના જવાબમાં આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાને અમેરિકા સાથે ફરીથી વાતચીત શરૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

## નાગપુર ફેક્ટરી બ્લાસ્ટ, 21 ડિરેક્ટરો સામે કેસ, 9ની ધરપકડ

### સારવાર દરમિયાન વધુ બે ઘાયલોના મોત, મૃત્યુઆંક 19 થયો

**નાગપુર, તા.02**

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના રાઉલગાંવ ખાતે દારૂગોળો બનાવતી કંપની SBL એનર્જી લિમિટેડમાં રવિવારે થયેલા વિસ્ફોટમાં ઘાયલ થયેલા વધુ બે લોકો સારવાર દરમિયાન મોતને ભેટ્યા છે. આ દુર્ઘટનામાં કુલ મૃત્યુઆંક વધીને 19 થયો છે. બીજી તરફ, પોલીસે SBL એનર્જી લિમિટેડના નવ ડિરેક્ટરોની ધરપકડ કરી છે. પોલીસે કંપનીના



21 ડિરેક્ટરો અને શેરધારકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. પોલીસે જણાવ્યું કે અન્ય 23 ઘાયલ શ્રમિકોની અહીંની હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. નાગપુર જિલ્લાની કટોલ તાલુકાના રાઉલગાંવ ખાતે ખાણકામ અને ઔદ્યોગિક વિસ્ફોટક ઉત્પાદક કંપની SBL એનર્જી લિમિટેડના ડેટોનેટર પેકિંગ યુનિટમાં આ વિસ્ફોટ થયો હતો.

પોલીસે જણાવ્યું કે મૃતદેહો ખરાબ રીતે સળગી ગયા છે અને તેમની ઓળખ કરવા માટે પરિવારના સભ્યોના DNA નમૂના લેવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વિસ્ફોટના કારણોની સઘન તપાસ કરવાના આદેશ આપ્યા છે.



# સરકાર અને AMC વચ્ચે નાગરિકો હેરાન: બોપલ- ઘુમા રોડ પર ડ્રેનેજ લાઈન નાખી જ નહીં

## રોડ પર ગટરના પાણી ફરી વળતા લોકોને હાલાકી, R&B એ રોડ ખોદવા મંજૂરી ના આપી

**અમદાવાદ, તા.02**

મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી દિવસોમાં ચૂંટણી નજીક આવી રહી છે પરંતુ શહેરીજનોને પ્રાથમિક સુવિધા ના કામો અનેક વિસ્તારોમાં થયા નથી જેના કારણે પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના બોપલ- ઘુમા રોડ ઉપર પ્લેઝર ક્લબ નજીક આવેલા ગુલમોહર નિર્વાણ સોસાયટી નજીક ગટર ઉભરાવવાની અને તૂટેલા રોડની સમસ્યા છેલ્લા કેટલાય સમયથી છે. જેના કારણે થઈને નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અને રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલય સુધી ફરિયાદો કરવામાં આવી છે છતાં પણ કોઈ નિરાકરણ આવ્યું નથી.

થલતેજ વોર્ડના ભાજપના કોર્પોરેટર હિતેશ બારોટને બોપલ ઘુમા રોડ ઉપર ડ્રેનેજની અને રોડની સમસ્યાને લઈને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે નવી ડ્રેનેજ લાઈન નાખવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. ઘુમા સંસ્કારધામ તરફ જતા રોડ ઉપર ડ્રેનેજ લાઈન નાખવાની છે પરંતુ તેના માટે રોડ ખોદવો પડે છે અને જે રોડ રોડ રાજ્ય સરકારના રોડ બિલ્ડિંગ વિભાગમાં આવે છે જેના માટેની વિભાગ તરફથી મંજૂરી આપવામાં આવી નથી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારના રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગમાં પત્ર લખી



જાણ કરવામાં આવી છે જેથી રોડ ખોદવાની મંજૂરી આપવામાં આવશે જે બાદ કામગીરી શરૂ થશે.

ઘુમા વિસ્તારમાં આવેલા ગુલમોહર નિર્વાણ સોસાયટીની બહાર છેલ્લા કેટલાય સમયથી ગટર ઉભરાવવાની ખૂબ મોટી સમસ્યા સર્જાઈ છે. સોસાયટી દ્વારા ડ્રેનેજ કનેક્શન લેવામાં આવ્યું છે પરંતુ તેનું બધું પાણી બહાર ડ્રેનેજમાં ઉભરાય છે. ડ્રેનેજ કનેક્શન આપવામાં ન આવ્યું હોવાથી રોડના બહારના ભાગે ઉભરાય છે. ડ્રેનેજ લાઈન ન નાખી હોવાના કારણે રોડ ઉપર બધું પાણી જતું રહે છે લોકોને અવરજવરમાં ખૂબ જ તકલીફ પડી રહી છે. આખા રોડ ઉપર ગંદુ પાણી ઉભરાય છે જેના કારણે તીવ્ર વાસ પણ આવતી હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્થાનિક લોકો દ્વારા અવારનવાર રજૂઆત કરવામાં આવી છે. છતાં કાર્યવાહી કરવામાં આવી નથી.

ડ્રેનેજ લાઈન નાખવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ત્યાં પાઈપો ઉતારી દેવામાં આવી છે પરંતુ કામ ચાલુ કરવામાં આવ્યું નથી. આ બાબતે રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલય સુધી પણ સ્થાનિક લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. પરંતુ કોર્પોરેશન અને ભાજપના કોર્પોરેટરો દ્વારા આ બાબતે ધ્યાન આપવામાં આવ્યું નથી. ડ્રેનેજ લાઈન નાખી નથી જેના કારણે ગંદકી ફેલાય છે અને રોગચાળો ફેલાવવાની પણ શક્યતા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ બાબતે અવારનવાર અનેક રજૂઆત બાદ પણ કાર્યવાહી ન થતા ભારે રોજ ફેલાયો છે હવે ઝડપથી કોર્પોરેશન આ બાબતે નિરાકરણ લાવે તેવી માંગ સ્થાનિક લોકો કરી રહ્યા છે.

## GSTના નવા દર મુજબ તમાકુની ખરીદી કરાશે: ચરોતરના તમાકુના વેપારી દ્વારા ખેડૂતોના હિતમાં તમાકુની ખરીદી શરૂ કરાઈ



**આણંદ, તા.02**

ચરોતર તમાકુ વેપારી એસોશિએસન દ્વારા છેલ્લા એક માસથી જીએસટી સહિત દરોના વિરોધમાં આંદોલન છેડીને તમાકુની ખરીદી બંધ કરી હતી. ત્યારે ચરોતરના 30 હજારથી વધુ ખેડૂતોને હાલાકી ભોગવીના પડે તે હેતુથી તમાકુ વેપારી એસો. દ્વારા 1લી માર્ચથી નવા જીએસટી દર મુજબ તમાકુ ખરીદવાનો નિર્ણય કર્યો છે.

ચરોતર તમાકુ વેપારી એસો.ના પ્રમુખે જણાવ્યું હતું કે,તમાકુને સીન ગુડસ શ્રેણીમાંથી બાકાત રાખવી. પ્રાથમિક કારખાનેદારોને વધારાની કામગીરીમાંથી મુક્તિ આપવી, તમાકુના પાનને લઘુત્તમ જીએસટી શ્રેણીમાં સામેલ કરવું, નાના ઉત્પાદકો અને વેપારીઓને કરબોજમાંથી રાહત આપવી, સહિતના મુદાઓને લઈને કેન્દ્રીય નાણાંમંત્રી અને રાજયના મુખ્યમંત્રી સમક્ષ લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી છે.જે બાબતે વેપારીઓ પોતાની લડત ચાલુ રાખશે.

પણ હાલમાં તમાકુના પાક તૈયાર થઈ ગયો છે. ત્યારે નાના ખેડૂતો તમાકુ વેચાણના થાય તો હાલાકી વેઠવાનો વખત આવે તેમ છે. તેને ધ્યાને લઈને તમાકુ વેપારી એસોશિએસન દ્વારા 1લી માર્ચ થી તમાકુની ખરીદી નવા જીએસટી દર મુજબ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

## અમદાવાદમાં સર્વધર્મ સમન્વયનો અનોખો 'પાલ' યોજાયો: મંગલ નવકાર મહેક ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ભવ્ય ભોજન પ્રસાદનું આયોજન

**અમદાવાદ, તા.02**

અમદાવાદમાં શ્રી ગોપાલ સંસ્કાર મહેક ટ્રસ્ટ અને શ્રી મંગલ નવકાર મહેક ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ફાગણ સુદ તેરસ, ઢેબરિયા તેરસના દિવસે સર્વધર્મ સમન્વયનો એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પાલીતાણાની છ ગાઉ યાત્રાની પ્રતિકૃતિ રૂપે 'પાલ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પાલીતાણામાં છ ગાઉ યાત્રા પૂર્ણ કર્યા બાદ સિદ્ધવડ પાસે યાત્રાળુઓ માટે જૈન ધર્મ અનુસાર વિવિધ ખાદ્યપદાર્થોના 'પાલ' રાખવામાં આવે છે. આ પરંપરાને ધ્યાનમાં રાખીને, અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં પાલીતાણાના ડુંગરની પ્રતિકૃતિનો એક પટ્ટ લગાવવામાં આવ્યો હતો.

આ પટ્ટ સમક્ષ 2000થી વધુ વિવિધ ધર્મના લોકોએ ઉપસ્થિત રહી શુભ દીપ પૂજા કરી હતી. ત્યારબાદ તરબૂચ, શક્કરટેટી, પપૈયું, દ્રાક્ષ જેવા ફળોનો પાલ તેમજ મોહનથાળ, તીખી લાલ સેવ, ટામેટા, કાકડી, સલાડ, કઢી, દાળ, ભાત, રોટલી, રુધિરનું શાક, મગ અને છાશ સહિત સંપૂર્ણ



ભોજનનો પાલ રાખવામાં આવ્યો હતો.

ટ્રસ્ટ દ્વારા આશરે 1800 કિલો વજનના ખાદ્યપદાર્થો મંગાવવામાં આવ્યા હતા. વ્યવસ્થા સ્ટાફ અને કાર્યકર્તાઓ દ્વારા કોઈને પણ તકલીફ ન પડે તે રીતે ગોઠવણ કરવામાં આવી હતી.

ટ્રસ્ટનો મુખ્ય હેતુ બધા હિન્દુઓને એકબીજાની નજીક લાવી, ધાર્મિક સહયોગ વધારવાનો હતો. આ કાર્યક્રમ દ્વારા 'અમે હિન્દુસ્તાની છીએ, અમે હિન્દુ છીએ' તેવી પવિત્ર ભાવના સ્પષ્ટ કરવામાં આવી હતી, જે રાષ્ટ્ર માટે ધર્મ હિન્દુ રહેશે તેવો સંદેશ આપે છે.

આવા આયોજનથી દેશ અને રાષ્ટ્રમાં એકતાની ભાવના મજબૂત બને છે. ટ્રસ્ટી વીરુભાઈ અલગોતરની આ પહેલની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

## સેવાની સરવાણી વહાવતા કેમ્પો વરદાન બન્યા: 55 કિ.મીના પદયાત્રિક માર્ગ પર 200 સેવા કેમ્પો 10 લાખથી વધુ ભક્તોને ભોજનની વ્યવસ્થા કરાઇ....

**નડિયાદ, તા.02**

ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરમાં હોળીની પૂનમે મોટી સંખ્યા ભક્તો દર્શન કરવા માટે અમદાવાદ થી ડાકોર ચાલીને જતા હોય છે. ત્યારે રાસકા ચેક પોસ્ટ થી ખેડા જિલ્લાની હદ શરૂ થાય છે.

જેમાં રાસકા ચેક પોસ્ટ થી ડાકોર સુધીના 55 કિલોમીટરના માર્ગ પર ઠેર ઠેર પદયાત્રીઓ માટે સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ખોલવામાં આવ્યા છે. જેમાં આશરે 200 થી વધારે નાના મોટા કેમ્પો દ્વારા 55 કિલોમીટરના માર્ગ પર સેવા આપવામાં આવી રહી છે.



ત્યારે સૌથી મોટા સેવા કેમ્પ માં 4 દિવસમાં આશરે 1 લાખ ભક્તો મા ટે 2400 લિટર થી વધુ છાશ ગરમીથી રાહત માટે આપવામાં આવી રહી છે. આ સાથે 8 ટેમ્પા ભરીને શાકભાજી , 100 ડબ્બા તેલ, 80 ચોખાના કટ્ટા અને મોટી સંખ્યામા લોટની ગુણ થી બનાવવામાં આવેલ વાનગીઓ ભક્તોને પીરસવામાં આવી રહી છે. ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરમાં હોળીની પૂનમે મોટી સંખ્યા ભક્તો દર્શન કરવા માટે અમદાવાદ થી ડાકોર ચાલીને જતા હોય છે. ત્યારે રાસકા ચેક પોસ્ટ થી ખેડા જિલ્લાની હદ શરૂ થાય છે. જેમાં રાસકા ચેક પોસ્ટ થી ડાકોર સુધીના 55 કિલોમીટરના માર્ગ પર ઠેર ઠેર પદયાત્રીઓ માટે સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ખોલવામાં આવ્યા છે. જેમાં આશરે 200 થી વધારે 55 કિલોમીટરના માર્ગ પર સેવા કેપો ચાલી રહ્યા છે. જેમાં સૌથી મોટો સેવા કેમ્પ રામ રોટી સેવા ટ્રસ્ટ, સોમવાર પ્રાર્થના મંડળ દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. જેમાં 4 દિવસમાં ભક્તોને વિવિધ પ્રકારના ભોજન પીરસવામાં આવનાર છે. ત્યારે ભક્તોનો પ્રવાહ અવિરત જોવા મળી રહ્યો છે. જેમાં સેવા કેમ્પના ભરતભાઈ સોની અને સમીર સોની દ્વારા આ મંડળને ચલાવવામાં આવી રહ્યું છે.

ત્યારે 75 વર્ષથી આ સેવા મંડળ દ્વારા ફાગણી પૂનમે આવતા ભક્તોને સેવા આપવામાં આવી રહી છે. જેમા ભક્તોને ખુરશીમાં બેસાડીને જમાડવામાં આવે છે. ત્યારે 4 દિવસ દરમિયાન 1 લાખથી વધારે ભક્તોને ચોખ્ખું ભોજન આપવામાં આવી રહ્યું છે. જેમાં રોજનું 25 ડબ્બા તેલ, 20 ચોખાના કટ્ટા, 2 ટેમ્પા શાકભાજી લાવવામાં આવી રહ્યું છે. આ સાથે 600 લીટર અમૂલની છાસ પણ લાવીને ભક્તોને બપોરના સમયે ગરમી થી રાહત મળી રહે તે માટે પીવડાવવામાં આવી રહી છે. જોકે, 55 કિલોમીટરના રૂટ માં નાના મોટા 200 થી વધુ સેવા કેમ્પો દ્વારા આશરે 10 લાખથી વધુ ભક્તોને સેવાઓ અપાઈ રહી છે. જોકે, અનેક જગ્યાએ માર્ગ પર સેવા કેમ્પો દ્વારા ભક્તોને નાહવાની સુવિધાઓ પણ ઊભી કરાઈ છે.

કેસરા બાલાજી હનુમાનજી મંદિર દ્વારા પણ એક ખાસ ભક્તો માટે મલ્ટીપલ ચાર્જીંગ ની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આ સાથે ભક્તો માટે ભોજનની પણ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેમાં ભક્તોને ચા, નાસ્તો સહિત ઉંઘવાની વ્યસ્થા પણ કરવામાં આવી છે. ત્યારે કેમ્પમાં ભક્તોના મોબાઈઈ ફોનને ચાર્જ કરવા માટે 200 થી વધુ ચાર્જિંગ પોઈન્ટ મૂકવામાં આવ્યા છે. આ સાથે 2 દિવસમાં 40 હજાર કરતા પણ વધારે પદયાત્રીઓ સેવા કેમ્પોનો લાભ લીધો છે. જોકે, 4 દિવસમાં આશરે 1 લાખ જેટલા ભક્તો સેવા કેમ્પનો લાભ લેશે.

## હોળી અને રમજાનના પગલે પોલીસનું ફૂટ પેટ્રોલીંગ: તહેવોરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા રાત્રિના સમયે પોલીસના ધાડા ઉતર્યા

**અમદાવાદ, તા.02**

હોળી- ધુળેટીનો તહેવાર અને રમજાન મહિનો ચાલી રહ્યો છે ત્યારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કાયદો તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેને લઈને પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને ચેકિંગ કરવામાં આવ્યું હતું. શહેરના અમરાઈવાડી, બાપુનગર, ખોખરા, રખિયાલ, ગોમતીપુર, દાણીલીમડા, મણીનગર, ઈસનપુર સહિતના અલગ અલગ વિસ્તારોમાં ડીસીપી, એસીપી અને પીઆઈ સહિતનો પોલીસ કાફલો રાત્રે રોડ પર ઉતર્યો હતો અને વાહન ચેકિંગથી લઈને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. દાણીલીમડા અને ઈસનપુર સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોનથી ચેકિંગ કરવામાં આવ્યું હતું. દારૂ પીને વાહન ચલાવતા લોકોના ઝડપવામાં આવ્યા હતા. નંબર પ્લેટ



અને કાળા કાચ વિનાની ગાડી સહિતના વાહનોને ડીટેઇન પણ કરવામાં આવ્યા છે. ધુળેટી અને રમઝાન મહિનાના તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરના પૂર્વ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઝોન 6 વિસ્તારમાં આવતાં દાણીલીમડા, ઈસનપુર, મણીનગર સહિતના વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમિયાન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નાઈટ વિઝન ડ્રોન દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં રમજાન મહિનો હોવાથી મોડી રાત્રે ધમધમતા ભીડભાળ વાળા બજારો, સાંકડી ગલીઓ અને મકાનની અગાસીમાં નાઈટ વિઝન ડ્રોન દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા નંબર પ્લેટ વિના વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા તેમ જ કાળા કાચની ગાડીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. દારૂ પીધેલા પણ ઝડપાયા હતા. ઝોન- 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલ એ જણાવ્યું હતું કે હોળી અને ધુળેટીના તહેવાર તેમજ રમજાન મહિનાને લઈને ઝોન 5માં આવતા રખિયાલ, ખોખરા, બાપુનગર, અમરાઈવાડી, નિકોલ સહિતના અલગ અલગ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ફ્લેગમાર્ચ અને પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. સંવેદનશીલ વિસ્તાર એવા હિન્દૂ અને મુસ્લિમ વિસ્તાર ભેગા થાય છે ત્યાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું DCP, 2 ACP, 8 PI સહીત 100 થી વધુ પોલીસકર્મી ફુટ પેટ્રોલિંગમાં હાજર રહ્યા હતા. હિસ્ટ્રી શીટર અને રીઢા ગુનેગારોમાં કાયદાનો ડર બેસાડવા માટે પેટ્રોલિંગ હાથ ધરાયું. રબારી કોલોની ચાર રસ્તા પર વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું. પસાર થતા વાહનો અને કારમાં ચેકીંગ કર્યું હતું. દારૂ પીધેલા 20 થી વધારે લોકોને ઝડપી અને ડ્રીંક એન્ડ ડ્રાઈવનો કેસ પણ કરવામાં આવ્યો છે. પ્રતિબંધિત બ્લેક ફિલ્મ લગાવેલી 3 કારમાંથી બ્લેક ફિલ્મ પણ કાઢવામાં આવી હતી. ઝોન 5 પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ પીધેલાના 32 જેટલા કેસ કરવામાં આવ્યા હતા. દારૂ પીને વાહન ચલાવવાના 30 જેટલા કેસ કરવામાં આવ્યા હતા. 200 જેટલા વાહનોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. રજીસ્ટ્રેશન અને નંબર પ્લેટ વિનાના 17 જેટલા વાહન ચાલકો સામે કાર્યવાહી કરાઈ છે જ્યારે 27 જેટલા વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

## 30 વર્ષ જૂના દબાણોનો સફાયો કરાયો: જંત્રાલમાં જાહેર માર્ગ પર અડચણરૂપ 10થી વધુ પાકા દબાણો દૂર કરાયા

**આણંદ, તા.02**

બોરસદ તાલુકાના જંત્રાલ ગામમાં ગ્રામ પંચાયત દ્વારા જાહેર જગ્યાઓ પરના દબાણો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પટેલ ખડકી વિસ્તારમાંથી આશરે 10 દબાણો દૂર કરીને જાહેર માર્ગો અને ખુલ્લી જગ્યાઓ મુક્ત કરાઈ છે.

છેલ્લા એક વર્ષથી ગામના નાગરિકો દ્વારા આ દબાણો દૂર કરવાની માંગણી કરવામાં આવી રહી હતી. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ જાહેર માર્ગો અને સરકારી જમીનને ગેરકાયદેસર દબાણોથી મુક્ત કરવાનો હતો.

આ કાર્યવાહી પહેલાં સીટી સર્વે કચેરી, રાસ દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસમાં પટેલ ખડકી વિસ્તારમાં જાહેર માર્ગો અને સરકારી જમીન પર દબાણો થયા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ અહેવાલના આધારે ગ્રામ પંચાયતે દબાણ હટાવવાનો નિર્ણય લીધો હતો.



ગ્રામ પંચાયતના અધિકારીઓ અને સ્ટાફની હાજરીમાં પટેલ ખડકી વિસ્તારમાં આશરે 10 દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

દબાણો દૂર થતાં જાહેર માર્ગો અને ખુલ્લી જગ્યાઓ ફરીથી ઉપયોગ માટે ઉપલબ્ધ બની છે. આ પગલાથી સ્થાનિક રહીશોમાં સંતોષ જોવા મળ્યો છે. ગામના આગેવાનોએ જણાવ્યું કે, જાહેર સ્થળો પરથી દબાણો હટાવવાથી વાહન વ્યવહાર અને લોકોની અવરજવર સરળ બનશે. ગ્રામ પંચાયતના આ નિર્ણયને મોટાભાગના નાગરિકોએ આવકાર્યો છે.

લાંબા સમયથી આ દબાણોને કારણે ગામના આંતરિક રસ્તાઓ સાંકડા થઈ ગયા હતા, જેના કારણે અનેક ફરિયાદો ઉઠી હતી. ગ્રામ પંચાયતે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી, સીટી સર્વેના માપણી મુજબ ઓપરેશન હાથ ધર્યું હતું. આ કાર્યવાહીથી હવે જાહેર માર્ગો વધુ સુઘડ અને સુવિધાયુક્ત બનશે.

## દિવાન બલ્લુભાઈ એલ્યુમ્ની એસોસિએશન દ્વારા સ્નેહ મિલન: 'ફ્યુઝન ફિએસ્ટા 2026'ના સહભાગી પૂર્વ વિદ્યાર્થીઓ મળ્યા

**અમદાવાદ, તા.02**

દિવાન બલ્લુભાઈ એલ્યુમ્ની એસોસિએશન કાંકરિયા દ્વારા તાજેતરમાં એક સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિલન 'ફ્યુઝન ફિએસ્ટા 2026'માં ભાગ લેનાર પૂર્વ વિદ્યાર્થીઓ માટે યોજાયું હતું, જે સાંસ્કૃતિક કાર્યક્રમ 8 ફેબ્રુઆરીના રોજ યોજાયો હતો.

આ સ્નેહ મિલનમાં 'ફિયેસ્ટા'માં ભાગ લેનાર પૂર્વ વિદ્યાર્થીઓ તેમના પરિવાર સાથે જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં અંતાક્ષરી, ફિલ્મી ક્વિઝ, ધૂન રાઉન્ડ અને



વિવિધ મનોરંજક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો સૌએ આનંદ માણ્યો હતો.

ઉપસ્થિત સૌએ 'ફિયેસ્ટા' અને તેની તૈયારીના દિવસોની યાદો તાજી કરી હતી. આ ઉપરાંત, વિવિધ પરફોર્મન્સ તૈયાર કરાવનારા મેન્ટર્સ અને કાર્યક્રમના આયોજકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે, છેલ્લા 55 વર્ષથી પણ વધુ સમયગાળામાં દિવાન બલ્લુભાઈ શાળા, કાંકરિયામાં અભ્યાસ કરી ગયેલા પૂર્વ વિદ્યાર્થીઓ, કોઈ ચોક્કસ બેચ પૂરતા સીમિત ન રહેતા, સાથે મળીને આવા કાર્યક્રમોનું આયોજન કરતા રહ્યાં છે.

## જિલ્લામાં ચાલુ વર્ષે સર્વાઈકલ કેન્સરના 46 દર્દી નોંધાયા છે, હવે 17 હજાર દીકરીઓને રસી અપાઈ

**નડિયાદ, તા.02**

સર્વાઈકલ કેન્સર એટલે કે ગર્ભાશયના મુખના કેન્સરના મહિલા દર્દીઓની સંખ્યામાં સતત થઈ રહેલા ચિંતાજનક વધારાને ધ્યાનમાં રાખીને હવે શાળામાં અભ્યાસ કરતી 14 થી 15 વર્ષની દીકરીઓને આ બિમારી સામે રક્ષણ આપવા માટે રસી મૂકવામાં આવશે. જોકે અન્ય રસીકરણમાં થાય છે તે રીતે માત્ર આરોગ્ય વિભાગ જ આ કામ નહીં કરે પરંતુ વાલીઓને પણ આ બીમારીની સમજણ આપીને પેરેન્ટ્સ મીટીંગ થકી આ રસીકરણ અભિયાનને વધુ અસરકારક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાની 17000 જેટલી દીકરીઓને આ રસી આપીને સુરક્ષિત કરવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. માત્ર સરકારી જ નહીં ખાનગી શાળાઓમાં પણ આ રસીકરણને લઈને ખાસ પેરેન્ટ્સ મીટીંગ બોલાવીને જાગૃતિ ફેલાવવામાં આવશે. હાલમાં જિલ્લામાં સર્વાઈકલ કેન્સરના 46 પોઝીટીવ દર્દીઓ નોંધાયેલા છે, જ્યારે રાજ્યમાં આ સંખ્યા 2 હજારને પાર પહોંચી છે.

સર્વાઈકલ કેન્સર એટલે કે ગર્ભાશયના મુખના કેન્સરના દર્દીઓની સંખ્યામાં સતત થઈ



રહેલો વધારો ચિંતાજનક છે. મોટાભાગના કિસ્સાઓમાં સ્ત્રીઓને આ કેન્સરની સંપૂર્ણ માહિતી ન હોવાથી કેન્સર વધી ગયા પછી ખબર પડે છે.

આ સ્થિતિ ન ઉદ્ભવે અને કેન્સરની ગંભીર બીમારી સામે કિશોર વયથી જ દીકરીઓને સુરક્ષા મળે તે માટે હાલમાં ખેડા જિલ્લાની 17000 કિશોરીઓને સારવાર કેન્સર વિરોધી રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ માટે અન્ય રસીકરણની જેમ માત્ર આરોગ્ય વિભાગ જ કામગીરી નહીં કરે પરંતુ શિક્ષણ વિભાગને પણ આમાં સંકલન કરીને દરેક શાળાઓમાં રસીકરણ પૂર્વે પેરેન્ટ્સ ટીચર મીટીંગ નું આયોજન કરી વાલીઓને પણ સર્વાઈકલ કેન્સર ની માહિતી આપવાની સાથે સાથે તેમને આ રસી માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. જેથી કરીને દીકરીઓનું પણ ભવિષ્ય સુરક્ષિત થઈ શકે. હાલમાં ખેડા જિલ્લામાં રસીકરણની આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

સર્વાઈકલ કેન્સરની આ ઝુંબેશ અંતર્ગત માત્ર શાળાએ જતી વિદ્યાર્થીનીઓને જ નહીં પરંતુ શાળાએ ન જતી તમામ કિશોરભાઈ ની દીકરીઓને આવરી લઈને તેમનું રસીકરણ કરવામાં આવશે.

ચાલુ વર્ષે તંત્ર દ્વારા કુલ 4.85 લાખથી વધુ દર્દીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી 6.03 લાખ મહિલાઓ 30 વર્ષથી વધુની ઉંમરની છે, જ્યારે જિલ્લામાં કુલ નોંધાયેલ મહિલાઓની સંખ્યા કે જેમનું સ્ક્રીનીંગ થાય તે સંખ્યા 10 લાખથી પણ વધુ છે. હાલમાં પ્રાથમિક નિદાન બાદ આગળના નિદાન માટે દર્દીઓને અમદાવાદ રિફર કરવામાં આવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# અફઘાનિસ્તાનનો ફરી પાકિસ્તાન પર હુમલો: નૂરખાન એરબેઝ ઊડાડ્યું



## તાલિબાનનો ડ્યુરન્ડ લાઈન પાર કર્યાનો દાવો, PAKએ કહ્યું- 400 તાલિબાનીઓ ઠાર કર્યા

**ઈસ્લામાબાદ, તા.02**

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર છેલ્લા ચાર દિવસથી સતત હવાઈ હુમલા અને ગોળીબાર ચાલુ છે. તાલિબાન સરકારનું કહેવું છે કે અમે પાકિસ્તાનના અત્યંત સંવેદનશીલ નૂર ખાન એરબેઝ પર હુમલો કર્યો છે. આ એરબેઝ રાવલપિંડીમાં છે.

આ સાથે જ તાલિબાનના એક મંત્રીએ દાવો કર્યો કે તેમના તાલીબાનીઓ ડ્યુરન્ડ લાઈન પાર કરીને પાકિસ્તાનની જમીનમાં ઘૂસી ગયા છે. તાલિબાન અનુસાર, ક્વેટા અને ખૈબર પખ્તુનખ્વાના કેટલાક સૈન્ય ઠેકાણાઓ પર પણ હુમલા કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા કાબુલ, બાગ્રામ અને અન્ય વિસ્તારોમાં કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં કરવામાં આવી હતી. બીજી તરફ પાકિસ્તાન સરકારે દાવો કર્યો છે કે અત્યાર સુધીમાં 400 થી વધુ અફઘાન તાલીબાની માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં સંઘર્ષની શરૂઆત 22 ફેબ્રુઆરીએ થઈ હતી. પાકિસ્તાને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં એરસ્ટ્રાઈક કરી હતી.

પાકિસ્તાનના ઉપ ગૃહમંત્રી તલાલ ચૌધરીએ દાવો કર્યો હતો કે સરહદી વિસ્તારોમાં TTPના ઠેકાણાઓ પર કાર્યવાહીમાં ઓછામાં ઓછા 70 તાલીબાનીઓ માર્યા ગયા. બાદમાં પાકિસ્તાની અખબાર ડોને આ સંખ્યા 80 સુધી પહોંચવાનો દાવો કર્યો હતો. તેના જવાબમાં અફઘાનિસ્તાને 27 ફેબ્રુઆરીએ પાકિસ્તાન પર હુમલો કર્યો.


અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે પાકિસ્તાનને 'યોગ્ય સમયે સણસણતો જવાબ' આપવામાં આવશે. મંત્રાલયે આ હુમલાઓને દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.

પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી કાર્યરત છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોને સતત નકારતી રહી છે.

પાકિસ્તાને અફઘાનિસ્તાન સામેના હુમલાને 'ગજબ લિલ હક' ઓપરેશન નામ આપ્યું છે અને કાબુલ સહિત અનેક પ્રાંતોમાં હુમલા કર્યા. પાકિસ્તાનના સૂચના મંત્રી અત્તા ઉલ્લાહ તારરના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં 415 તાલિબાન લડવૈયા માર્યા ગયા, 580 થી વધુ ઘાયલ થયા, 182 પોસ્ટનો નાશ કરવામાં આવ્યો, 31 પોસ્ટ પર કબજો કરવામાં આવ્યો, 185 ટેન્ક અને સૈન્ય વાહનોનો નાશ કરવામાં આવ્યો, પાકિસ્તાની વાયુસેનાએ દાવો કર્યો છે કે તેણે નંગરહાર અને કંધારમાં તાલિબાનના સૈન્ય મુખ્યાલયોને નિશાન બનાવ્યા છે.

જ્યારે તાલિબાનનું કહેવું છે કે તેના માત્ર 8 થી 13 લડવૈયા માર્યા ગયા અને કેટલાક ઘાયલ થયા છે. તેણે દાવો કર્યો કે 55 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને બે સૈન્ય મુખ્યાલયો સહિત અનેક ચોકીઓ પર કબજો કરવામાં આવ્યો. તાલિબાને ચેતવણી આપી છે કે જો પાકિસ્તાન આગળ હુમલો કરશે તો વધુ કડક જવાબ આપવામાં આવશે.

# પરમાણુ કેન્દ્ર પર હુમલો થયો તો શહેર ખાલી કરાવવા પડશે: ઈરાનમાં યુદ્ધ વચ્ચે કોણે આપી ચેતવણી...?



**તહેરાન, તા.02**

અમેરિકા-ઈઝરાયલ ઈરાન પર ભયાનક હુમલાઓ કરી રહ્યા છે. આ ઘર્ષણમાં ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ થયા બાદ હવે અમેરિકાએ પોતાના શક્તિશાળી હથિયાર ચાર બી-2 બૉમ્બરથી ઈરાન પર હુમલા શરૂ કરી દીધા છે. હાલ આ બૉમ્બર હુમલાના કારણે ઈરાનના પરમાણુ કેન્દ્રને નુકસાન થયું હોવાના કોઈ અહેવાલ સામે આવ્યા નથી. બીજી તરફ પરમાણુ ગતિવિધિઓ પર દેખરેખ રાખતી સંસ્થાના પ્રમુખે દાવો કર્યો છે કે, હુમલામાં ઈરાનના પરમાણુ કેન્દ્રનો નુકસાન પહોંચ્યું હોવાનું કોઈ સંકેત મળ્યા નથી.'

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA)ના પ્રમુખ રાફેલ ગ્રોસીએ સ્પષ્ટ કહ્યું કે, ઈરાનના બુશહર ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ, તેહરાન રિસર્ચ રિએક્ટર અને અન્ય ઈંધણ સેન્ટરો પર હુમલો થયો હોવાના કે નુકસાન થયું હોવાની કોઈ માહિતી સામે આવી નથી. તપાસ બાદ રાહતની વાત એ છે કે, ઈરાનના પડોશી દેશોમાં રેડિએશન સ્તરની અસર સામાન્ય થઈ હોવાનું સામે આવ્યું છે.

ગ્રોસીએ કહ્યું કે, 'IAEA સતત ઈરાની અધિકારીઓનો સંપર્ક કરી રહી છે, પરંતુ યુદ્ધના કારણે ત્યાંથી કોઈ જવાબ મળી રહ્યો નથી. IAEAએ ઈરાન મામલે વિશેષ સત્રની શરૂઆત કર્યા બાદ ગ્રોસીએ કહ્યું કે, 'અમે ઈરાનના ન્યૂક્લિયર રેગ્યુલેટરી ઓથોરિટીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જોકે હજું કોઈપણ જવાબ મળ્યો નથી. અમને આશા છે કે, અમારી વાતચીતની પ્રક્રિયા વહેલી તકે શરૂ થશે.'

IAEAના પ્રમુખે ચેતવણી આપી સંયમ જાળવી રાખવાની વિનંતી કરી છે. તેમણે ચેતવણી આપી છે કે, જો કોઈપણ પરમાણુ કેન્દ્ર પર હુમલો થશે તો રેડિયોએક્ટિવ ગળતર થવાના કારણે મોટા શહેરોને ખાલી કરવા પડશે. આના કારણે ગંભીર સંકટ ઉભું થઈ શકે છે.'

# AI સમિટમાં શર્ટલેસ પ્રદર્શન- યુથ કોંગ્રેસના કાર્યકરોને જામીન: દિલ્હી કોર્ટે કહ્યું- સૂત્રોચ્ચાર ઉશ્કેરણીજનક નહોતા, લોકોને ડરાવવાના કોઈ પુરાવા નથી



**નવી દિલ્હી, તા.02**

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે AI સમિટમાં શર્ટલેસ વિરોધ પ્રદર્શનના કેસમાં ધરપકડ કરાયેલા ઈન્ડિયન યુથ કોંગ્રેસ (IYC)ના નવ કાર્યકરોને સોમવારે જામીન આપ્યા છે. કોર્ટે કહ્યું કે આ પ્રદર્શન માત્ર સરકારની ટીકા કરવાની એક રીત હતી. તેથી, કેસ શરૂ થાય તે પહેલાં કોઈને જેલમાં રાખવું એ કાયદાના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ હશે.

કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે પ્રદર્શન દરમિયાન લગાવવામાં આવેલા નારા ઉશ્કેરણીજનક નહોતા. તેમાં કોઈ ધાર્મિક કે પ્રાદેશિક રંગ નહોતો. કોઈ પણ પ્રકારની તોડફોડ કે લોકોને ડરાવવાના કોઈ પુરાવા મળ્યા નથી. કોર્ટે એ પણ જણાવ્યું કે પ્રદર્શન કરનારાઓને સુરક્ષા સાથે બહાર લઈ જવામાં આવ્યા હતા.

કોર્ટે કહ્યું- આઝાદી એક અધિકાર છે અને જેલ ફક્ત ખાસ પરિસ્થિતિમાં જ હોવી જોઈએ. જો ટ્રાયલ પહેલાં કોઈને જરૂરી કારણ વગર જેલમાં રાખવામાં આવે તો તે સજા નક્કી થયા વિના જ સજા આપવા જેવું થશે.

પટિયાલા હાઉસ કોર્ટના ન્યાયિક મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) રવિએ કૃષ્ણ હરિ, નરસિંહ યાદવ, કુંદન કુમાર યાદવ, અજય કુમાર સિંહ, જિતેન્દ્ર સિંહ યાદવ, રાજા ગુર્જર, અજય કુમાર વિમલ ઉર્ફે બંટુ, સૌરભ સિંહ અને અરબાઝ ખાનની જામીન અરજીઓ પર સુનાવણી કર્યા બાદ આ આદેશ પસાર કર્યો.

દિલ્હી પોલીસે જણાવ્યું કે આરોપીઓ, જેઓ ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ છે, 20 ફેબ્રુઆરીના રોજ AI સમિટના સ્થળે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ફોટાવાળી સફેદ ટી-શર્ટ પહેરીને અથવા હાથમાં લઈને પહોંચ્યા હતા. આ ટી-શર્ટ્સ પર ઈન્ડિયા-યુએસ ટ્રેડ ડીલ, એપસ્ટીન ફાઈલ્સ અને પીએમ ઈઝ કમ્પ્રમાઈઝ્ડ જેવા નારા લખેલા હતા.

પોલીસે આરોપ લગાવ્યો કે ત્યાં આંતરરાષ્ટ્રીય મીડિયા હાજર હતી અને તે દરમિયાન સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. જ્યારે પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે પોલીસકર્મીઓ સાથે ધક્કામુક્કી થઈ, જેના કારણે કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા. પોલીસનું કહેવું છે કે તેના મેડિકલ પુરાવા પણ ઉપલબ્ધ છે.

જામીનની માંગનો વિરોધ કરતા, બંધારણ શાંતિપૂર્ણ પ્રદર્શનનો અધિકાર આપે છે, પરંતુ તે કેટલીક શરતો સાથે આવે છે.

દિલ્હી સ્થિત ભારત મંડપમમાં ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓએ 20 ફેબ્રુઆરીએ AI સમિટ 2026માં ભારત-અમેરિકા ટ્રેડ ડીલ વિરુદ્ધ પ્રદર્શન કર્યું. કાર્યકર્તાઓએ ટી-શર્ટ ઉતારીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ 'PM ઈઝ કોમ્પ્રોમાઈઝ્ડ'ના નારા લગાવ્યા.

ટી-શર્ટ પર PM મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોટો હતો. તેના પર લખ્યું હતું- PM ઈઝ કોમ્પ્રોમાઈઝ્ડ.

દિલ્હી પોલીસે તેમની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની ગંભીર કલમો હેઠળ FIR નોંધી હતી, જેમાં ગુનાહિત ષડયંત્ર, સરકારી કર્મચારીને ઈજા પહોંચાડવી, તેમના પર હુમલો કરવો અને કામમાં અવરોધ ઉભો કરવો સહિતના અનેક ગંભીર આરોપોનો સમાવેશ થાય છે.

ઈન્ડિયન યુથ કોંગ્રેસ (IYC)ના પ્રમુખ, ઉદય ભાનુ છિબ, અને પૂર્વ રાષ્ટ્રીય પ્રવક્તા, ભૂદેવ શર્માની આ મામલે 23 ફેબ્રુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં બંનેને દિલ્હીની એક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા અને પૂછપરછ માટે પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા.

# ખામેનેઈના મૃત્યુ બાદ મિડલ ઈસ્ટ યુદ્ધમાં હિઝબુલ્લાહની એન્ટ્રી! ઈઝરાયલ ધુંઆપુંઆ



**તહેરાન, તા.02**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે એક ભયાનક વળાંક પર પહોંચ્યું છે. આયતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ એવું માનવામાં આવતું હતું કે ઈરાન નબળું પડશે, પરંતુ હવે ઈરાનના સૌથી શક્તિશાળી સાથી 'હિઝબુલ્લાહ'ની એન્ટ્રીએ સમગ્ર મધ્ય પૂર્વમાં ખળભળાટ મચાવી દીધો છે. મધ્ય પૂર્વમાં તણાવ હવે તેની ચરમસીમાએ છે. અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ પણ જંગ અટકવાનું નામ નથી લઈ રહી. અત્યાર સુધી શાંત બેઠેલું લેબેનૉનનું સંગઠન 'હિઝબુલ્લાહ' હવે મેદાનમાં ઉતર્યું છે. જે હિઝબુલ્લાહને ખામેનેઈએ વર્ષો સુધી હથિયારો, પૈસા અને ટ્રેનિંગ આપીને મજબૂત બનાવ્યું હતું, તેણે હવે ઈઝરાયલ પર રોકેટ મારો શરુ કરીને યુદ્ધમાં સત્તાવાર એન્ટ્રી કરી દીધી છે. ઈઝરાયલની સેના(IDF) એ પુષ્ટિ કરી છે કે આજે વહેલી સવારે લેબેનૉન તરફથી ઈઝરાયલના હાઈફા શહેર પર છ રોકેટ ઝીંકવામાં આવ્યા હતા. આ હુમલાએ ઈઝરાયલને ચોંકાવી દીધું છે, કારણ કે 2024ના સીઝફાયર બાદ લેબેનૉન તરફથી થયેલો આ પહેલો મોટો હુમલો છે. જોકે ઈઝરાયલે આ રોકેટને હવામાં જ તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે, પરંતુ હવે ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન ઉપરાંત લેબેનૉન સરહદે પણ સાવધ રહેવું પડશે. દુનિયાભરમાં એ સવાલ પૂછાઈ રહ્યો હતો કે જ્યારે ઈરાન પર આટલા મોટા હુમલા થઈ રહ્યા છે ત્યારે તેનું અઘોષિત સૈન્ય ગણાતું હિઝબુલ્લાહ કેમ મૌન છે? નિષ્ણાતોના મતે, 2024માં ઈઝરાયલ સામેના જંગમાં હિઝબુલ્લાહ નબળું પડ્યું હતું, પરંતુ હવે ખામેનેઈના મોત અને ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સના દબાણ બાદ તે ફરી સક્રિય થયું છે. ઈરાન અને હિઝબુલ્લાહ હવે સાથે મળીને અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છે. હિઝબુલ્લાહના જોડાવાથી આ જંગ હવે માત્ર બે દેશો પૂરતી સીમિત રહી નથી. ઈરાને પણ તેલ અવીવ અને મધ્ય પૂર્વમાં આવેલા અમેરિકાના એરબેઝ પર મિસાઈલ હુમલા કર્યા છે. અમેરિકાએ પ્રથમવાર સ્વીકાર્યું છે કે આ હુમલામાં તેના ત્રણ સૈનિકો માર્યા ગયા છે. બીજી તરફ, ઈઝરાયલ અને અમેરિકાએ પણ ઈરાનમાં ભારે તબાહી મચાવી છે. હોળીના તહેવાર વચ્ચે દુનિયા બોમ્બ અને મિસાઈલની 'વિનાશક દિવાળી' જોઈ રહી છે.

# અમેરિકા પર હુમલા કરવાનો ઈરાનનો કોઈ પ્લાન જ નહોતો : પેન્ટાગોને ટ્રમ્પના દાવાઓની પોલ ખોલી!



**તહેરાન, તા.02**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલના યુદ્ધ વચ્ચે એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે જેણે ખુદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પોલ ખોલી નાખી છે. રોયટર્સના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાનનો અમેરિકા પર પહેલા હુમલો કરવાનો કોઈ પ્લાન જ નહોતો.

અહેવાલ મુજબ, પેન્ટાગોન દ્વારા યુએસ કોંગ્રેસને આપવામાં આવેલી જાણકારીમાં ઈરાન અંગે કેટલીક મહત્ત્વની સ્પષ્ટતાઓ કરવામાં આવી છે. ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓએ યુએસ કોંગ્રેસને જણાવ્યું છે કે, આયતુલ્લા અલી ખામેનેઈને મારવા માટે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હુમલા પહેલા ઈરાન અમેરિકા પર હુમલો કરવાનું હતું તેવા કોઈ સંકેતો મળ્યા નથી.

પેન્ટાગોનના અધિકારીઓએ બંધબારણે થયેલી બ્રીફિંગમાં સ્વીકાર્યું હતું કે, ઈરાનની બેલેસ્ટિક મિસાઈલો અને પ્રોક્સી દળો અમેરિકાના હિત માટે મોટું જોખમ જરૂર હતા, પરંતુ તેહરાન પહેલા હુમલો કરવાનું છે તેવી કોઈ ઈન્ટેલિજન્સ માહિતી તેમની પાસે નહોતી.

આ અહેવાલ ટ્રમ્પ વહીવટીતંત્રના તે અગાઉના દાવાઓ પર શંકા પેદા કરે છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેહરાન અમેરિકી દળો પર વહેલા તે પહેલાના ધોરણે (Preemptively) હુમલો કરી શકે છે.

# મિડલ ઈસ્ટમાં ભીષણ યુદ્ધ વચ્ચે ટ્રમ્પનો 'વાતચીત'નો પ્રસ્તાવ ઈરાને ફગાવ્યો, કહ્યું - ક્યારેય નહીં...



**તહેરાન, તા.02**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની વચ્ચે રાજદ્વારી મોરચે પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રીય સુરક્ષા વડા અલી લારીજાની વચ્ચે વાટાઘાટોને લઈને વિરોધાભાસી નિવેદનો સામે આવ્યા છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે ઈરાનનું નવું નેતૃત્વ તેમની સાથે વાતચીત કરવા ઈચ્છે છે અને તેઓ પણ આ માટે સહમત થયા છે. જોકે, ઈરાનના રાષ્ટ્રીય સુરક્ષા વડા અલી લારીજાનીએ સોમવારે સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, 'અમે અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાટાઘાટો કરીશું નહીં.' લારીજાનીનું આ નિવેદન ટ્રમ્પના દાવાને સીધેસીધું નકારે છે અને બંને દેશો વચ્ચેની તિરાડ વધુ સ્પષ્ટ કરે છે.

ફ્લોરિડા સ્થિત પોતાના નિવાસસ્થાનેથી 'ધ એટલાન્ટિક' મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનના નેતાઓએ વહેલી તકે સંપર્ક કરવો જોઈતો હતો. તેમણે ઉમેર્યું કે, 'તેઓ હવે વાત કરવા માંગે છે અને હું પણ તૈયાર છું, પરંતુ તેમણે આ કામ ઘણું વહેલું કરી લેવું જોઈતું હતું. તેઓએ ઘણો લાંબો સમય રાહ જોઈ છે અને હવે રમત તેમના માટે અઘરી બની ગઈ છે.' ટ્રમ્પે એવો પણ ઉલ્લેખ કર્યો કે અગાઉ વાટાઘાટોમાં સામેલ ઘણા લોકો હવે હયાત નથી, જે ઈરાન પરના તાજેતરના સૈન્ય હુમલાઓ તરફ ઈશારો કરે છે. સૈન્ય કાર્યવાહી અંગે વાત કરતાં ટ્રમ્પે જણાવ્યું કે આ સંઘર્ષ હજુ 4થી 5 અઠવાડિયા સુધી ચાલી શકે છે.

# 'ખામેનેઈએ મને 2 વખત મારવા પ્રયાસ કર્યો...' ટ્રમ્પે જણાવ્યું ઈરાન પર હુમલો કરવાનું કારણ



**વૉશિંગ્ટન, તા.02**

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે (US President Donald Trump) દાવો કર્યો છે કે, ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈ (Ali Hosseini Khamenei) હવે જીવિત નથી. 'ધ સ્પેક્ટેટર ઈન્ડેક્સ'ના અહેવાલ અનુસાર, ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું છે કે, 'તે (ખામેનેઈ) મને મારી નાખે તે પહેલા જ મેં તેને ઠાર કર્યો છે. તેણે બે વાર પ્રયાસ કર્યો હતો, પરંતુ મેં તેને પહેલા જ ખતમ કરી દીધો.'

ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, છેલ્લા 36 કલાકથી સંયુક્ત રાજ્ય અમેરિકા અને તેના સહયોગી દેશો 'ઓપરેશન એપિક ફ્યુરી' ચલાવી રહ્યા છે. આ સૈન્ય કાર્યવાહી હેઠળ ઈરાનમાં રિવોલ્યુશનરી ગાર્ડ્સના મથકો અને ઈરાની એર ડિફેન્સ સિસ્ટમ સહિત સેંકડો ઠેકાણાઓ પર બોમ્બમારો કરવામાં આવ્યો છે. આ હુમલામાં ઈરાનના નવ નૌકાદળના જહાજો અને તેમના નેવલ બિલ્ડિંગને પણ નષ્ટ કરી દેવાયા છે. ટ્રમ્પના મતે, ઈરાનની સમગ્ર સૈન્ય કમાન હવે લગભગ સમાપ્ત થઈ ચૂકી છે અને ઘણા સૈનિકો જીવ બચાવવા આત્મસમર્પણ કરી રહ્યા છે.

ઈરાની સૈન્યને સીધી ચેતવણી આપતા ટ્રમ્પે કહ્યું હતું કે, 'હું રિવોલ્યુશનરી ગાર્ડ, ઈરાની સેના અને પોલીસને વિનંતી કરું છું કે તેઓ પોતાના હથિયાર હેઠા મૂકી દે અને સુરક્ષા મેળવે, અન્યથા તેઓ નિશ્ચિત મૃત્યુનો સામનો કરવા તૈયાર રહે.' તેમણે વધુમાં ઉમેર્યું કે છેલ્લા 50 વર્ષોથી આ કટ્ટરપંથી શાસન 'અમેરિકા મુર્દાબાદ' અને 'ઈઝરાયેલ મુર્દાબાદ'ના નારા લગાવી રહ્યું છે, જે હવે સહન કરવામાં આવશે નહીં.

ટ્રમ્પે એવું પણ કહ્યું કે, 'હું સ્વતંત્રા મેળવવા માટે તરસી રહેલા તમામ ઈરાની દેશભક્તોને આહવાહન કરું છું કે, તેઓ આ તકનો લાભ ઉઠાવે, બહાદુર બને, સાહસી બને, વીર બને અને પોતાનો દેશ પરત લે. અમેરિકા તમારી સાથે જ છે. મેં તમને એક વચન આપ્યું હતું, જે મેં પુરુ કર્યું છે. અમેરિકાના તમામ લક્ષ્યો પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી આ સૈન્ય અભિયાન પૂરી તાકાત સાથે ચાલુ રહેશે. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ અમેરિકાને પરમાણુ હથિયારોથી સજ્જ શાસનથી સુરક્ષિત કરવાનો છે.'

## તંત્રી લેખ

# અમેરિકાની ટેરિફ નીતિ: રોલર કોસ્ટર રાઈડ માટે ભારતે તૈયાર રહેવું પડશે

ઈન્ટરનેશનલ ઈમરજંસી ઈકોનોમિક પાવર્સ એક્ટ (આઈઈઈપીએ) હેઠળ ૨જી એપ્રિલ, ૨૦૨૫ના રોજ લાગુ કરેલ રેસિપ્રોકલ ટેરિફ રદબાતલ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આવેલા પ્રત્યાઘાતમાં ગુસ્સો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદાની તેમણે ટીકા કરી હતી. (તેમણે કરેલી ટીકા જેવી ટીકા જો ભારતમાં થાય તો ટીકા કરનાર સામે તુરંતજ સુપ્રીમ કોર્ટના અનાદરનો કેસ થઈ જાય) પરંતુ અમેરિકામાં બંધારણના પ્રથમ સુધારા મારફત વાણી સ્વતંત્રતાની બાંયધરી અપાયેલી છે અને ન્યાયમૂર્તિઓ શાંત રહ્યા હતા. ભારતને સંબંધ છે ત્યાંસુધી ચુકાદા બાદ, દરેક માલસામાન પર ૧૦ ટકા ટેરિફ છે. (૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના જાહેર કરાયેલ ૧૮ ટકાને બદલે). ટ્રેડ એક્સપાન્સન એક્ટની કલમ ૨૩૨ હેઠળ સ્ટીલ, એલ્યુમિનિયમ, સેમી-કન્ડકટર્સ તથા ચોક્કસ પ્રકારના ઓટો કમ્પોનેન્ટસ પર ૫૦ ટકા ટેરિફ છે. આ ટેરિફ હજુપણ ઘણાં ઊંચા છે અને નિકાસ પર અસર કરી શકે છે. ચુકાદા બાદ પોતે સ્થિતિનો અંદાજ મેળવી રહ્યાનું ભારત સરકારે સ્પષ્ટ કર્યું હતું. જો કે ચુકાદા બાદ અંતિમ કરારના માળખાને તૈયાર કરવા અને તેના પર સહીસિક્કા કરવા માટેની વાટાઘાટ મુલત્વી રાખવા બન્ને દેશો તુરંત જ સહમત થયા હતો. જો કે હવે પછીની તારીખ નિશ્ચિત કરાઈ નહોતી. દરમિયાન અમેરિકન કોંગ્રેસમાંથી અસંખ્ય અવાજો ઉઠી રહ્યા છે. અમેરિકન સુપ્રીમ કોર્ટે જ્યાંસુધી દરમિયાનગીરી કરી નહોતી અને આઈઈઈપીએ ટેરિફ રદ કર્યા નહોતા ત્યાંસુધી ટેકસેસનની સત્તાના એક્ઝિક્યૂટિવ ઉપયોગ સામે કોંગ્રેસ અસહાય હતી. ચુકાદા પછી પણ, કોંગ્રેસ અસહાય છે, કારણ કે, ટ્રમ્પ અધિકાર મેળવવા કોંગ્રેસ પાસે જવાના નથી. તેઓ માને છે કે તેમને કોંગ્રેસે અગાઉ જ સત્તા આપી દીધી છે. આ ઉપરાંત સદર રેસિપ્રોકલ ટેરિફ દરો ટકી રહે તેવા અનેક કાયદાઓ કાનૂનપોથીમાં મોજુદ છે. ચુકાદા બાદ ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા ટેરિફ સામે ફરિયાદ થઈ શકે છે એમ અનેક નિષ્ણાતો માની રહ્યા છે. અમેરિકા સાથે તાજેતરમાં જ વેપાર કરાર કરી ચૂકેલા વેપાર ભાગીદાર દેશો (મોટાભાગના કરાર રેસિપ્રોકલ ટેરિફથી બચવા થયા છે) પણ અસહાય છે. ૨ ફેબ્રુઆરીના રોજ સંયુક્ત નિવેદન પર સહી કરનાર ભારત પણ અસહાય છે. અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ , જેમીસન ગ્રીરે અન્ય દેશોને જણાવ્યું છે કે કોઈએ પણ મારી મુલાકાત લીધી નથી અને પોતાનો દેશ થયેલા કરારમાંથી પીછેહઠ કરવા માગે છે તેવું જણાવ્યું નથી. હકીકતમાં ગ્રીરે એવું પણ પ્રમાણપત્ર આપી દીધું છે કે, જે દેશોએ અમેરિકા સાથે વેપાર કરાર કર્યા છે તે દરેક ગુડ બોયસ છે અને તેઓ ગુડ બોયસ બનીને રહે તેવી અપેક્ષા રાખી છે. બીજી બાજુ ટ્રમ્પે બે વખત એવી ચેતવણી ઉચ્ચારી છે કે, કોઈપણ દેશ જો કરારમાંથી પીછેહઠ કરશે તો તેણે સખત ટેરિફનો સામનો કરવાનો રહેશે. એટલે કે જો ગુડ બોયસ, બેડ બોયસ બની જશે તો, તેમણે પરિણામનો સામનો કરવો પડશે. આ ચેતવણીને હળવેકથી લઈ શકાય નહીં કારણ કે, ટ્રમ્પ તેમની ઈચ્છા અને પૂર્વગ્રહ સાથે કામ કરે છે. તેઓ ટેરિફને માત્ર ટેક્સ તરીકે જ નહીં પણ શસ્ત્રો તરીકે પણ જુએ છે. મરારાકેશ એગ્રીમેન્ટને આભારે અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનની રચનાને કારણે વિશ્વના દેશો નિયમ આધારિત વેપાર પદ્ધતિ અનુસરવા બંધાયેલા છે. અસહમતિ અને વિવાદો થાય છે, પરંતુ વિવાદનો ઉકેલ લાવવા વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન મંચ પૂરું પાડે છે. ૧ જાન્યુઆરી, ૧૯૯૫થી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશને વિશ્વ વેપારના અભૂતપૂર્વ વિસ્તરણની શરૂઆત કરી છે. આ બધુ ટ્રમ્પને કારણે અનિશ્ચિતતામાં ફેરવાઈ ગયું છે. સખત રેસિપ્રોકલ ટેરિફના ભય હેઠળ અનેક દેશોએ અમેરિકા સાથે વેપાર કરાર કરી નાખ્યા છે અને બાંયધરીઓ આપીને ટેરિફમાં આંશિક રાહતો મેળવી લીધી છે. રેસિપ્રોકલ ટેરિફ હાલમાં રદ થયા છે ખરા પરંતુ અન્ય કાયદાઓ અને આદેશો મારફત સમાન ટેરિફો પાછા લાવી દેવાયા છે. આમ જે દેશોએ ટેરિફમાં રાહતો મેળવી હતી તે હવે રહી નથી પરંતુ તેમણે આપેલી બાંયધરીઓ જૈસે થે છે.

**કાશ્મીરમાં આતંકવાદમાં વધારો કરવો કે પછી અફઘાનિસ્તાન સાથે સીધી જ ટક્કર લેવી, આ રણનીતિ મુનીરને ફળી છે. વર્તમાન સમયમાં એવું લાગી રહ્યું છે કે, શાહબાઝ શરીફની સરકાર માત્ર એક રબરસ્ટેમ્પ જેવી બની ગઈ છે. પાકિસ્તાનમાં મુનીરનું જ વર્ચસ્વ છે: પાકિસ્તાન દ્વારા ઓપરેશન ગઝબ-લિલ-હક શરૂ કરવામાં આવ્યું હતું. કાબુલ, કંદહાર અને પક્તિયા જેવા મહત્ત્વના વિસ્તારોમાં આવેલા અફઘાનિ સૈન્યના ઠેકાણા ઉપર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. બીજી તરફ તાલિબાનોના સરકારી પ્રવક્તા જબીઉલ્લા મુજાહિદે દાવો કર્યો છે કે, તેમણે પાકિસ્તાનની 19 ચેકપોસ્ટ નષ્ટ કરી દીધી છે અને 50થી વધારે પાકિસ્તાની સૈનિકોનો ખાતમો બોલાવી દીધો છે**

# યુદ્ધને પગલે પાકિસ્તાનમાં ફરી મિલિટરી રાજ આવવાના પડઘમ

## અફઘાનિસ્તાનના હુમલા બાદ શાહબાઝ સરકાર પાકિસ્તાની સેનાને શરણે, મુનિર સત્તા હાથમાં લેવા અને ગૃહયુદ્ધ અટકાવવા યુદ્ધ કરતા હોવાના આરોપો



પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે. તેના કારણે ફરી એક વખત દક્ષિણ એશિયાનું વાતાવરણ તંગ બન્યું છે. તાલિબાનો દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલાના જવાબમાં પાકિસ્તાન દ્વારા વ્યાપક હુમલો કરાયો છે. તેના કારણે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બંને તરફ ઘણા લોકોનાં મોત થયા છે. જાણકારો માને છે કે, આ સંઘર્ષ પાછળ હકિકતે ગ્લોબલ પોલિટિક્સ નહીં પણ પાકિસ્તાનનું જ રાજકીય ષડયંત્ર હોય તેમ લાગે છે. તેઓ કહે છે કે, આ હુમલા અને બચાવી જવાબ દરમિયાન એક બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે, પાકિસ્તાન હવે સિક્યોરિટી સ્ટેટ બની ગયું છે. ત્યાં લોકશાહી માટે કોઈ સ્થાન નથી. પાકિસ્તાનમાં ધીમે ધીમે સત્તાનું કેન્દ્ર મિલિટરી બની રહી છે અને હવે બંદૂકો અને તોપ દ્વારા જ પાડોશીઓ સાથે વ્યવહાર કરવામાં આવે તેવું દેખાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, શુક્રવારે પરોઢીયે પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનના ઘણા વિસ્તારો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનના અનેક વિસ્તારોને ટાર્ગેટ કરવા સાથે ઓપરેશન ગઝબ-લિલ-હક શરૂ કરવામાં આવ્યું હતું. કાબુલ, કંદહાર અને પક્તિયા જેવા મહત્ત્વના વિસ્તારોમાં આવેલા અફઘાનિ સૈન્યના ઠેકાણા ઉપર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનનો દાવો હતો કે, અફઘાનિસ્તાન અને તાલિબાનો દ્વારા વારંવાર પરેશાન કરવા અને ઉશ્કેરણી માટે જે ફાયરિંગ કરવામાં આવે છે તેનો આ જવાબ આપવામાં આવ્યો છે. બીજી તરફ તાલિબાનોના સરકારી પ્રવક્તા જબીઉલ્લા મુજાહિદે દાવો કર્યો છે કે, તેમણે પાકિસ્તાનની ૧૯ ચેકપોસ્ટ નષ્ટ કરી દીધી છે અને ૫૦થી વધારે પાકિસ્તાની સૈનિકોનો ખાતમો બોલાવી દીધો છે. આ યુદ્ધ છે કે, યુદ્ધની સ્થિતિ તે હજી સ્પષ્ટ નથી. તેમ છતાં એક બાબત સ્પષ્ટ છે કે, પાકિસ્તાનમાં રાજકીય સ્થિતિ ડામાડોળ છે અને તેના પગલે સરકાર દ્વારા આ હુમલા કરાવાઈ રહ્યા છે. ખાસ કરીને પાકિસ્તાની આર્મીના વડા આસિમ મુનીર સત્તાનું કેન્દ્ર પોતાના હાથમાં લેવા માગી રહ્યા હોવાની ચર્ચાએ વેગ પકડ્યું છે.

બીજી તરફ પાકિસ્તાને પણ કરેલા હુમલાના અહેવાલો સામે આવ્યા છે. તાલિબાન દ્વારા પણ પાકિસ્તાની હુમલાની પુષ્ટી કરવામાં આવી હતી. તાલિબાનીઓએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા કાયરતાપૂર્ણ હવાઈ હુમલા કરવામાં આવ્યા છે. તેના કારણે ઈમારતો અને અન્ય માળખાને નુકસાન થયું છે. તેના દ્વારા કોઈ જાનહાની થઈ નથી. બીજી તરફ પાકિસ્તાની મંત્રી મોહસિન નકવીએ દાવો કર્યો છે કે, પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૧૩૩ અફઘાની તાલિબાનોના મોત થયા છે. બીજી તરફ ૨૦૦થી વધારે તાલિબાનો ઈજાગ્રસ્ત થયા છે. નકવીએ કહ્યું કે પાકિસ્તાની હવાઈ હુમલામાં તાલિબાનોની ૨૭ પોસ્ટને નુકસાન થયું છે. મોટાભાગની ધ્વસ્ત થઈ ગઈ છે. તે ઉપરાંત દસથી વધારે તાલિબાનોને ઝડપી પાડવામાં આવ્યા છે.

જાણકારો માને છે કે, શાહબાઝ સરકાર નબળી પડી રહી છે. તે સત્તાનું સુકાન પોતાના હાથમાં રાખી શકવાની સ્થિતિમાં નથી. બીજી તરફ આસિમ મુનીરને સત્તા પોતાની પાસે જોઈએ છે. તેઓ તેના માટે દબાણ કરતા હતા. કેટલાક લોકો માને છે કે, આસિમ મુનિર પાસે સત્તા ત્યાં સુધી જ ટકવાની છે જ્યાં સુધી યુદ્ધનો માહોલ રહેવાનો છે. તેઓ પાકિસ્તાનને સતત યુદ્ધ વચ્ચે ફસાયેલું રાખશે. રાજકીય જાણકારનું માનવું, મુનીરે આ હુમલો કરાવીને, અફઘાનિસ્તાન વિરોધી વિચારણસણી ફેલાવીને પાકિસ્તાનની સત્તા પોતાના હાથમાં લેવા માગે છે. અફઘાનિસ્તાન ઉપર થયેલા હુમલા પણ ચીમકી જ છે કે, સત્તા હજી પણ મુનિરના હાથમાં જ છે. કાશ્મીરમાં આતંકવાદમાં વધારો કરવો કે પછી અફઘાનિસ્તાન સાથે સીધી જ ટક્કર લેવી, આ રણનીતિ મુનીરને ફળી છે. વર્તમાન સમયમાં એવું લાગી રહ્યું છે કે, શાહબાઝ શરીફની સરકાર માત્ર એક રબરસ્ટેમ્પ જેવી બની ગઈ છે. પાકિસ્તાનમાં મુનીરનું જ વર્ચસ્વ છે. બીજી તરફ એક વિચાર એવો પણ આવી રહ્યો છે જે પાકિસ્તાન માટે ચિંતાજનક છે. એવી ચર્ચા છે કે, પાકિસ્તાન હાલમાં પોતાના સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ પૂર્વી મોરચે ભારત સાથે તણાવ વધ્યો છે ત્યાં પશ્ચિમી સરહદે તાલિબાનીઓ દ્વારા હિંસા કરવામાં આવી રહી છે. તાલિબાનોએ ડૂરંડ લાઈન ઉપર પાકિસ્તાનના વર્ચસ્વને પડકાર્યું છે. મહત્ત્વની વાત એ છે કે, એક સમય હતો જ્યારે આઈએસઆઈ આ જ તાલિબાનો સાથે ઘરોબો ધરાવતા હતા. આઈએસઆઈના આકાઓ આ જ તાલિબાનોને તેમની રણનીતિ અને તેની તૈયારીઓના મહત્ત્વના અંગ માનતા હતા. હવે સ્થિતિ એ થઈ ગઈ છે કે, પશ્તૂન યુવાનો લાહોર અને રાવલપિંડીના પંજાબી નેતૃત્વ સામે બંડ પોકારી રહ્યા છે. તાલિબાનોના આ યુદ્ધને હવે અફઘાનિસ્તાનની એક રાષ્ટ્રવાદી શક્તિ તરીકે જોવામાં આવી રહ્યું છે. તાલિબાનોનો આ હુમલા થકી સ્પષ્ટ સંદેશ છે કે, તેઓ કોઈપણ હિસાબે પાકિસ્તાનના ઈશારે કામ કરશે નહીં.

એવું કહેવાય છે કે, પાકિસ્તાન દ્વારા ટીટીપી ઉપર અફઘાનિસ્તાનમાં શરણું લેવાનો આરોપ મુકવામાં આવતો હોય છે. વાસ્તવિકતા એવી છે કે, આ સુન્ની ઉગ્રવાદીઓને પાકિસ્તાનના જ ડીપ સ્ટેટ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે અને સજ્જ કરવામાં આવ્યા છે. હવે આ જ ટીટીપીના લડવૈયાઓ તેમના આકાઓની સામે પડયા છે. પાકિસ્તાન ભલે આધુનિક હથિયારો અને મિસાઈલ્સ વધારે ધરાવતું હોય પણ તાલિબાનો પાસે જમીની યુદ્ધનો અનુભવ ઘણો વધારે છે. તેઓ ૪૫ વર્ષથી સોવિયેત સંઘ અને અમેરિકા જેવા શક્તિશાળી રાષ્ટ્રો અને તેમની સૈન્ય તાકાતો સાથે સંઘર્ષમાં ઝીંક ઝીલતા આવ્યા છે. આ બંને મહાસત્તાઓ તેમણે અફઘાનિસ્તાનમાંથી ખદેડી કાઢી છે. આ સંજોગોમાં પાકિસ્તાન માટે આ યુદ્ધ વધારે પીડા આપનારું બની ગયું છે. આ યુદ્ધનો શિકાર પાકિસ્તાન પોતે જ બન્યું હોય તેમ લાગી રહ્યું છે.

જાણકારો માને છે કે, મુનિર સત્તા મેળવવા માટે આકરા થયા છે. તે સૈન્યને કૂચ કરવાના આદેશ આપી શકે છે. આ ઉપરાંત હાલમાં પણ અફઘાનિસ્તાન સાથે યુદ્ધ કરાવી રહ્યા છે અને તેનાથઈ કશું જ સાબિત થવાનું નથી. આ યુદ્ધની સ્થિતિથી પાકિસ્તાની સૈન્ય અધિકારીઓના પદમાં અને મુનીરની સત્તામાં કદાચ વધારો થઈ શકે પણ હકિકતે તો સામાન્ય માણસ અને પાકિસ્તાનના ભવિષ્યને ખૂબ જ ખરાબ અસર થઈ રહી છે. મુનીરના મિલિટરી રાજના સપાનાના ઉત્સાહ અને પાકિસ્તાની સેનાના આંધળુકિયાએ પાકિસ્તાનને યુદ્ધની ભઠ્ઠીમાં શેકાવા મુકી દીધું હોય તેમ લાગે છે. પશ્તૂનો સાથેના મતભેદ, આંતરિક જાતીય લડાઈઓ, વધારે ગંભીર થશે તે દેખાઈ રહ્યું છે. આગામી સમયમાં પાકિસ્તાની નાગરિકોને જ પાકિસ્તાનની સેનાની આ ભુલોની ભયાનક કિંમત ચુકવવાની આવશે.

જાણકારો માને છે કે, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે એકાએક યુદ્ધ શરૂ થયું નથી. છેલ્લાં ઘણા મહિનાઓથી આ બંને વચ્ચે ચાલી રહેલા સંઘર્ષનો જ એક ભાગ છે. ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં તાલિબાનો અને પાકિસ્તાની સૈનિકો વચ્ચે ગંભીર સ્થિતિ સર્જાઈ હતી અને સામાસામે ઘાતક હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલામાં ઘણા સૈનિકો, નાગરિકોનાં મોત થયા હતા. તે ઉપરાંત શંકાસ્પદ તાલિબાનોની ધરપકડ પણ કરાઈ હોવાના અહેવાલો છે. આ બંને દેશો દ્વારા સિઝફાયર માટે કરાર કરવામાં આવ્યા છે તેમ બંને છેડા દ્વારા હુમલામાં વધારો કરાયો છે. ગત નવેમ્બરમાં શાંતિ સમજૂતી માટે પણ ઘણા રાઉન્ડની વાતચીત કરવામાં આવી હતી.

આ તમામ મુલાકાતો નિષ્ફળ ગઈ હોવાના ખુલાસા થયા છે. પાકિસ્તાનનો સતત આરોપ છે કે, તાલિબાનો દ્વારા પાકિસ્તાન તાલિબાન જૂથ સાથે જોડાઈને પાકિસ્તાનમાં આતંકવાદ ફેલાવવાનું કામ કરે છે. મહત્ત્વની વાત એ છે કે, ટીટીપીનો ઉદય ૨૦૦૭માં થયો હતો. તેનું તાલિબાનો સાથે અફઘાનિસ્તાનમાં કોઈ ગાઢ જોડાણ નથી. તે પોતાની વિચારધારા પ્રમાણે કામ કરતું એક સામાજિક અને ભાષાકીય જોડાણ ધરાવતું અને વૈયક્તિક રીતે કામ કરતું જૂથ છે. પાકિસ્તાન માટે ટીટીપી પહેલેથી જ સમસ્યા ઊભી કરનાર જૂથ રહ્યું છે. અહેવાલો પ્રમાણે ૨૦૨૫માં જ ટીટીપી દ્વારા પાકિસ્તાનમાં ૧૦૦૦થી વધારે હિંસક હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાન દ્વારા ઘણા સમયથી તાલિબાની સરકાર ઉપર દોષારોપણ કરવામાં આવી રહ્યું છે કે, તેઓ ટીટીપીને દબાવી શકતા નથી. સૂત્રોના મતે અફઘાનિસ્તાન અને તાલિબાની સરકાર ખરેખર ટીટીપી સામે પગલાં લેવા માગતું નથી અથવા તો રસ દાખવતું નથી. બીજી તરફ એવું પણ કહેવાય છે કે, જો પાકિસ્તાનના કહેવામાં તાલિબાનો દ્વારા ટીટીપી સામે પગલાં લેવામાં આવે તો ટીટીપી પછી અફઘાનિસ્તાન માટે પણ જોખમ થઈ જાય. ત્યારબાદ ટીટીપી અફઘાનિસ્તાનમાં જ હિંસા ફેલાવવા લાગે તો તાલિબાની સરકારને વધારે ભારે પડી શકે તેમ છે. મૂળ વાત એટલી જ છે કે, તાલિબાનીઓ પોતાની સત્તા ટકાવવા ટીટીપીને કશું કરતા નથી. બીજી તરફ પાકિસ્તાનમાં મુનીર દ્વારા સત્તા મેળવવા અને ટકાવી રાખવા માટે કોઈપણ પગલાં લેવાઈ રહ્યા છે. મુનીર સમગ્ર દેશમાં આતંકવાદને રોકવાના નામે સૈન્ય કામગીરી કરાવીને સત્તાનું સુકાન પોતાના હાથમાં લેવા માગે છે. મુનીર પોતાની મેલી મથરાવટી ઘસવામાં સફળ રહ્યા તો આગામી સમયમાં પાકિસ્તાનમાં સૈન્ય રાજ હશે અને ભારત માટે પણ નવા ખતરા ઊભા થશે, જેમાં કોઈ નવાઈ નથી.

# મોદી પર ઓળઘોળ થઈને નેતન્યાહુ દુનિયાને શું બતાવે છે ?



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયલની મુલાકાતે ગયા ત્યારે એમના સત્કારથી માંડીને તેઓ પરત ફર્યા ત્યા સુધી ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુએ સતત એમની સાથે અતિ પ્રેમાળ વ્યવહાર કર્યો હતો. બંને નેતાઓના ટ્યુનીંગની નોંધ વિશ્વ આખામાં લેવાઈ છે. નેતન્યાહુએ વડાપ્રધાન મોદીને મિત્ર કરતા વધારે ભાઈ ગણાવ્યા હતા. વિશ્લેષકોનું માનવું છે કે નેતન્યાહુ જ્યારે સંસદમાં ભાષણ આપી રહ્યા હતા ત્યારે એવું બતાવવાની કોશિષ કરતા હતા કે, ભારત સાથે એમનો સંબંધ ફક્ત આપ-લેનો નથી. જ્યારે આજે વિશ્વના જીઓપોલીટીક્સમાં અનિશ્ચિત્તા છે ત્યારે નેતન્યાહુએ એવો મેસેજ આપવાની કોશિષ કરી હતી કે, ભારત સાથે ઈઝરાયલનો સંબંધ લાગણીનો પણ છે. એવો સંદેશો પણ આપવામાં આવ્યો હતો કે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભલે બદલાવ આવતો રહે, પરંતુ ભારત અને ઈઝરાયલ એકબીજાને પડખે ઉભા રહ્યા છે. ઓક્ટોબર મહિનામાં ઈઝરાયલમાં ચૂંટણી થવાની છે. નેતન્યાહુ એવું બતાવવા માંગતા હતા કે એમના નેતૃત્વમાં ઈઝરાયલ વિશ્વના બીજા દેશોથી અલગ નથી પડી ગયું.

લીકર સ્કેમ બાબતે આમ આદમી પાર્ટીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિત ઘણા નેતાઓ સામે કેસ દાખલ થયા હતા. દિલ્હીની કોર્ટે હવે સીબીઆઈને ઠપકો આપીને તમામને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટની આ જાહેરાત પછી વિરોધપક્ષના નેતાઓએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તામીલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલીનએ કહ્યું હતું કે, 'કેન્દ્રની ભાજપ સરકારે રાજકારણ માટે તપાસ એજન્સીઓની શાખ દાવ પર લગાડવી જોઈએ નહીં. થોડી તો શરમ રાખો' બિહારના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવએ આરોપ મૂક્યો હતો કે કેન્દ્ર સરકાર એજન્સીઓનો દુરઉપયોગ કરે છે. એમણે કહ્યું હતું કે, 'રાજકીય બદલો લેવા માટે વિરોધ પક્ષના નેતાઓ સામે ખોટા કેસ દાખલ કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે તપાસ એજન્સીઓનો દુરઉપયોગ કરે છે.' તૃણમુલ કોંગ્રેસના સાંસદ મોહવા મૌઈત્રાએ સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે સત્યમેવ જયતે. ભાજપએ હવે સુધરવું જોઈએ.

એનસીપી (અજીત પવાર)ના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અજીત પવારના અકાળે થયેલા અવસાન પછી એવી શંકા હતી કે એનસીપી (અજીત પવાર) વેરવિખેર થઈ જશે. જોકે પ્રફુલ પટેલ સહિત એનસીપીના સિનિયર નેતાઓએ પરિવારવાદની ટીકાનો સામનો કરીને પણ અજીત પવારના પત્ની સુનેત્રા પવારને મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી બનાવ્યા હતા. હવે સુનેત્રા પવારને જ એનસીપી (અજીત પવાર)ના રાષ્ટ્રીય પ્રમુખ બનાવવામાં આવ્યા છે. મુંબઈના વરલી ડોમમાં મળેલી હાઈપ્રોફાઈલ મીટીંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રફુલ પટેલએ એમના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો અને કહ્યું હતું કે, હમણાના વાતાવરણમાં પક્ષને એક રાખવા સંવેદનશીલ નેતૃત્વની આવશ્યકતા છે કે જેનાથી કાર્યકર્તાઓ એક રહી શકે. અજીત પવારના પુત્ર પાર્થ પવારને એનસીપી રાજ્ય સભામાં મોકલશે એ પણ નક્કી થઈ ગયું છે.

કોઈપણ કોર્ટમાં રજીસ્ટ્રી ખુબ મહત્વની ગણાય છે. કેસના નંબર ઉપરાંત કેસ કઈ બેન્ચ સમક્ષ મુકવો એ સત્તા પણ રજીસ્ટાર પાસે હોય છે. હવે સુપ્રિમ કોર્ટમાં એક કિસ્સામાં બહાર આવેલી વિગતો પછી સીજેઆઇ સૂર્યકાંત નારાજ થઈ ગયા છે. એમણે કહ્યું હતું કે સુપ્રિમ કોર્ટે રજીસ્ટ્રીના કામકાજની તપાસ કરવામાં આવે. રજીસ્ટ્રીના કેટલાક અધિકારીઓ પોતાની મરજી મુજબ કામ કરી રહ્યા છે. સીજેઆઈએ કહ્યું હતું કે એમને જાણીને આશ્ચર્ય થયું કે, ત્રણ જજોની બેન્ચે ફગાવી દીધેલી એક અરજી પાછળથી બીજી બેન્ચ સમક્ષ મૂકવામાં આવી હતી. સીજેઆઈએ કહ્યું હતું કે, 'રજીસ્ટ્રીમાં કેટલાક અધિકારીઓ એવા છે કે જે છેલ્લા ૨૦-૩૦ વર્ષોથી એક જ જગ્યાએ છે. તેઓ માને છે કે અમે (જજો) કામચલાઉ છીએ જ્યારે તેઓ સ્થાયી છે. તેઓ એમ માને છે કે બધુ એમની મરજી પ્રમાણે થવું જોઈએ. જો હું આ પદ્ધતિ સુધારીશ નહીં તો મે મારી ફરજ યોગ્ય રીતે નિભાવી નથી એમ કહેવાશે.'

રાજ્યસભાની ચાર બેઠકો માટે ઓડીશામાં ચૂંટણી થવાની છે. ચૂંટણીની જાહેરાત થતા જ રાજકીય ગરમી વધી ગઈ છે. બીજુ જનતા દળ (બીજેડી)ના સાંસદ સસ્મિત પાત્રાએ એક સાથે છ નામાંકન પત્ર મેળવવાથી ઘણાને આશ્ચર્ય થયું છે. પક્ષની રણનીતિ બાબતે પણ ચર્ચા થઈ રહી છે. ૧૪૭ ધારાસભ્યોવાળી વિધાનસભા ના આંકડાની ગણતરી કરીએ તો બીજેડી એક બેઠક ચોક્કસ જીતશે. ભાજપની જીત બે બેઠકો પર નક્કી છે. ચોથી બેઠક માટે કોઈ પણ પક્ષ પાસે જરૂરી ૩૦ પસંદગીના મત નથી. ભાજપ પાસે ૭૯ ધારાસભ્ય છે અને એમને ૩ અપક્ષ ધારાસભ્યનો ટેકો છે. આમ કુલ ૮૨ ધારાસભ્યો ગણીએ તો ત્રીજી બેઠક જીતવા માટે જરૂરી આંકડા કરતા ૮ ઓછા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરનાર હેપ્ટાથલોન એથ્લેટ સ્વપના બર્મન તૃણમુલ કોંગ્રેસમાં જોડાયા છે. તોએ પક્ષના મુખ્ય કાર્યાલયમાં મંત્રી બ્રાત્ય બશુ અને ચંદ્રીમા ભટ્ટાચાર્યની હાજરીમાં તૃણમુલ કોંગ્રેસમાં જોડાયા હતા. બર્મનએ ૨૦૧૮ની એશિયાઇ રમતોત્સવમાં હેપ્ટાથલોન સુવર્ણચંદ્રક જીત્યો હતો. ૨૦૧૪ના એશિયાઇ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં પણ એમણે હેપ્ટાથલોનમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેઓ ઉત્તર બંગાળના રાજબોગશી સંપ્રદાયના છે. રાજ્ય વિધાનસભાની ચૂંટણી હવે નજીક છે ત્યારે તૃણમુલ કોંગ્રેસ માટે આ પગલું ફાયદાકારક રહેશે. રાજબોગશી સંપ્રદાયનું ખુબ મહત્વ છે. ઉત્તર બંગાળમાં એ મહત્ત્વની વોટબેંક ગણાય છે. ભાજપ અને તૃણમુલ કોંગ્રેસ બંને ઉત્તર બંગાળમાં રાજબોગશી સંપ્રદાયને પોતાની તરફ કરવાની કોશિષ કરે છે. કુચ બિહાર, જલપાઇ ગુડી, દાર્જીલીંગ, માલદા અને મુર્શીદાબાદ જિલ્લામાં આ સંપ્રદાયની વસ્તિ ઘણી છે.

કેરાલા સ્ટોરીની સફળતા પછી એના નિર્માતાઓએ કેરાલા સ્ટોરી-૨ બનાવી છે. ફિલ્મમાં લવજેહાદની વાત છે. ફિલ્મને કારણે સમાજમાં અશાંતિ ઉભી થવાના ડરનું કારણ આગળ કરીને ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની અરજી કેરળ હાઈકોર્ટમાં થઈ હતી. કેરળ હાઇકોર્ટના સિંગલ જજએ ફિલ્મ પર ૧૫ દિવસનો પ્રતિબંધ મૂક્યો હતો. હવે આ હુકમ સામે ફિલ્મના નિર્માતાઓએ કેરળ હાઇકોર્ટની બેન્ચ સામે અપીલ કરી છે. જસ્ટીસ સુશ્રુત અરવિંદ ધર્માધિકારી અને જસ્ટીસ પીબી બાલકૃષ્ણનની બેન્ચે કહ્યું હતું કે, ફિલ્મના સર્ટિફિકેશનને ચેલેન્જ કરનારી અરજી જાહેર હીતની અરજી હોય એવી લાગે છે. એમણે સવાલ કર્યો હતો કે સિંગલ જજએ કયા આધારે એનો સ્વિકાર કર્યો હતો. નિર્માતાઓએ સ્ટે ઓર્ડર મળ્યા પછીના થોડા કલાકોમાં જ અપીલ દાખલ કરી હતી. બેન્ચે રાત્રે ૮ વાગે સુનાવણી શરૂ કરી હતી. તત્કાળ રાહતની માંગણી કરતા નિર્માતાઓના વકીલે દલીલ કરી હતી કે, જો ફિલ્મની રિલિઝ સમયસર નહીં કરવામાં આવે તો પાયરસી રોકવી મુશ્કેલ થશે. ફિલ્મના પહેલા ભાગમાં સામાજીક ખામી બતાવવામાં આવી હતી એની જ આ સિક્વલ છે.

# હોળી ધુળેટીના રંગોત્સવ પર્વે, આરોગ્ય સાથે ચંદ્ર ગ્રહણ ખાખરા પલાશ કેસૂડાનું મહત્ત્વ જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય સંસ્કૃતિમાં વાર તહેવાર તિથિ નક્ષત્ર ચોઘડિયાનું આગવું મહત્ત્વ છે એમાંય જ્યારે વસંત ઋતુના વધામણાં થાય ત્યારે મન મોર બની થનગનાટ કરી ઉઠે છે. ફાગણ મહિનાની પૂનમ એટલે હોળી અને ફાગણ વદ એકમએ ધૂળેટી રંગોત્સવ આ તહેવારનું નામ લેતા જ કાને એક ધૂન ચોક્કસ અથડાય છે: "રંગ બરસે, ભીગે ચુનારવાલી, રંગ બરસે..."અમિતાભ બચ્ચન ના અવાજમાં ગવાયેલું આ ગીત માત્ર ફિલ્મી ગીત નથી રહ્યું,પણ હોળીની ઓળખ બની ગયું છે.

"સિલસિલા' ફિલ્મનું આ ગીત આજે પણ એટલું જ તાજું લાગે છે જેટલું તે દાયકાઓ પહેલાહતું આ ગીતના શબ્દોમાં હરિવંશ રાય બચ્ચનનો કાવ્યાત્મક સ્પર્શ છે. હોળીના તહેવારમાં જ્યારે ઢોલના ધબકારે આ ગીત વાગે છે,ત્યારે ઉંમરના બંધન તૂટીજાય છે અને સૌ કોઈ ઝૂમી ઉઠે છે. આ ગીત આપણને એ ઉત્સાહ ની યાદ અપાવે છે જે હોળીના પવિત્ર દિવસે હવામાં ફેલાયેલો હોય છે.

વસંતનું આગમન અને પ્રકૃતિના રંગ હોળી માત્ર રંગો ઉડાડવાનો દિવસ નથી,પણ તે પ્રકૃતિના પરિ વર્તનને વધાવવાનો ઉત્સવ છે. શિયાળાની વિદાય અને ઉનાળા ની શરૂઆત વચ્ચેનો આ સમય ગાળો પ્રકૃતિને સોળે કળાએ ખીલવે છે. કેસૂડાના ફૂલો જ્યારે ઝાડ પર લચે છે,ત્યારે એવું લાગે છે જાણે પ્રકૃતિ પોતે કેસરી રંગમાં રંગાઈને "રંગ બરસે" ગાઈ રહી છે. જૂના જમાનામાં કુદરતી રંગો અને કેસૂડાના પાણીથી હોળી રમાતી હતી,જે સ્વાસ્થ્ય માટે પણ ઉત્તમ ગણાતી.

હોળીના તહેવારની સૌથી મોટી વિશેષતા એ છેકે તેમાં "ભેદભાવ ગળી જાય છે.' હો રાજ મને લાગ્યો કેસુડાનો રંગ ત્યારે ચહેરાઓ ઓળખવા મુશ્કેલ બની જાય છે. ગરીબ-તવંગર, નાત-જાત કે ઊંચ -નીચના ભેદ ભૂલીને લોકો એક બીજાને ગળે મળે છે.આ તહેવાર હૃદયની કડવાશને ધોઈ નાખીને પ્રેમ અને ભાઈચારાના રંગો પૂરવાનું કામ કરે છે.

હોળીની ઉજવણી પાછળ ભક્ત પ્રહલાદ અને હોલિકાની કથા રહેલી છે.આ વાર્તા આપણને સમજાવે છે કે ગમે તેટલી શક્તિ શાળી હોય,પણ અનિષ્ટનો અંત નિશ્ચિત છે. 'હોલિકા દહન' એ આપણા મનની નકારાત્મકતા, ઈર્ષ્યા અને અહંકારને બાળી નાખવાનુંપ્રતીક છે.બીજા દિવસે રમાતી ધૂળેટી એ શુદ્ધ થયેલા મનથી નવું જીવન શરૂ કરવાનો આનંદ છે.

આધુનિક હોળી અને બદલાતા પ્રવાહ સમયની સાથે હોળીની ઉજવણીની રીત બદલાઈ છે. આજે કેમિકલયુક્ત રંગોને બદલે ફરી લોકો 'ઈકો-ફ્રેન્ડલી' હોળી તરફ વળ્યા છે.પાણીનો બચાવ એ આજના સમયની માંગ છે. "રંગ બરસે" ના સૂર વચ્ચે જો આપણે પર્યાવરણનું ધ્યાન રાખીએ, તો જ આ ઉત્સવ ખરા અર્થમાં સાર્થક ગણાશે.સૂકા ગુલાલથી રમાતી હોળી કે ફૂલો ની હોળી પણ હવે ખૂબ લોક પ્રિય બનીછે. પરંપરા અને વાનગી ઓનો લહાવો કોઈપણ ભારતીય તહેવાર વાનગી વગર અધૂરો છે. હોળીમાં ખાંડના બનાવેલા કલા ત્મક હરડા,'ધાણી-ખજૂર ચણા ખારેક ટોપરું સાથે કેસુડાના રંગના છાંટણા હો રાજ મને લાગ્યો કેસુડાનો રંગ ગીત હૃદય મનમાં ગુંજી ઊઠે 'ઠંડાઈ' નો આનંદ અનેરો હોય છે. પરિવારના સભ્યો સાથે મળીને જ્યારે આ વાનગીઓનો આસ્વાદ માણે છે,ત્યારે ઉત્સવ ની મજા બમણી થઈ જાય છે. હોળીના ગીતો, ઢોલના નાદ અને આ મીઠી વાનગીઓ મળીને એક અદ્ભુત માહોલ બનાવે છે.

નિષ્કર્ષ"રંગ બરસે" એ માત્ર શબ્દો નથી, પણ એક લાગણી છે. આ ગીત આપણને શીખવે છે કે જીવનમાં ગમે તેવી મુશ્કેલીઓ હોય,પણ ઉત્સાહના રંગો ક્યારેય ફિક્કા ન પડવા જોઈએ. હોળી આપણને ક્ષમા આપતા અને નવેસરથી સંબંધો બાંધતા શીખવે છે.

આ વર્ષે જ્યારે તમે હોળી રમો, ત્યારે માત્ર ચહેરા પર રંગ ન લગાડતા,પણ કોઈના જીવનમાં ખુશીઓના રંગ પૂરવાનો પ્રયત્ન કરજો. સાવચેતી સાથે, પ્રેમથી અને પર્યાવરણનું જતન કરીને ઉજવેલી હોળી જ સાચી હોળી છે.ભારત ઉત્સવ પ્રિય દેશ છે. ફાગણ સુદ પૂનમના દિવસે હોળીનો ઉત્સવ ઉજવવામાં આવે છે.આ દિવસ ધાર્મિકતા સાથે સાથે વિજ્ઞાન સાથે પણ સંકળાયેલ છે.માગશર માસ પુરો થાય ત્યારે સામાન્ય ઠંડી સાથે સામાન્ય ગરમીની શરૂઆત થાય છે.આમ બે ઋતુઓનો અનુભવ થાય છે.આ બેઋતુઓનીમાણસ ના શરીર પર અસર પડે છે.આ સમયે શરદી,કફ,ઉધરસનુંપ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

હોળીનો તહેવાર હોલીકા દહન સાથે ઉજવવામાં આવે છે. ભક્તપ્રહલાદનો ભગવાન બચાવ કરે છે,એટલે ભગવાનના ભક્ત ની રક્ષા ભગવાન કરે છે જ. હોલીકાને વરદાન મળેલ કે, એ અગ્નિમાં સલામત રહેશે. ભક્ત પ્રહલાદના પિતા હિરણ્યકશિપુ રાક્ષસ કુળના હતા.ભક્ત પ્રહલાદ નારાયણ ના ભક્ત હતા માટે એમના પિતા ને કોઈ જ લાગણી નહોતી.ભક્ત પ્રહલાદને મારી નાખવા ઘણા પ્રયત્નો કર્યા હતા. છતાં ભક્ત પ્રહલાદને ભગવાન બચાવી લેતા હતા. હિરણ્યકશિપુએ એમની બહેન હોલીકાને પ્રહલાદને ખોળામાં બેસાડી હોળી પ્રગટાવવાની વ્યૂહરચના ગોઠવી. હોલીકાને વરદાન મળેલ એટલે વિશ્વાસ હતો કે, હોલીકા બચી જશે અને ભક્ત પ્રહલાદ હોળી દહનમાં બળીને ભસ્મ થઈ જશે. એ મુજબની વ્યૂહરચના ગોઠવી હોલીકા ભક્તપ્રહલાદનેખોળામાં લઈને હોળીમાં ગોઠવવામાં આવેલા લાકડાના ઢગલા પર બેસે છે.હોળી દહન કરવામાં આવે છે. નગરજનો સૌ પ્રાર્થના કરતા હોય છે કે,ભક્ત પ્રહલાદ બચી જાય.જોત જોતામાં હોળીની જ્વાળાઓ આકાશમાં ઉંચે ઉંચે સુધી પહોંચે છે.સૌ નગરજનો ચિંતિત હોય છે. ધીમે ધીમે અગ્નિ શાંત પડે છે.સૌના આશ્ચર્ય વચ્ચે ભક્ત પ્રહલાદની ભગવાન રક્ષા કરે છે.જ્યારે હોલીકા અગ્નિમાં ભસ્મીભૂત થઈ જાય છે. નગરજનોમાં હર્ષોલ્લાસ ફેલાઈ જાય છે. ભક્તની રક્ષા ભગવાન દરેક ક્ષણે કરે છે.એની યાદમાં ફાગણ સુદ પૂનમના દિવસે હોળીનો ઉત્સવ ઉજવ વામાં આવે છે. હોળીનો બીજો દિવસ ધૂળેટી રંગોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. વસંતઋતુ પુરી થતા વસંતોત્સવ ઉજવવામાં આવે છે. આ દિવસે સૌ નગરજનો એકબીજા ઉપર ગુલાલ ઉડાડી આનંદ મનાવે છે. ધૂળેટીનો તહેવાર સમગ્ર ભારતભરમાં ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે.શરદી, કફ અને ઉધરસ પિત્તજન્ય રોગ છે એટલે પિત્ત શામક ધાણી,ચણા,ખજૂર ખાઈ ને આ ઉત્સવ ઉજવવાનો હેતુ છે.

# સુરતની પાસપોર્ટ-પોસ્ટ ઓફિસને શંકાસ્પદ મેઈલ મળતા દોડધામ: તમામ કચેરીઓમાં બોમ્બ-ડોગ સ્ક્વોડનું સર્ચ, તપાસમાં કઈ ન મળ્યું



**સુરત, તા.02**

સુરત શહેરની પાસપોર્ટ ઓફિસને ત્રણ દિવસ બાદ ફરી આજે (2 માર્ચ) તમિલ ભાષામાં એક શંકાસ્પદ મેઈલ મળતાં દોડધામ મચી ગઈ છે. મેઈલને પગલે પાસપોર્ટ ઓફિસ દ્વારા કંટ્રોલરૂમને જાણ કરવામાં આવતા ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડ સહિત સ્થાનિક પોલીસનો મોટો કાફલો સ્થળે દોડી ગયો હતો. ડોગ સ્ક્વોડની મદદથી સમગ્ર પરિચરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

સુરતની ઉમરા ગામ ખાતે આવેલી રિજનલ પાસપોર્ટ ઓફિસ, ઉધના પાસપોર્ટ ઓફિસ, નાનપુરા પોસ્ટ ઓફિસ સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ કેન્દ્રો પર તપાસ કરવામાં આવી હતી. આ તપાસ અંતર્ગત ઉધના દરવાજા ખાતે આવેલી પાસપોર્ટ સેવા કેન્દ્રની ઓફિસ તેમજ બારડોલી, નવસારી અને વલસાડ ખાતેના કેન્દ્રોને પણ એલર્ટ કરવામાં આવ્યા હતાં. તપાસના અંતે કઈ ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

27 ફેબ્રુઆરીએ બોમ્બની ધમકી ભર્યા મેઈલ બાદ આજે ફરી તમિલ ભાષામાં શંકાસ્પદ મેઈલને પગલે ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ અને મુલાકાતીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. મેઈલમાં તમિલનાડુના એક સામાન્ય નાગરિક પર કોર્ટમાં કેસ ચલાવવાની તક આપ્યા વિના હત્યાનો આરોપ મૂકવો, કસ્ટડી ડેથ અને તમિલના રાજકારણ વિશે લખવામાં આવેલું છે. હાલમાં પોલીસે આ અજાણ્યા મેઈલ મોકલનાર શખસને શોધી કાઢવા માટે સાયબર સેલની મદદ લીધી છે.

પાસપોર્ટ ઓફિસમાં ત્રણ દિવસમાં બીજીવાર શંકાસ્પદ મેઈલ આવતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ વખતે મેઈલ તમિલ ભાષામાં હોવાથી કર્મચારીઓમાં એવી શંકા જન્મી હતી કે, આ પણ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી હોઈ શકે છે. જોકે, ભાષાકીય અવરોધને કારણે ઉમરા પોલીસે મેઈલની સચોટ વિગતો જાણવા માટે તમિલ ભાષાના જાણકારની મદદ લીધી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ જે ધમકીભર્યો મેઈલ મળ્યો હતો, તે અંગ્રેજી ભાષામાં હતો, જ્યારે આ વખતે મળેલો મેઈલ સંપૂર્ણપણે તમિલ ભાષામાં છે, જેના કારણે પોલીસ આ મામલે ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

એક વિદેશી આતંકવાદીને ચાર વર્ષની જેલ, જ્યારે તમિલનાડુના એક સામાન્ય નાગરિક પર કોર્ટમાં કેસ ચલાવવાની તક આપ્યા વિના હત્યાનો આરોપ મૂકવામાં આવે છે.

જો સરકાર કોઈ વ્યક્તિને પોતાની કસ્ટડીમાં લે છે, ત્યારે તેના જીવની સંપૂર્ણ જવાબદારી સરકારની હોય છે. જો કસ્ટડીમાં તે જીવ ગુમાવે તો તે માત્ર એક વ્યક્તિગત ભૂલ નથી, પરંતુ સમગ્ર વહીવટી તંત્રની નિષ્ફળતા છે. આ નિષ્ફળતા માટેની રાજકીય જવાબદારી કોની છે?

એમ.કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની તમિલનાડુ સરકાર સામાજિક ન્યાય, માનવ અધિકાર અને પ્રગતિશીલ રાજનીતિની મોટી વાતો કરે છે, પરંતુ જ્યારે કસ્ટડીમાં મોતના બનાવો વારંવાર સામે આવે છે, ત્યારે આ શબ્દોની વિશ્વસનીયતા પર સવાલ ઉભા થાય છે.

વિવેચકોનું કહેવું છે કે તમિલનાડુમાં લાંબા સમયથી ચાલી રહેલી પરિવારવાદની રાજનીતિએ સત્તાને અમુક ચોક્કસ વર્તુળોમાં સીમિત કરી દીધી છે. જ્યારે સત્તાનું કેન્દ્રીકરણ થાય છે, ત્યારે જવાબદારીની ભાવના ઓછી થઈ શકે છે. વહીવટ કદાચ ચાલતો રહે, પણ લોકોની પીડાની અવગણના ન થવી જોઈએ.

માનવ અધિકારો માત્ર મંચ પરના ભાષણોથી સુરક્ષિત નથી થતા, તેનું રક્ષણ પોલીસ સ્ટેશનોમાં થવું જોઈએ. ભારતે એકવાર વિશ્વને સાબિત કરી બતાવ્યું હતું કે અહીં આતંકવાદી માટે પણ કાયદો છે. એવામાં જો સામાન્ય નાગરિક કસ્ટડીમાં સુરક્ષિત નથી એવો વિશ્વાસ જન્મે, તો તે લોકશાહીના હૃદય પર પ્રહાર છે.

# Semicon 2.0 હેઠળ ભારતે 4 વર્ષોમાં 85,000 સેમીકન્ડક્ટર એન્જિનિયર તૈયાર કર્યા....

## આસામથી ગુજરાત અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશભરના વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થી સેમીકન્ડક્ટર ડિઝાઈનમાં સક્રિય ભાગીદારી કરી રહી રહ્યા છે....



**ગાંધીનગર, તા.02**

ભારત સરકારના સેમીકન્ડક્ટર મિશન હેઠળ પ્રતિભા વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં કેન્દ્રીય રેલવે, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિકી અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ એ કહ્યું કે ભારતે સેમીકન્ડક્ટર ડિઝાઈનમાં 85,000 એન્જિનિયરોને પ્રશિક્ષિત કરવાનું 10 વર્ષોનું લક્ષ્ય ફક્ત 4 વર્ષોમાં જ પ્રાપ્ત કરી લીધું છે. મંત્રીશ્રી એ જણાવ્યું કે દેશના 315 વિશ્વવિદ્યાલયોમાં વિશ્વના અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઑટોમેશન (EDA) ટૂલ્સ– Cadence, Synopsys અને Siemens–ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ ટૂલ્સની મદદથી વિદ્યાર્થી વાસ્તવિક સેમીકન્ડક્ટર ચિપ ડિઝાઈન કરી રહ્યા છે. આ ચિપ્સનું નિર્માણ અને પરીક્ષણ Semiconductor Laboratory (SCL) Mohali માં કરવામાં આવી રહ્યું છે, જેનાથી વિદ્યાર્થીઓને ડિઝાઈનથી લઈને નિર્માણ અને વેલિડેશન સુધીની સંપૂર્ણ પ્રક્રિયાનો વ્યવહારિક અનુભવ પ્રાપ્ત થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે આજે દેશભરમાં આસામથી ગુજરાત અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થી સક્રિય રૂપે સેમીકન્ડક્ટર ડિઝાઈનમાં ભાગ લઈ રહ્યા છે. આ ભારતની ટેકનિકલ ક્ષમતા અને આત્મનિર્ભરતાની દિશામાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે.

મંત્રીશ્રીએ વૈશ્વિક ઉદ્યોગની જરૂરિયાતોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે સેમીકન્ડક્ટર ઉદ્યોગના હાલના આકારના 800-900 બિલિયન ડૉલરથી વધીને 2 ટ્રિલિયન ડૉલર સુધી પહોંચવામાં લગભગ 20 લાખ કુશળ વ્યવસાયિકોની જરૂર રહેશે. આ ભારતના યુવાનો માટે રોજગારીના વિશાળ અવસર પ્રસ્તુત કરે છે. તેમણે આગળની જાહેરાત કરી કે Semicon 2.0 હેઠળ આ કાર્યક્રમનું વિસ્તરણ કરતાં 315 વિશ્વવિદ્યાલયોની સંખ્યાને વધારીને 500 વિશ્વવિદ્યાલયો સુધી કરવામાં આવશે. આનાથી દેશના દરેક રાજ્યમાં સેમીકન્ડક્ટર ડિઝાઈન, નિર્માણ, પરીક્ષણ અને વેલિડેશનમાં પ્રશિક્ષિત પ્રતિભાઓનો એક મજબૂત અને નિરંતર આધાર વિકસિત થશે.

મંત્રીશ્રીએ કહ્યું કે ભારત સરકાર સેમીકન્ડક્ટર ક્ષેત્રમાં એક મજબૂત અને આત્મનિર્ભર પરિસ્થિતિના તંત્રના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે. Semicon 2.0 હેઠળ પ્રતિભા વિકાસ, પાયાગત માળખાના નિર્માણ અને ઉદ્યોગ સહયોગ મારફતે ભારતને વૈશ્વિક સેમીકન્ડક્ટર કેન્દ્ર રૂપે સ્થાપિત કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

# નિરમાલીમાં 2 પીએચસી સેન્ટર હોય ગ્રામજનો માટે આશીર્વાદરૂપ



**નડિયાદ, તા.02**

કપડવંજ તાલુકામાં આવેલા નિરમાલી ગામ આવેલું છે. આ ગામ 7200 થી વધુ વસ્તી ધરાવે છે. ત્યારે આ ગામમાં 24 કલાક પીવાના પાણીની સુવિધા આપવામાં આવી રહી છે. ત્યારે ગામમાં 700 સ્ટ્રીટ લાઈટ નાખવામાં આવેલ છે જેમાં રાત્રિ દરમિયાન અજવાળું પૂરું પાડવામાં આવી રહ્યું છે. ગામમાં 2 પીએચસી સેન્ટરના હોવાને લઈ ગ્રામજનો ને સારવાર માટે બહાર જવુ પડતુ નથી.

કપડવંજ તાલુકાનું નિરમાલી ગામ 7200 થી વધુ વસ્તી ધરાવે છે. આ ગામમાં સાક્ષરતા દર 85 % છે. ત્યારે આ ગામમાં 24 કલાક પીવાના પાણીની સુવિધા મળી રહે છે. આ સાથે ગામમાં અંડરગ્રાઉન્ડ ગટર લાઈન નાખવામાં આવેલી છે. રાત્રી દરમિયાન ગામ પ્રકાશમય બની રહે તે માટે 700થી વધુ સ્ટ્રીટ લાઈટ નાખવામાં આવેલી છે. જોકે, ગામમાં પારેશ્વર દાદા નું મહાદેવ મંદિર આવેલું છે.

ચોમાસા દરમિયાન ગામમાં એક પણ જગ્યાએ પાણી ન ભરાય તે માટે આખા ગામમાં ગટરની લાઈનો નાખવામાં આવેલી છે જેના કારણે ગામમાં એક પણ જગ્યાએ વરસાદી પાણી ભરાઈ રહેતા નથી.

આ સાથે ગામમાં એક હાઈસ્કૂલ બે પ્રાથમિક શાળાઓ આવેલી છે. જેના કારણે વિદ્યાર્થીઓ દુર અભ્યાસ કરવા માટે જવુ પડતુ નથી. ત્યારે પશુઓને સારવાર મળી રહે તે માટે પશુ દવાખાનું ગામમાં આવેલું છે. ગામમાં વસ્તી વધારે હોવાના કારણે બે પીએચસી સેન્ટર પણ આવેલા છે. જેથી એક પણ ગ્રામજનોને બહાર કોઈ અન્ય જગ્યા પર સારવાર લેવા માટે જવુ પડતુ નથી.

નિરમાલી ગામ પંચાયત વિસ્તારમાં મુખ્ય માર્ગો તો બનાવી દેવામાં આવ્યા છે પરંતુ અંતરિયાળ વિસ્તારના કે પેટાપરા વિસ્તારના અમુક માર્ગો બાકી છે. જે આવનારા સમયમાં બનાવી દેવામાં આવશે. ત્યારે નિરમાલી ગામને તાલુકો જાહેર કરવામાં આવે તેવી માંગ છે. કપડવંજ તાલુકામાં આવેલા નિરમાલી ગામ થી ડોડીયા પુરા જતા માર્ગ પર વારાસી નદી પર બ્રિજ બનાવી આપવા માટે ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. જોકે બ્રિજ ન હોવાના કારણે વિદ્યાર્થીઓને 10 કિલોમીટર નો ફેરો મારવાનો વારો આવ્યો છે. જેથી બ્રિજ બનાવવામાં તેવી માંગ છે.

# આંબલીયારામાં આરસીસી રોડ, ફળિયા બ્લોકપેવીંગથી સજ્જ



**આણંદ, તા.02**

ભાલ પંથકમાં તારાપુર તાલુકાનું આંબલીયારા ગામ પાંચસો વર્ષ અગાઉ રચાયુ હતું. ગામના ઘણા બધા વિસ્તારોમાં આંબલીના ઝાડ ખુબ જ મોટા પ્રમાણમાં હતા. સમગ્ર પંથકમાં જ્યાં જુઓ ત્યાં મોટાભાગે આંબલીના ઝાડ જ જોવા મળતા હતા.

કાળક્રમે આમલીના ઝાડ ઓછાં થતા ગયા હોવાનું ગ્રામજનો પાસેથી જાણવા મળ્યું છે. ગામના વસવાટ અંગેની જાણકારી મુજબ પટેલ સમાજના લોકો ખેડા જિલ્લાના વૌઠા તથા બાંટવાથી આવેલા હતા.ગામમાં પટેલ, ઠાકોર, વણકર, દેવીપુજક, ભરવાડ, હરીજન, રોહિત અને સેનવા જ્ઞાતિના લોકો વસે છે.

ગામમાં સેવા સહકારી મંડળી અને સખી મંડળ છે. ગ્રામ પંચાયત કચેરીમાં ઈન્ટરનેટ સુવિધા છે. ગામમાં પોસ્ટ ઓફીસ છે અને ટપાલ નિયમીત મળે છે. ખેતીના ઓજારો અને જંતુનાશક દવાઓ તારાપુરથી લાવે છે. ગામનુ ગૌચર છે. કેટલુક ગૌચર વનીકરણ માટે આપેલ છે. જ્યારે બાકી રહેલ ગૌચર સામાન્ય ઉપયોગ કરવામાં આવે છે.

ગામમાં ખેડુતોએ સિંચાઈ વ્યવસ્થા માટે ચારથી પાંચ ખેત તલાવડીઓ બનાવેલ છે. ગામમાં મોટું એક તળાવ અને ત્રણ નાની તળાવડીઓ પણ છે.આંબલીયારા પ્રાથમિક શાળાની પગાર કેન્દ્ર ખાખસર પ્રાથમિક શાળા છે. શાળામાં સ્માટ ટીવી પ્રોજેક્ટર તેમજ 15 જેટલા કોમ્પ્યુટરોની વ્યવસ્થા છે.

પૌરાણિક અને ઐતિહાસિક એવુ નીલકંઠ મહાદેવનું ભવ્ય મંદિર આવેલું છે, મંદિર ખાતે અનેકવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓ કરવામાં આવે છે, આ ઉપરાંત ખોડીયાર માતાજીના મંદિર સહિત અન્ય મંદિરો આવેલા છે.

તારાપુર તાલુકાના આંબલીયારા ગામમાં ગ્રામજનો માટે પીવાના પાણી માટે બે ઓવર હેડ ટાંકી છે. ગામના રસ્તા પાકા (આર. સી. સી.) છે. વિજળી ચોવીસ કલાક મળે છે.

ગ્રામ પંચાયત દ્વારા સ્થાનિક પ્રજાજનોની સુખાકારી માટે સરકારી યોજનાઓ અને દાતાઓના સહયોગથી રોડ, રસ્તા, ગટર, પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં સમગ્ર તારાપુર તાલુકામાં અગ્રેસર છે. ગામના રસ્તાઓ શેરી, ચોક, ફળીયાઓમાં આરસીસી, પેવર બ્લોક કરાયું છે. ગામમાં સાફ સફાઈ માટે પણ નિયમિતતા જાળવવામાં આવી રહી છે.

આમલીયારા ગામમાં રાષ્ટ્રીયકૃત બેંક નહીં હોવાથી ગ્રામજનોને તારાપુર સુધી લાંબુ થવું પડે છે. જેથી ગામના આગેવાનો ગામમાં સરકારી બેંક ઉભી થાય તે માટે પ્રયાસ કરી રહ્યાં છે.

# બરોડા ડેરીની ચૂંટણી, વર્તમાન ચેરમેન દિનુમામા બિનહરીફ: ફોર્મ ચકાસણી બાદ 55માંથી 24 ફોર્મ રદ



**વડોદરા, તા.02**

વડોદરા જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થા બરોડા ડેરીની ચૂંટણી માટેના મંડાણ થઈ ગયા છે. ફોર્મ ભરવાની પ્રક્રિયા બાદ શનિવારે ફોર્મ ચકાસણીમાં 55 પૈકી 24 ફોર્મ રદ કરવામાં આવ્યા છે. હવે 31 ઉમેદવારો માન્ય ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં ઝોન-1 માં વર્તમાન ચેરમને દિનેશ પટેલ (દિનુમામા)ની સામેના ઉમેદવાર ભાસ્કર પટેલનું ફોર્મ રદ થયું હતું.

ડેરીની ચૂંટણી માટે 55 ફોર્મ ભરાયા હતા. 28 ફેબ્રુઆરીના રોજ ફોર્મ ચકાસણી કરવામાં આવી હતી. જે બાદ આજે માન્ય ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ડેરીના વર્તમાન ચેરમેન દિનેશ પટેલ ( દિનુ મામા ) ઝોન 1 પાદરા ), વર્તમાન ડિરેક્ટરો ક્રિપાલસિંહ મહારાઉલ ( ઝોન - 10 ), અને સંગ્રામસિંહ રાઠવા ( ઝોન -13) બિન હરીફ થશે.

ભાજપ દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે સેન્સ પ્રક્રિયા પહેલા જ ફોર્મ ભરી દેવામાં આવ્યા હતા. આગામી 7 માર્ચ ફોર્મ પરત ફરવાની અંતિમ તારીખ છે તે પહેલા ભાજપ મેન્ડેડ આપશે. જો કે ભાજપ મેન્ડેડ આપે તે પહેલા જ વર્તમાન ડિરેક્ટરોએ ખેલ પાડી દીધો હતો અને હાલ સુધીમાં ચાર ઉમેદવારો બિનહરીફ થઈ ગયા છે. હરીફ ઉમેદવારોના ફોર્મ રીજેક્ટ થતાં આ ઝોન માટે ચૂંટણી યોજાશે નહીં.

ફોર્મ ભરવાની પ્રક્રિયામાં વર્તમાન ઉપપ્રમુખ જી.બી.સોલંકી સામે કોઈ ઉમેદવારી નોંધાવી ન હતી જેના કારણે તેઓ અગાઉથી જ બિનહરીફ જાહેર થયા હતા. ત્યારે હવે કુલ ચાર ઉમેદવારો બિનહરીફ જાહેર થઈ ગયા છે.

આગામી 7 માર્ચના રોજ ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ છે. ત્યાં સુધીમાં હજુ બે ડિરેક્ટર બિનહરીફ જાહેર થાય તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. એવી ચર્ચા છે કે, ઝોન 7 અને ઝોન 9ના ડિરેક્ટર પણ બિનહરીફ થાય તેવી ચર્ચા ચાલી રહી છે.

# અમદાવાદ રેલવે મંડળમાં "સેવા સંકલ્પ" કાર્યક્રમનું આયોજન, અધિકારીઓ અને કર્મચારીઓએ લીધો જનસેવાનો સંકલ્પ...

## કેન્દ્રીય મંત્રીમંડળના દિશાનિર્દેશો મુજબ પારદર્શક, જવાબદાર અને નાગરિક-કેન્દ્રિત પ્રશાસનને સુદ્રઢ કરવાની પહેલ



**અમદાવાદ, તા.02**

કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા અપનાવવામાં આવેલા "સેવા સંકલ્પ" હેઠળ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ દ્વારા મંડળ કાર્યાલય, અમદાવાદમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ભારત સરકારની જનસેવા, પારદર્શિતા અને જવાબદારીની ભાવનાને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ શરૂઆત છે.

કાર્યક્રમમાં મંડળના સિનિયર અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો તથા "સેવા સંકલ્પ" ની ભાવનાને આત્મસાત કરતાં નાગરિક-કેન્દ્રિત, પારદર્શક અને જવાબદાર પ્રશાસન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાનો પુનઃરૂચ્ચાર કર્યો. આ અવસર પર કેબિનેટ સચિવાલય દ્વારા આપવામાં આવેલ દિશા-નિર્દેશોને અનુરૂપ કાર્યસંસ્કૃતિમાં કુશળતા, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા પર ભાર મુકવામાં આવ્યો.

પોતાના સંબોધનમાં મંડળ રેલવે મેનેજરે જણાવ્યું કે ભારતીય રેલવે દેશની જીવનરેખા છે તથા યાત્રીઓ અને સામાન્ય નાગરિકોને સુરક્ષિત, ભરોસાપાત્ર અને ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે અધિકારીઓ અને કર્મચારીઓને આહ્વાન કર્યું કે તેઓ જનહિતને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે તથા સેવા વિતરણ પ્રણાલીમાં સતત સુધારા કરતાં રહીને ઉત્કૃષ્ટતા પ્રત્યે અગ્રસર રહે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રેલવે સેવાઓની ગુણવત્તામાં સતત સુધારા સુનિશ્ચિત કરવા તથા યાત્રીઓને ઉત્તમ, સુરક્ષિત અને ભરોસાપાત્ર સેવાઓ પૂરી પાડવાની દિશામાં મંડળની પ્રતિબદ્ધતાને હજી વધુ સુદ્રઢ કરવાનો છે. "સેવા સંકલ્પ" મારફતે અમદાવાદ મંડળ સુશાસન, પારદર્શિતા અને જવાબદારીના સિદ્ધાંતોને વ્યવહારમાં ઉતારતાં જનહિતને સર્વોપરિ રાખવા માટે પ્રતિબદ્ધ છે.

# ટેમ્પોના તળિયામાં 'ચોરખાનું': કરજણ પોલીસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી લાખોનો વિદેશી દારૂ-બીયરનો જથ્થો ઝડપ્યો

**વડોદરા, તા.02**

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન પરાક્રમ' હેઠળ કરજણ પોલીસને મોટી સફળતા મળી છે. બાતમીના આધારે કરજણ પોલીસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક ટેમ્પોમાં બનાવેલા ગુપ્ત ખાનામાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે અને પોલીસે ઘટનાસ્થળેથી બે શખ્સોની ધરપકડ કરી છે.



કરજણ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એમ. પટેલ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચથી વડોદરા તરફ જઈ રહેલા એક ટાટા મોટર્સના 407 ટેમ્પોમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો છે. આ બાતમીના આધારે પોલીસે સાંપાથી બોડકા તરફ જતા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી ટેમ્પોને અટકાવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં ટેમ્પો ખાલી જણાતો હતો, પરંતુ ઝીણવટભરી તપાસ કરતા ટેમ્પોના પાછળના ભાગે તળિયામાં એક 'ચોરખાનું' મળી આવ્યું હતું. આ ગુપ્ત ખાનામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરના કુલ 1704 નંગ ટીન મળી આવ્યા હતા.

સમગ્ર મામલે પોલીસે દારૂ/બીયરનો જથ્થો, ટેમ્પો સહિત કુલ રૂ. 6,25,380નો મુદ્દામાલ જપ્ત કરી ગબ્બર બાબુલાલ બનજારા (ઉં.વ. 25, રહે. ખંડવા, મધ્યપ્રદેશ) અને મહેન્દ્ર શ્યામઅવધ યાદવ (ઉં.વ. 44, હાલ રહે. વડોદરા, મૂળ રહે. આઝમગઢ, (ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડ્યા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં વડોદરા ગ્રામ્ય એલસીબી દ્વારા અલગ અલગ જગ્યાએ રેડ કરીને કરોડો રૂપિયાનો દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો અને તેમાં પણ અલગ અલગ મોડસ ઓપરેન્ડી કરીને બુટલેગરો દારૂની હેરાફેરી કરતા હતા.

# ગીરના સાવજ રાજભા ગઢવીએ ડાકોરમાં બોલાવી ડાયરાની રમઝટ

## રાજભાએ સનાતન સંસ્કૃતિ, કલા, દેશ, દુનિયા, પ્રકૃતિ જતન, આધ્યાત્મ, શુરવીરો, નારીશક્તિ અને બોડાણાની ભક્તિ જેવા લોક સાહિત્યિક વિષયોને ઉજાગર કર્યા



**નડિયાદ, તા.02**

આજ રોજ ડાકોર ફાગણ પૂનમ મહોત્સવ-૨૦૨૬ના નિમિતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમના દ્વિતીય દિવસે ગીરના સાવજ રાજભા ગઢવીએ ડાકોરમાં ડાયરાની રમઝટ બોલાવી હતી.

રાજભાએ સનાતન સંસ્કૃતિ, કલા, દેશ, દુનિયા, પ્રકૃતિ જતન, આધ્યાત્મ, શુરવીરો, નારીશક્તિ, બોડાણાની ભક્તિ જેવા લોક સાહિત્યિક અને પ્રવર્તમાન વિષયોની વાતો કરી હતી. રાજભાએ દુહાઓ થી ડાકોર ગુંજવ્યુ હતું.

હમીરજી ગોહિલ અને બપ્પા રાવલના સાંસ્કૃતિક બલિદાનને યાદ કરી વર્તમાન સમયમાં ભારતીય સૈન્યના મહત્વને ઉજાગર કર્યું હતું.

રાજભાના શિવ તાંડવને તાલે શ્રોતાઓએ બે હાથ જોડીને વંદન કર્યા હતા. રાજભાએ ખુમારી અને બારવટિયાની વાતો કરી યુવાઓને સ્વમાનભેર જીવન જીવવાની હાકલ કરી હતી. તેમણે યુવાઓને કોઈ પણ પ્રકારના વ્યસનો થી દૂર રહેવા વિનંતી કરી હતી.

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, કમિશનર શ્રી યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર ખેડા નડિયાદના સંયુક્ત ઉપક્રમે ડાકોર ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં સુંદર કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

કૃષ્ણ ભક્તિના પારંપરીક લોક ગીતોની રોક મ્યુઝિક સાથેના ફ્યુઝન થી યાત્રાળુઓને મોજ પડી હતી.

આ પ્રસંગે પંચમહાલ સાંસદ શ્રી રાજપાલસિંહ જાદવ, ઠાસરા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, મહેમદાવાદ ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણ, ડાકોર નગરપાલિકા પ્રમુખશ્રી વિપુલ શાહ, ઠાસરા પ્રાંત અધિકારી શ્રી કરણ પ્રજાપતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી અક્ષય મકવાણા સહિત અન્ય અગ્રણીઓ, મહાનુભાવો, ડાકોરવાસીઓ અને દર્શને આવતા પદયાત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત ભદ્રાસા માધ્યમિક શાળા ખાતે કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું.....



**નડિયાદ, તા.02**

બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત આજરોજ ભદ્રાસા માધ્યમિક શાળા, ભદ્રાસાની વિદ્યાર્થીનીઓ માટે કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

કિશોરી મેળા અંતર્ગત કિશોરીઓને સશક્તિકરણ, પોષણ અને સરકારી યોજનાઓ વિશે જાગૃત કરવામાં આવી હતી. કિશોરી મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય કિશોરીઓને આરોગ્ય, સ્વચ્છતા, શિક્ષણ અને મહિલા સલામતીની યોજનાઓની માહિતી આપવી સશક્ત કિશોરી, સુપોષિત ગુજરાત' જેવા સૂત્રોથી બાળકીઓને માહિતગાર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં દીકરીઓને હાઈજીન કીટ આપવામાં આવેલ તથા એનીમિયા અને હેલ્થ ચેકપ કરાવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં સરપંચશ્રી દીપકભાઈ રોહિત, શાળાનાં પ્રિન્સીપાલશ્રી, શિક્ષકગણ, ડી.એમ.સી., મુકેશ મકવાણા, શૈલેશ કુમાર, મહિલા અને બાળ વિભાગ તથા એફ.ઓ. શ્રી મિતુલ વાઘેલા અને કિશોરીઓ હાજર રહ્યા હતા.

# 'મેં ફોન અને સોશિયલ મીડિયા બંધ કરી અંતર આત્માનો અવાજ સાંભળ્યો' દમદાર ઈનિંગનું સેમસને રહસ્ય ખોલ્યું

**નવી દિલ્હી, તા.02**

ટી20 વર્લ્ડ કપના સુપર 8ના છેલ્લા મુકાબલામાં ભારતીય ટીમના હીરો સંજૂ સેમસને ખરાબ ફોર્મથી આગળ વધવા મોબાઈલ ફોન જોવાનું ટાળી દીધું, ખાસ કરીને સોશિયલ મીડિયાથી દૂર રહ્યો, સેમસને ફોન અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ એ કારણે બંધ કરી દીધું કે ખરાબ ફોર્મમાં તેમનો આત્મવિશ્વાસ ડગમગી ન જાય, આખરે કરો યા મરોની મેચમાં શાનદાર પ્રદર્શન કરી ટીમ ઈન્ડિયાને સેમિ ફાઈનલમાં પહોંચાડી.



વેસ્ટ ઈન્ડિઝ સામેની આ મેચમાં જીત મેળવવી ભારત માટે ખૂબ જ મહત્ત્વનું હતું. વિન્ડીઝે ભારત સામે 196 રનનો મોટો ટાર્ગેટ મૂક્યો હતો. જોકે, ભારતની શરૂઆત સારી રહી નહોતી, પરંતુ સંજુ સેમસને એકલા હાથે બાજી સંભાળી હતી. સેમસને માત્ર 50 બોલમાં 12 સિક્સર અને 4 ચોગ્ગાની મદદથી અણનમ 97 રનની ઈનિંગ રમી હતી. તેની આ શાનદાર રમતને કારણે ભારતે 20મી ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. કેપ્ટન સૂર્યકુમાર યાદવનો ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય આખરે ટીમને સેમિ ફાઈનલની ટિકિટ અપાવવામાં સફળ રહ્યો.

સંજૂ સેમસને એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, 'મેં શૉટ કઈ રીતે અને ક્યાં મારવા તેના પર સતત કામ કર્યું, હું વધારે ફેરફાર કરવા માગતો ન હતો કેમ કે મને ખબર હતી કે જે પ્રકાર મારી રમત છે તેમાં સારું પ્રદર્શન કરી શકીશ. એટલા માટે મેં પોતાના પર વધુ ભરોસો રાખ્યો, મારો ફોન બંધ કરી નાખ્યો, સોશિયલ મીડિયાથી દૂર રહ્યો કારણ કે હું મારી અંતર આત્માની અવાજ સાંભળી શકું, મને ખુશી છે કે મેં એવી મેચમાં સારું પ્રદર્શન આપ્યું જે ખૂબ જ ખાસ હતી.

'આ થોડું મુશ્કેલ લક્ષ્ય હતું, અમારી બેટિંગ લાઈનની મજબૂતી જોઈને મને લાગી રહ્યું હતું કે ઈડન ગાર્ડનમાં ધુમ્મસ પડતાં 196 રનનું લક્ષ્ય હાંસલ કરવું આસાન સાબિત થઈ જશે. પરંતુ નિયમિત ગાળામાં વિકેટો પડતાં ટાર્ગેટ પડકાર જનક હતો. મારા અનુભવે ખૂબ જ ખાસ ભૂમિકા નિભાવી, મને સારી શરૂઆત મળી, વિકેટો પડ્યા બાદ મને લાગ્યું કે મારે જ મેચનો સકારાત્મક અંત કરવો પડશે. એટલા માટે જ મેં જોખમ ભર્યા શૉટ રમાવાનું ટાળ્યું અને ચોગ્ગા મારવા પર વધુ ધ્યાન આપ્યું.'


ન્યૂઝીલેન્ડ સામેની ખરાબ પ્રદર્શન અને તે સમયગાળા અંગે વાત કરતાં સંજૂ સેમસને કહ્યું કે, આ માનવીય પ્રકૃતિ છે કે આપણે નકારાત્મક વિચાર કરીએ છીએ, મેં પોતાનાને જ સવાલ કર્યો કે શું હું એવું કરી રહ્યો છું, ત્યારે જવાબ મળ્યો કે ન કરી શકું. જ્યારે મારા મનમાં એવા વિચાર આવ્યા ત્યારે મેં તરત જ હકારાત્મક વિચાર કરવાની કોશિશ કરી, ન્યૂઝીલેન્ડ સામે હું સારું પ્રદર્શન કરવા માગતો હતો પણ અનુકૂળ ન રહ્યું, સૌભાગ્યથી મને 10 દિવસનો સમય મળી ગયો. મેં આત્મમંથન કર્યું, પોતાની જાતને તૈયાર કરી, ઘણા લોકોએ મને સપોર્ટ કર્યો અને કહ્યું સંજૂ તે આ ફોર્મેટમાં ત્રણ આંતરરાષ્ટ્રીય શતક જડ્યા છે. આખરે મારુ સપનું સાચું થયું મેં ખૂબ ખાસ મેચમાં સારું પ્રદર્શન કર્યું.

# શું સંજૂ સેમસન સેમિ ફાઈનલમાં નહીં રમી શકે? જીત બાદ હેલ્મેટ ફેંકવું ભારે પડી શકે છે!

**નવી દિલ્હી, તા.02**

T20 વર્લ્ડ કપ 2026માં સુપર-8ની અંતિમ મેચ ભારત અને વેસ્ટઈન્ડીઝની ટીમ વચ્ચે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં યોજાઈ હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયાની જીત થતાં સેમિફાઈનલમાં પોતાની જગ્યા બનાવી છે. જેમાં વિકેટકીપર-બેટર સંજૂ સેમસને 50 બોલમાં 12 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકારીને 97* રન કર્યા હતા. જીતની ઉજવણી કરતી વખતે સંજૂએ તેનું હેલ્મેટ ગ્રાઉન્ડ પર ફેંક્યું હોવાથી અનેક સવાલો ઉઠ્યા છે કે, શું સંજૂ સેમિ ફાઈનલમાં નહીં રમી શકે? તેવામાં શું છે ICCનો નિયમ, જાણો વિગતે.

ભારતીય ખેલાડીએ વિનિંગ શૉટ રમ્યા બાદ જીતને લઈને અનોખુ સેલિબ્રેશન કર્યું હતું. જેમાં સંજૂ સેમસને પોતાનું હેલ્મેટ મેદાન પર ફેંકી દીધુ હતુ. સંજૂએ હેલ્મેટ



મેદાન પર ફેંકવાને લઈને અનેક સવાલો થઈ રહ્યા છે કે, શું તેઓની આ હરકતને લઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ(ICC) તેના પર દંડ ફટકારી શકે છે?

તમને જણાવી દઈએ કે, સંજૂ દ્વારા મેદાન પર હેલ્મેટ ફેંકવું મોંઘુ સાબિત થઈ શકે છે. ICC તેની સામે શિસ્તભંગની કાર્યવાહી કરી શકે છે. નિયમો અનુસાર, ખેલાડીઓ દ્વારા મેદાન પર હેલ્મેટ કે બેટ ફેંકવું એ ગેરવર્તણૂક માનવામાં આવે છે. ICC ખેલાડીઓ દ્વારા આવા વર્તન અંગે ખૂબ કડક વલણ ધરાવે છે. આવા કિસ્સાઓમાં ખેલાડીઓને દંડ, ડિમેરિટ પોઈન્ટ અથવા સસ્પેન્શનની કાર્યવાહી પણ થઈ શકે છે.

ICC નિયમ અનુસાર, મેદાન પર ખેલાડી, અમ્પાયર અને બાકી લોકોની સુરક્ષિત રહે તે ધ્યાન રાખવાનું હોય છે. એટલાં માટે ખેલાડીઓને મેદાનમાં બેટ કે હેલ્મેટ જેવી વસ્તુ ફેંકવાથી રોકવામાં આવે છે. આમ કરવાથી કોઈને પણ અજાણતા ઈજા થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, સેમિફાઈનલમાં ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામે ટકરાશે. ટૂર્નામેન્ટની બીજી સેમિફાઈનલ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 માર્ચે ગુરુવારે થશે. આ મેચ મુંબઈના વાનખડે સ્ટેડિયમમાં રમાશે. વર્ષ 2022માં T20 વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પણ ભારત અને ઈંગ્લેન્ડની ટીમ આમને સામને રહી હતી. તે મેચમાં ઈંગ્લેન્ડની જીત થઈ હતી.

# ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે ભારતમાં ફસાઈ ઝિમ્બાબ્વે ટીમ! ફ્લાઈટ રદ થતાં દિલ્હીમાં જ રોકાવું પડ્યું

**નવી દિલ્હી, તા.02**

મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. ત્યાં અમેરિકા અને ઈઝરાયલે 28 ફેબ્રુઆરીના રોજ ઈરાન પર મોટા પાયે મિસાઈલ હુમલા કર્યા હતા. આ હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ અને અનેક ટોચના સુરક્ષાકર્મીઓ માર્યા ગયા છે. આ ઘટનાએ સમગ્ર મધ્ય પૂર્વને યુદ્ધની આગમાં ધકેલી દીધું છે અને ઈરાને જવાબી કાર્યવાહીમાં ઈઝરાયલ અને ખાડી દેશોમાં અમેરિકન ઠેકાણા પર હુમલા શરૂ કરી દીધા છે. જેની અસર હવે ભારત અને શ્રીલંકાની યજમાનીમાં રમાઈ રહેલા T20 વર્લ્ડ કપ પર પણ પડી છે.



T20 વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વેનેની ટીમ માટે એક મોટી મુશ્કેલી ઊભી થઈ ગઈ છે. ટુર્નામેન્ટમાંથી બહાર થયા બાદ ટીમ ભારતથી સ્વદેશ પરત ફરવાની તૈયારી કરી રહી હતી, પરંતુ પશ્ચિમ એશિયામાં એરસ્પેસ બંધ હોવાને કારણે તેમની વાપસીમાં વિલંબ થયો છે. ઝિમ્બાબ્વેએ રવિવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકા સામે પોતાની છેલ્લી મેચ રમી હતી, જેમાં તે હારી ગયું હતું. સુપર 8 રાઉન્ડમાંથી બહાર થયા બાદ ટીમનું અભિયાન સમાપ્ત થઈ ગયું છે.

યોજના પ્રમાણે ટીમ સોમવાર સવારથી અલગ-અલગ બેચમાં દિલ્હીથી પરત હરારે જવા માટે રવાના થવાની હતી. તેઓ એમિરેટ્સ એરલાઈન્સની ફ્લાઈટમાં દિલ્હીથી વાયા દુબઈ કનેક્ટિંગ ફ્લાઈટથી સ્વેદશ જવાની હતી. કેટલાક સભ્યો સવારે 4:30 વાગ્યે જ રવાના થવાના હતા, જ્યારે અન્ય લોકો દિવસ દરમિયાન જવાના હતા. જોકે, ઈરાન-ઈઝરાયલ યુદ્ધ પછી પરિસ્થિતિ વણસી ગઈ છે. દુબઈ જેવા મુખ્ય પરિવહન હબ પ્રભાવિત થયા છે, જ્યાંથી મોટાભાગની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અથવા રીરૂટ કરવામાં આવી છે, જેના કારણે ઝિમ્બાબ્વે ટીમને પરત ફરવામાં વિલંબ થયો છે.

# સૂર્યાની મજાક અને સંજૂનો જડબાતોડ જવાબ! વર્લ્ડ કપમાં કેવી રીતે અશક્યને શક્ય કરી બતાવ્યું.....?

**નવી દિલ્હી, તા.02**

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રવિવારે T20 વર્લ્ડ કપ 2026ની અંતિમ સુપર 8 મેચ રમાઈ હતી. ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝને 5 વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં એન્ટ્રી મારી લીધી છે. ભારતીય ટીમની જીતમાં સોથી મોટી ભૂમિકા વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસને ભજવી હતી. સેમસન આ મેચમાં ટીમ ઈન્ડિયાની જીતનો હીરો રહ્યો છે. ભારતીય ટીમને જીત અપાવ્યા બાદ જ્યારે સંજુ સેમસન પવેલિયન તરફ પરત ફી રહ્યો હતો ત્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે તેની સામે ઝૂકવું પડ્યું. મેચના 8 દિવસ પહેલા થયેલી પ્રેસ કોન્ફરન્સમાં સંજુ સેમસનને લઈને સૂર્યાનું આવું વર્તન નહોતું, પરંતુ 8 દિવસમાં જ સંજુએ કેપ્ટનને પોતાની સામે ઝૂકવા માટે મજબૂર કરી દીધો. ચાલો જાણીએ આખી સ્ટોરી શું છે. વર્લ્ડ કપની શરૂઆતથી ભારતીય ટીમ ઓપનિંગ બેટ્સમેન તરીકે ઈશાન કિશન અને અભિષેક શર્મા સાથે રમી રહી હતી. ગ્રુપ સ્ટેજમાં અભિષેક શર્મા સંપૂર્ણપણે ફ્લોપ રહ્યો હતો, સતત ત્રણ મેચમાં ઝીરો પર આઉટ થયો હતો. તેની બીમારીને કારણે નામિબિયા સામે સંજુને તક મળી હતી. તેણે 8 બોલમાં 22 રન બનાવ્યા હતા, પરંતુ પાકિસ્તાન સામેની આગામી મેચમાં સંજુને ડ્રોપ કરીને અભિષેકને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું અને અભિષેક પાકિસ્તાન સામેની મેચમાં ઝીરો રન પર આઉટ થઈ ગયો. ભારતીય ટીમનો પહેલો સુપર 8 મુકાબલો 22 ફેબ્રુઆરીએ દક્ષિણ આફ્રિકા સામે હતો. મેચના એક દિવસ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોએ સૂર્યકુમાર યાદવને સવાલ કર્યો હતો કે, ઘણા બેટ્સમેન સારું પ્રદર્શન નથી કરી રહ્યા, તો શું સંજુ સેમસનને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળી શકે છે? જવાબમાં સૂર્યકુમાર યાદવે હસતાં




હસતાં જવાબ આપ્યો હતો કે, તમે શું ઈચ્છો છો કે હું અભિષેક શર્મા કે તિલક વર્માની જગ્યાએ સંજુને રમાડું? સંજુને દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં તક નહીં મળી. આ મેચમાં અભિષેક, તિલક અને રિંકુનું પ્રદર્શન સારું ન રહ્યું અને ટીમ ઈન્ડિયા હારી ગઈ. ટીમ ઈન્ડિયા માટે સેમિફાઈનલની રાહ મુશ્કેલ બની ગઈ. 26 ફેબ્રુઆરીના રોજ ઝિમ્બાબ્વે સામે ભારતનો બીજો સુપર 8 મુકાબલો હતો, જેમાં જીત જરૂરી હતી. ટીમમાં ફેરફારની ચર્ચા થઈ રહી હતી. રિંકુ સિંહ પોતાના બીમાર પિતાને જોવા માટે હોસ્પિટલ ગયો હતો. તેના સ્થાને સેમસનને ટીમમાં લાવવામાં આવ્યો અને ઓપનિંગ કરાવી. સેમસને 15 બોલમાં 24 રન બનાવ્યા. આ ઈનિંગ નાની પણ અસરકારક હતી અને ભારતીય ટીમ આ જ શરૂઆતના દમ પરઝિમ્બાબ્વે સામે મોટો સ્કોર બનાવીને જીત હાંસલ કરી શકી. ત્યારબાદ પ્લેઈંગ ઈલેવનમાં સંજુનું સ્થાન નિશ્ચિત થઈ ગયું. ત્યારબાદ વેસ્ટ ઈન્ડિઝ સામેની અંતિમ સુપર 8 મેચમાં સંજુ સેમસને ધમાકેદાર પ્રદર્શન કર્યું. સંજુએ 50 બોલમાં અણનમ 97 રની વિસ્ફોટક ઈનિંગ રમી અને આ જ ઈનિંગના દમ પર ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝને 5 વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં એન્ટ્રી મારી લીધી. આ જ કારણ છે કે, જ્યારે સંજુ ટીમને જીત અપાવીને પવેલિયન પરત ફરી રહ્યો હતો ત્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે ટોપી ઉતારીને માથું ઝુકાવીને સ્મિત સાથે તેનું અભિવાદન કર્યું. આમ સંજુએ માત્ર 8 જ દિવસમાં પોતાના શાનદાર પ્રદર્શનના દમ પર કેપ્ટનને પોતાના સન્માનમાં ઝૂકવા માટે મજબૂર કર્યો.

# 15 વર્ષમાં પહેલી વાર હોળી પર કોઈ નવી ફિલ્મ રિલીઝ થઈ નથી

**મુંબઈ, તા.02**

છેલ્લાં 15 વર્ષમાં પહેલી વખત હોળી પર કોઈ જ નવી ફિલ્મ રિલીઝ થશે નહીં. 2026ની હોળી પર કોઈ નવી હિન્દી ફિલ્મ જોવા મળશે નહીં. બોલિવૂડના પ્રોડ્યુસર્સે આટલાં વર્ષોમાં હંમેશા હોળીના તહેવારોનો લાભ ઉઠાવ્યો છે અને તેમની ફિલ્મ રિલીઝ કરીને સારી કમાણી પણ કરી છે. 2021માં પેન્ડેમિકનો સમય હતો, તેમ છતાં પરિણીતિ ચોપરાની સાઈના નેહવાલની બાયોપિક રિલીઝ થઈ હતી. જો છેલ્લા 26 વર્ષમાં હોળી પર રિલીઝ થયેલી ફિલ્મોની વાત કરવામાં આવે તો, 2000થી હોળી પર 'ચોરી ચોરી ચુપકે ચુપકે', 'માલામાલ વીકલી', 'રેસ', 'બદ્રીનાથ કી દુલ્હનિયાં', 'કેસરી', 'તું જુઠી મેં મક્કાર' જેવી ફિલ્મો હોળી પર રિલીઝ થઈ અને સફળ પણ થઈ હતી. આ વર્ષોમાં માત્ર 2002, 2003 અને 2011માં જ હોળી પર કોઈ ફિલ્મ રિલીઝ નહોતી થઈ, 2003 અને 2011માં તો ક્રિકેટ વર્લ્ડ કપના કારણે ફિલ્મ રિલીઝ નહોતી થઈ. હવે 2026માં ફરી ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે. હાલ ટી20 વર્લ્ડ કપ ચાલી રહ્યો હોવાથી હોળી પર કોઈ રિલીઝ ન હોવાનું પ્રાથમિક કારણ માનવામાં આવી રહ્યું છે. યશરાજની ફિલ્મ મર્દાનીના ડિરેક્ટર અધિરાજ મીનાવાલાએ કહ્યું હતું કે ક્રિકેટના માહોલમાં ક્લેશ ન કરવા માટે જ તેમની ફિલ્મ 27 ફેબ્રુઆરીના બદલે 30 જાન્યુઆરીએ રિલીઝ કરી હતી. 'પતિ પત્ની ઔર વો દો' અને 'ગબરુ' પહેલાં 4 માર્ચ અને 13 માર્ચે રિલીઝ થવાની હતી. આ સમયે ક્રિકેટ સિવાય રમઝાન મહિનાને પણ કારણ માનવામાં આવે છે સાથે જ એક તરફ બોર્ડની પરીક્ષાઓ પણ શરૂ થઈ રહી છે. તેથી વિવિધ કારણોસર થિએટરમાં દર્શકોની સંખ્યામાં ઘટાડો થઈ શકે છે. સાથે જ 19 માર્ચે બે મોટી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, 'ટોક્સિક' અને 'ધુરંધર -ધ રિવેન્જ'ની ઈદ પર ધમાકેદાર રિલીઝ



થઈ રહી છે. ફિલ્મ એક્ઝિબિટર્સ પણ મુશ્કેલીમાં મુકાયા છે, કારણ કે તેમની પાસે હાલ કોઈ સારી ચાલી રહેલી ફિલ્મ નથી અને નવી ફિલ્મ રિલીઝ થતી નથી, તેથી તેમના માટે થિએટર્સના ખર્ચ ચલાવવા પણ મુશ્કેલ છે. તેથી તેમણે ખર્ચ ઘટાડવા શો પણ ઘટાડી દીધાં છે. સૌથી મોટી તકલીફ તો છેલ્લાં બે અઠવાડિયામાં રિલીઝ થયેલી 'અસ્સી' અને 'દો દિવાનેં સહેર મેં' ખરાબ રહી છે અને દર્શકોને આકર્ષવામાં નિષ્ફળ રહી છે. સાથે જ હમણા કોઈ પ્રાદેશિક ફિલ્મો પણ સારી નથી ચાલી રહી કે કોઈ મોટી હોલિવૂડ રિલીઝ પણ નથી. તેથી એક્ઝિબિટર્સના મનમાં એક જ ડર છે, આ હવે ઈદ આંધી તોફાન જેવી રિલીઝ લઈને આવશે કે નહીં.

એક્ઝિબિટર અને ડિસ્ટ્રીબ્યુટર અક્ષય રાઠી જણાવે છે, "હાલ અમે ધુરંધર અને ટોક્સિકની રાહ જોઈ રહ્યા છીએ. ત્યાં સુધી જેટલી ફિલ્મ આવે એ અમને અઠવાડિયે અઠવાડિયે આગળ વધવામાં થોડી મદદ કરી દે, પરંતુ કમનસીબે એવું થયું નહીં. તેથી અમારી બધી જ આશાઓ હવે ઈદની રિલીઝ પર નિર્ભર છે."

### 2000થી અત્યાર સુધીની હોળી પર રિલીઝ થયેલી ફિલ્મોની યાદી

- 2025 - ધ ડિપ્લોમેટ
- 2024 - મડગાંવ એક્સપ્રેસ, સ્વાતંય વીર સાવરકર
- 2023 - તુ ઝૂઠી મેં મક્કાર
- 2022 - બચ્ચન પાંડે
- 2021 - સાઈના
- 2020 - બાગી 3, કામયાબ
- 2019 - કેસરિ, મર્દ કો દર્દ નહીં હોતા
- 2018 - પરી, વીરે દી વેડિંગ
- 2017 - બદ્રીનાથ કી દુલ્હનિયા
- 2016 - રોકી હેન્ડસમ
- 2015 - ડર્ટી પોલિટિક્સ, હે બ્રો, બદમાશિયાં
- 2014 - બેવકૂફિયાં
- 2013 - આત્મા, રંગરેઝ
- 2012 - કહાની, ચાર દિન કી ચાંદની
- 2010 - કાર્તિક કોલિંગ કાર્તિક, તીન પત્તી
- 2009 - ઢૂંઢતે રહ જાઓગે, કર્મા ઔર હોલી
- 2008 - રેસ
- 2007 - નેહલે પે દેહલા, નિ:શબ્દ
- 2006 - મલામાલ વીકલી, જિગ્યાસા
- 2005 - ઝહેર, ટેંગો ચાર્લી
- 2004 - ઈન્સાફ: ધ જસ્ટિસ
- 2001 - ચોરી ચોરી ચૂપકે ચૂપકે
- 2000 - સુલતાન

# વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના શાહી ઘરેણાંનું અનોખું આકર્ષણ.....

## રશ્મિકા અને વિજયના લગ્નની અફવાઓ જેટલી જ તેમનાં દાગીનાની ચર્ચા થઈ

**મુંબઈ, તા.02**

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ 26 ફેબ્રુઆરી, 2026ના રોજ ઉદયપુરમાં ભવ્ય લગ્ન સમારંભમાં હાઈ-ફેશન ગોલ્સ સેટ કર્યા છે. ખાસ કરીને તેમના કેટલાંક કિલો સોનાના દાગીનાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેમની લગ્નની તસવીરોની જેમ તેમના દાગીના પરની રીલ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કેટલાક વેબ પોર્ટલના અહેવાલો અનુસાર, હૈદરાબાદના શ્રી જ્વેલર્સ દ્વારા આ દાગીના તૈયાર કરવામાં આવ્યા છે. આ શોરૂમના મેનેજિંગ ડિરેક્ટર્સ અભિષેક અગ્રવાલ અને કૌશિક કુમારે એક પોર્ટલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે બંને માટે દાગીના બનાવવાનો અનુભવ અત્યંત વિશેષ રહ્યો. તેમણે જણાવ્યું કે આ સંપૂર્ણ પ્રક્રિયા - ડિઝાઈનથી લઈને અંતિમ તૈયારીઓ સુધી- કુલ 10 મહિના ચાલી હતી. વિજય



દેવરકોંડાએ પોતાના લગ્નમાં મિનિમલિઝમને બદલે મેક્સિમલિસ્ટ સ્ટાઈલ અપનાવી. જ્વેલર્સના જણાવ્યા મુજબ, તેના દાગીનાઓએ પરંપરાગત ગ્રુમ-સ્ટાઈલને નવી દિશા આપી છે. તેના દાગીનામાં હાથીના મોટિફ (જ્ઞાનનું પ્રતિક) અને વાઘના તત્વો (ચપળતા અને શક્તિનું પ્રતિક) સામેલ હતા. ઊંડી નકશી કોતરણી અને રવા ડિટેઈલિંગ દ્વારા દાગીનાઓમાં ભવ્યતા અને પરિમાણ ઉમેરાયું હતું. વિજયે મોટા કદના ઈયર સ્ટડ્સ પહેર્યા હતા, જે સિક્કાની સાઈઝ જેટલાં હતાં. તેણે લાંબો અને નાનો એમ બે હાર પહેર્યા હતા. ટેમ્પલ નેકલેસની ડિઝાઈન રાજસી હતી. સાથે જ હાથમાં સોનાનાં બલોયા, નાની આંગળીમાં વીંટીઓ અને પગમાં સોનાનાં કડાં પણ પહેર્યા હતાં – જે પરંપરાગત લગ્નોમાં બહુ ઓછું જોવા મળે છે. રશ્મિકા મંદાનાના દાગીના દક્ષિણ ભારતીય સ્થાપત્ય શૈલીથી પ્રેરિત હતાં. આ અંગે જ્વેલર્સે જણાવ્યું કે તેમના દાગીનામાં ઉચ્ચ કક્ષાનું બારીક નકશી કામ અને સુક્ષ્મ રવા ગ્રેન્યુલેશનનો સમાવેશ હતો, જે માસ્ટર કારિગરો દ્વારા હાથથી તૈયાર કરવામાં આવ્યા હતાં. રશ્મિકાએ કુલ 11 દાગીના પહેર્યાં હતાં – ચોકર સાથે પરંપરાગત હારમ, કાનમાં સ્ટેટમેન્ટ ઝુમ્મર, જડાઉ બિલ્લા, ચંપાસરાલુ, હાથફૂલ, માથાપટ્ટી, નથ, બાંગડીઓ, બાજુબંદ, કમરપટ્ટો અને પાયલ. આ દાગીના એન્ટિક મેટ પોલિશમાં તૈયાર કરાયાં હતાં.

# સોનલ ચૌહાણ દુબઈમાં, ઈશા ગુપ્તા અબુધાબીમાં ફસાઈ ગયાં

## કમાલ આર ખાનની પણ ઉંઘ હરામ : બંગાળની હિરોઈન શુભશ્રી ગાંગુલી પણ ફસાઈ

**મુંબઈ, તા.02**

અમેરિકાએ ઈરાન પર હુમલો શરુ કરી દીધા બાદ ઈરાને વળતાં પગલાં તરીકે દુબઈ સહિતના અખાતી દેશોને નિશાન બનાવતાં ભારતથી અમેરિકા અને યુરોપ જવાના ફ્લાઈટ રુટ માટેનું મુખ્ય ટ્રાન્ઝિટ એરપોર્ટ સમાન દુબઈનું એરપોર્ટ બંધ થઈ ગયું છે. તેના કારણે હાલ દુબઈ સહિતના અખાતી દેશોમાં પહોંચેલા અનેક ભારતીય કલાકારો પણ અટવાઈ પડયા છે.

ઈમરાન હાશ્મી સાથે 'જન્નત' ફિલ્મમાં દેખાયેલી એક્ટ્રેસ સોનલ ચૌહાણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે ફ્લાઈટસ બંધ થતાં પોતે દુબઈમાં ફસાઈ ગઈ છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જ ભારત સરકારનાં મદદ માર્ગદર્શનની માંગ કરી હતી.

બીજી તરફ એક્ટ્રેસ ઈશા ગુપ્તાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે પોતે અબુધાબીમાં અટવાઈ ગઈ છે પરંતુ અહીં તે બિલકૂલ સુરક્ષિત છે. ભારતીય એક્ટર આર. માધવન લાંબા સમયથી દુબઈમાં શિફ્ટ થઈ ગયો છે.

જોકે, તેણે મીડિયાને જણાવ્યા અનુસાર હાલ તે અને તેનો પરિવાર અમેરિકા છે અને જ્યારે ફ્લાઈટ્સ શરુ થશે ત્યારે તેઓ દુબઈ પાછા ફરશે. ભારતીય ફિલ્મ



ક્રિટિક કમાલ આર ખાન પણ દુબઈમાં રહે છે. તેણે જણાવ્યું હતું કે આખી રાત ધડાકાના તથા સાયરોના અવાજને કારણે તે અને તેનો પરિવાર રાતે સૂઈ શક્યા ન હતા અને તેઓ ભયભીત થઈ ગયાં છે.

દરમિયાન બંગાળની હિરોઈન શુભશ્રી ગાંગુલી પણ દુબઈમાં અટવાઈ ગઈ છે. તેના પતિ તથા તૃણમૂલ કોંગ્રેસના રાજ ચક્રબર્તીએ કહ્યું હતું કે તેમની પત્ની શુભશ્રી અને પુત્ર યુઆન પામ જુમૈરાની એક હોટલમાં છે. તેમની હોટલ પાસે જ વિસ્ફોટ થયો હતો. મેનેજમેન્ટએ કોઈને પણ બહાર નહીં નીકળવાની સલાહ આપી છે.

# 'અચાનક જ મને કિસ કરી...', LIVE પરફોર્મન્સમાં છેડતી અંગે સપના ચૌધરીનો ચોંકાવનારો ખુલાસો

**મુંબઈ, તા.02**

હરિયાણવી ક્વીન સપના ચૌધરી હાલમાં 'ધ 50' શો માં નજર આવી રહી છે. સપનાનો દબંગ અંદાજ ચાહકોનું દિલ જીતી રહ્યો છે. બવે આ શો માં સપનાએ એક ડાન્સર તરીકે પોતાની જર્ની પર વાત કરી છે. સપનાએ જણાવ્યું કે, 'મેં મારા કરિયરમાં ખૂબ જ ખરાબ સમય જોયો છે. એક સમયે મારા જીવને પણ જોખમ હતું.'

સપનાએ જણાવ્યું કે, 'મારી સામે લગભગ 35 કેસ નોંધાયેલા છે. ઘણી જગ્યાએ મારા પરફોર્મ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.' પોતાના કરિયરના ડાર્ક ફેઝ અંગે વાત કરતા સપના ચૌધરીએ કહ્યું કે, '2018માં બિગ બોસ કર્યા બાદ મેં વધુને વધુ સારા શો કરવાનું શરૂ કરી દીધું હતું. તે પહેલાં ઈવેન્ટ્સમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. ત્યાં ક્યારેક નાસભાગ મચી જતી હતી તો ક્યારેક ખુરશીઓ ફેંકાતી, તો ક્યારેક ઝઘડા થતા. મારી સામે 35 કેસ છે કારણ કે મેં એક શો કર્યો અને ત્યાં નાસભાગ મચી ગઈ હતી. મારા પર બડૌદ, મેરઠ વગેરે વિસ્તારોમાં પ્રતિબંધ છે. મારા નામથી શો માટે પરવાનગી નથી મળતી.'

આ દરમિયાન સપનાએ પોતાના શોનો એક ભયાનક કિસ્સો પણ યાદ કર્યો. સપનાએ કહ્યું કે, 'એકવાર અમારા ઘરમાં પૈસા નહોતા. હું અને મારી માતા સાથે બેઠા હતા. અમે માત્ર એ જ આશા કરી રહ્યા હતા કે કોઈ શો મળી જાય. પછી અચાનક મોડી રાત્રે મારો ફોન વાગ્યો. મને એક શો માટે ઓફર મળી જે આગલી રાત્રે થવાનો. તેઓએ મને પૂછ્યું કે શું તમે તે શો કરશો? મેં તરત જ હા પાડી દીધી. હું શો કરવા માટે એટલી એક્સાઈટેડ હતી કે મેં કોઈ વિગતો નહીં પૂછી. મેં એ પણ ન



પૂછ્યું કે તે કેવા પ્રકારનો શો છે, તે ક્યાં થઈ રહ્યો છે, અથવા મારે શું કરવું પડશે?'

સપનાએ આગળ જણાવ્યું કે, 'સાંજે અમે લોકોશન પર પહોંચ્યા. તે એક ફાર્મહાઉસ હતું. અમે જેવા અંદર ગયા તો મેં જોયું કે લગભગ 25-26 ટેબલ ગોઠવવામાં આવી છે અને પાછળની સાઈડ માત્ર બે ખુરશીઓ હતી. દરેક ટેબલ પર ખુલ્લેઆમ હથિયાર રાખવામાં આવ્યા હતા. ત્યાં હાજર તમામ લોકો ગેંગસ્ટર લાગી રહ્યા હતા. એવું લાગતું હતું કે કોઈ જેલમાંથી મુક્ત થયું હોય અને તેઓ તેને જશ્ન મનાવી રહ્યા હતા.'

સપનાએ જણાવ્યું કે, 'પહેલા મેં એકલા ગીત ગાયું અને પછી કોઈની સાથે પરફોર્મ કર્યું. પણ જ્યારે હું એકલી પરફોર્મ કરી રહી હતી ત્યારે એક વ્યક્તિ સતત મારી પાસે આવી રહ્યો હતો અને મારા કાનમાં કંઈક કહી રહ્યો હતો. મારી માતાએ પૂછ્યું કે, તે શું કહી રહ્યો છે? મેં જવાબ આપ્યો કે અવાજને કારણે મને સ્પષ્ટ સંભળાયું નહીં. ત્યાં લગભગ 50-55 માણસો હતા. ત્યારબાદ મારી માતાએ તેમને વિનંતી કરી કે, પ્લીઝ અમને હવે જવા દો. પરંતુ તેમાંથી એકે કહ્યું કે, તમે કેવી રીતે જઈ શકો છો? ડાન્સ હજુ બાકી છે. પહેલા ડાન્સ કરો અને પછી જાઓ. શું અમે તમને પૈસા નથી આપ્યા?' તે સમયે હું ખૂબ જ ગભરાઈ ગઈ હતી. મને લાગ્યું કે તેઓ મને ગોળી પણ મારી શકે છે. હું સ્ટેજ પર ગઈ અને ડાન્સ કરવા લાગી. અચાનક તે જ વ્યક્તિ પાછળથી મારી પાસે આવ્યો અને મારા ગાલ પર કિસ કરી લીધી.

સપનાએ જણાવ્યું કે, 'હું તરત જ સ્ટેજ પરથી ઉતરી ગઈ અને સ્ટેજ પાછળ જઈને બેસી ગઈ. મેં કહ્યું હતું કે, હું હવે આ નહીં કરી શકું. મને ફરક નથી પડતો કે આગળ શું થશે. મારી માતાએ મારો હાથ પકડ્યો અને એ લોકો સાથે વાત કરી. મારી માતાએ તેમને કહ્યું કે, તમે લોકો કોઈની દીકરી-બહેનને ઈનવાઈટ કરો છો અને પછી આવું વર્તન કરો છો.આ યોગ્ય નથી. પછી મારી માતા મને લઈને ત્યાંથી જવા લાગી. અમે બહાર જવા માટે જેમ-જેમ દરવાજા તરફ આગળ વધી રહ્યા હતા, હું મારી માતાને બોલી રહી હતી કે, આ લોકો ગોળી મારી શકે છે. મને લાગી રહ્યું હતું કે, બુલેટ ગમે ત્યારે આવી શકે છે. કોઈક રીતે અમે ત્યાંથી બહાર નીકળી ગયા અને કારમાં બેઠા. કારમાં બેસીને મેં રાહતનો શ્વાસ લીધો. તે ખૂબ જ ખતરનાર મોમેન્ટ હતો.'

# અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે સેન્સેક્સ 1048 પોઇન્ટ ગગડ્યો, 80,239 પર બંધ

## સોનું 7 હજાર રૂપિયા વધ્યું, પાકિસ્તાની બજાર 10% તૂટ્યું, આજે હોળી નિમિત્તે શેરબજાર બંધ રહેશે

**નવી દિલ્હી, તા.02**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધના કારણે ભારતીય શેરબજારમાં આજે એટલે કે 2 માર્ચના રોજ ઘટાડો રહ્યો. સેન્સેક્સ 1048 પોઈન્ટ (1.29%)ના ઘટાડા સાથે 80,239ના સ્તર પર બંધ થયો. નિફ્ટીમાં પણ અંદાજે 313 પોઈન્ટ (1.24%)નો ઘટાડો રહ્યો, તે 24,866ના સ્તર પર આવી ગયો છે. જિયો-પોલિટિકલ તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિમાં મોંઘવારી વધવાનો ખતરો રહે છે. આનાથી કંપનીઓનો નફો ઓછો થઈ શકે છે. આવી સ્થિતિમાં રોકાણકારો તેમના શેર વેચવાનું શરૂ કરી દે છે અને તેને સોના-ચાંદી જેવી સુરક્ષિત જગ્યાએ રોકાણ કરે છે. આનાથી બજારમાં ઘટાડો આવે છે.

ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજીના કારણે આજે એનર્જી અને ઓટો શેરોમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત 10% વધીને 79 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો આ તણાવ વધુ વધશે, તો તેલની કિંમતો 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. આની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકે છે. દિલ્હીમાં પેટ્રોલ 95 પ્રતિ લિટરથી વધીને 100 સુધી પહોંચી શકે છે. જ્યારે ડીઝલ 88 થી વધીને 92 સુધી જઈ શકે છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 7 હજાર રૂપિયા વધીને 1.66 લાખે પહોંચી ગયું છે. આ અગાઉ તેની કિંમત 1.59 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જ્યારે, એક કિલો ચાંદી 20 હજાર રૂપિયા વધીને 2.87 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા અનુસાર સોનું 1.90 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. ચાંદી 3.50 લાખ સુધી પહોંચી શકે છે. યુદ્ધ જેવા અનિશ્ચિત વાતાવરણમાં રોકાણકારો સોનાને સુરક્ષિત માને છે અને તેમાં પૈસા રોકવા લાગે છે. આનાથી તેની માગ વધે છે અને તે મોંઘુ થવા લાગે છે. પાકિસ્તાનનો કરાચી 30 ઈન્ડેક્સ 9.73% ઘટીને 46,326 પર બંધ થયો. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 1.35% ઘટીને 58,057 પર બંધ થયો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 2.14% ઘટીને 26,059 પર બંધ થયો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.47% વધીને 4,182 પર બંધ થયો.

ડાઉ જોન્સ 17 પોઈન્ટ (1.05%) ઘટીને 48,977 પર બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.92% ઘટીને 22,668 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 30 પોઈન્ટ (0.43%) ઘટીને 6,878 પર બંધ થયો. કરાચી સ્ટોક એક્સચેન્જ (KSE)નો મુખ્ય ઈન્ડેક્સ KSE-30 સોમવાર, 2 માર્ચના રોજ કારોબાર દરમિયાન 9.8% સુધી ગગડી ગયો હતો. બજારમાં ભારે વેચવાલીને જોતા ટ્રેડિંગને એક કલાક માટે રોકવું પડ્યું હતું. જોકે, ફરીથી બજાર ખુલતા ઘટાડો થોડો ઓછો થયો અને તે 7.3%ના નુકસાન પર આવી ગયો.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX)માં મંગળવારે આંશિક રજા રહેશે. MCXનું સવારનું સેશન (સવારે 9:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી) બંધ રહેશે, પરંતુ સાંજના સેશનમાં સાંજે 5:00 વાગ્યાથી રાત્રે 11:30 વાગ્યા સુધી ટ્રેડિંગ થશે. બીજી તરફ, નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ (NCDEX) બંને સત્રો માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

દેશના અગ્રણી શેરબજાર, બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE), મંગળવાર એટલે કે 3 માર્ચના રોજ હોળી નિમિત્તે બંધ રહેશે. જોકે, દેશના મોટાભાગના વિસ્તારોમાં રંગોનો આ તહેવાર બુધવાર, 4 માર્ચના રોજ ઉજવવામાં આવશે. યુરોપિયન બજારો માટે માર્ચની શરૂઆત ખરાબ રહી. ઈરાન સાથે વધતા તણાવને કારણે ગ્લોબલ માર્કેટમાં મચેલી અફરાતફરીથી ગયા અઠવાડિયાના રેકોર્ડ સ્તરથી યુરોપિયન શેર નીચે આવી ગયા છે. ઈરાને સાઉદી અરેબિયાની મોટી ઓઈલ રિફાઈનરી, રાસ તનુરા પર ડ્રોન હુમલો કર્યો, આ રિફાઈનરી સાઉદીની સરકારી તેલ કંપની અરામકોની માલિકીની હતી. આ હુમલા બાદ, બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ લગભગ 8% વધીને $77.86 પ્રતિ બેરલ પહોંચી ગયો છે.

રોઈટર્સના જણાવ્યા અનુસાર, વિશ્વની સૌથી મોટી તેલ અને ગેસ કંપનીઓમાંની એક સાઉદી અરામકોએ હુમલા પછી રિફાઈનરી બંધ કરી દીધી હતી. તેની ક્ષમતા દરરોજ આશરે 550,000 થી 600,000 બેરલ હોવાનો અંદાજ છે. રાસ તનુરા તેલ એક્સપોર્ટ ટર્મિનલ વિશ્વના સૌથી મોટા ઓફશોર તેલ લોડિંગ ટર્મિનલમાંનું એક છે. ક્રૂડ ઓઈલ મોટા ટેન્કરોમાં લોડ કરવામાં આવે છે અને અમેરિકા, એશિયા અને યુરોપ સહિતના દેશોમાં મોકલવામાં આવે છે. કાચા તેલની કિંમતોમાં આવેલા ઉછાળાને કારણે પેઈન્ટ બનાવતી કંપનીઓ, ટાયર કંપનીઓ અને ઓઈલ માર્કેટિંગ ફર્મોના શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. આનાથી કંપનીઓ માટે કાચા માલનો ખર્ચ, મોંઘવારી અને માર્જિન પર દબાણની ચિંતા વધી છે.



એશિયન પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ, કંસાઈ નેરોલેકના શેરમાં અંદાજે 3%નો ઘટાડો છે. જ્યારે ઈન્ડિયન ઓઈલ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમના શેરમાં 5% સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. ટાયર કંપની Ceat અને MRFના શેર લગભગ 2% નીચે કારોબાર કરી રહ્યા છે.

રાજપૂતાના સ્ટેનલેસનો 255 કરોડનો IPO 9 માર્ચના રોજ ખુલશે, જેના માટે કંપનીએ 116 થી 122 પ્રતિ શેરની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. આ ઈશ્યૂમાં નવા શેરનું વેચાણ અને ઓફર ફોર સેલ (OFS) બંનેનો સમાવેશ થાય છે. IPOથી મળનારી રકમનો ઉપયોગ કંપની તેના વિસ્તરણ અને દેવું ચૂકવવા માટે કરશે. સ્ટેનલેસ સ્ટીલના ઉત્પાદનો બનાવતી આ કંપનીએ નાણાકીય વર્ષ 2025માં રેવન્યુમાં સતત વૃદ્ધિ અને નફામાં સુધારો નોંધાવ્યો છે.

ઈઝરાયલ-ઈરાન સંઘર્ષ વચ્ચે શેરબજારમાં આવેલા ઘટાડાને ગ્લોબલ બ્રોકરેજ ફર્મ જેફરીઝે ખરીદીની એક તક ગણાવી છે. તાજેતરના પ્રાદેશિક સંઘર્ષોનું ઉદાહરણ આપતા ફર્મે જણાવ્યું હતું કે, ડરના કારણે આવેલો ઘટાડો રોકાણકારો માટે સારો મોકો બની શકે છે. જોકે, તેમણે હોર્મુઝ સ્ટ્રેટથી થતા કાચા તેલના સપ્લાયમાં કોઈપણ અવરોધ અંગે ભારત માટે ચેતવણી પણ આપી છે. GSK ફાર્માએ રણોજીત બિસ્વાસને કંપનીના નવા ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર (CFO) તરીકે નિયુક્ત કર્યા છે. તેમની આ નિમણૂક 1 એપ્રિલ, 2026થી અમલમાં આવશે અને તેઓ આગામી ત્રણ વર્ષ સુધી આ પદ પર રહેશે. ક્લીન મેક્સ એનવાયરો એનર્જી સોલ્યુશન્સનો શેર 27% તૂટી ગયો છે. 1,053ની ઈશ્યૂ પ્રાઈસ વાળો આ શેર NSE પર 27%ના ઘટાડા સાથે 768 ના સ્તર પર આવી ગયો છે. આ શેર 960 પર ઓપન થયો હતો. એનો અર્થ એ છે કે IPOમાં પૈસા રોકનાર રોકાણકારોને શેર દીઠ 282નું નુકસાન થઈ રહ્યું છે. દુનિયાની દિગ્ગજ શીપિંગ કંપની મોલર-મેર્સ્ક મિડલ ઈસ્ટમાં વધતા તણાવને ટાંકીને હોર્મુઝ સ્ટ્રેટ પરથી પોતાના તમામ જહાજોની અવરજવર રોકી દીધી છે. ડેનમાર્કની આ કંપનીએ જણાવ્યું કે, 'અમે આગામી આદેશ સુધી હોર્મુઝ સ્ટ્રેટ પરથી તમામ જહાજોનું પસાર થવું સ્થગિત કરી રહ્યા છીએ. આના કારણે આરબ અખાતના બંદરો પર આવતા-જતા માલસામાનમાં વિલંબ થઈ શકે છે.' હોર્મુઝ સ્ટ્રેટ અંદાજે 167 કિમી લાંબો જળમાર્ગ છે, જે પર્શિયન અખાતને અરબ સાગર સાથે જોડે છે. તેના બંને છેડા અંદાજે 50 કિમી પહોળા છે, જ્યારે સૌથી સાંકડો ભાગ લગભગ 33 કિમી પહોળો છે. આમાં આવવા-જવા માટેના દરિયાઈ ટ્રાફિક માટે 3 કિમી પહોળી શીપિંગ લેન નક્કી કરવામાં આવી છે. દુનિયાના કુલ પેટ્રોલિયમનો 20% હિસ્સો અહીંથી જ પસાર થાય છે. ઈરાન ઉપરાંત સાઉદી અરેબિયા, ઈરાક અને કુવૈત જેવા દેશો પણ પોતાની નિકાસ માટે આના પર નિર્ભર છે.

ભારતની કુલ 'નોન-ઓઈલ એક્સપોર્ટ'નો 10% થી વધુ હિસ્સો આ રસ્તેથી સપ્લાય થાય છે. જેમાં બાસમતી ચોખા, ચા, મસાલા અને એન્જિનિયરિંગના સામાનનો સમાવેશ થાય છે. કોટક સિક્યોરિટીઝના ઈક્વિટી રિસર્ચ હેડ શ્રીકાંત ચૌહાણના જણાવ્યા અનુસાર, બજારે 25,300નું મહત્વનું સપોર્ટ લેવલ તોડી નાખ્યું છે. હવે નજર રાખવા જેવું આગામી સ્તર 25,000 છે. જો નિફ્ટી આની નીચે જળવાઈ રહેશે, તો દબાણ વધુ વધી શકે છે. આગામી મોટો સપોર્ટ 24,500 થી 24,350ની વચ્ચે મળી શકે છે. ઉપરની તરફ હવે 25,400નું સ્તર રેઝિસ્ટન્સનું કામ કરશે. જો બજાર આની ઉપર બંધ થવામાં સફળ રહેશે, તો 25,600 સુધી રિકવરી જોવા મળી શકે છે. રોકાણકારોને નિફ્ટીમાં 24,600 થી 24,500ની રેન્જમાં ખરીદીની સલાહ છે. 24,300નો સ્ટોપ લોસ રાખવો જરૂરી છે. બજારમાં ગભરાટને માપવાનું માપદંડ એટલે કે 'ઈન્ડિયા વિક્સ' (India Vix) આજે 9 મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગયો છે. ઈન્ડિયા વિક્સમાં અંદાજે 20%નો જોરદાર ઉછાળો આવ્યો અને તે 16.38ના સ્તર પર પહોંચી ગયો. આ સ્તર અગાઉ જૂન મહિનામાં ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલેલા 12 દિવસના યુદ્ધ દરમિયાન જોવા મળ્યું હતું. કોટન યાર્ન બનાવતી કંપની શ્રી રામ ટ્વિસ્ટેક્સ લિમિટેડનો શેર NSE પર તેના IPO ઈશ્યૂ પ્રાઈસ 104ની સામે 34.62% ઘટીને 68 પર લિસ્ટ થયો. જ્યારે BSE પર તેનું લિસ્ટિંગ 70 પર થયું, જે ઈશ્યૂ પ્રાઈસથી 32.69% ઓછું છે. પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજકીય તણાવની અસર ભારતીય શેરબજારમાં ડિફેન્સ સેક્ટરની કંપનીઓ પર જોવા મળી રહી છે. ભારતની ડિફેન્સ કંપનીઓ, પારસ ડિફેન્સ અને આઈડિયાફોર્જ ટેકનોલોજીના શેરમાં 10% થી વધુની તેજી છે. આ ઉપરાંત ભારત ડાયનેમિક્સ અને ડેટા પેટર્ન્સના શેરમાં પણ 3% થી 4%નો ઉછાળો આવ્યો છે. રિન્યુએબલ એનર્જી સેક્ટરની કંપની ક્લીન મેક્સ એનવાયરો એનર્જી સોલ્યુશન્સના શેરની આજે શેરબજારમાં નબળી શરૂઆત થઈ. NSE પર કંપનીનો શેર તેના આઈપીઓ (IPO) ઈશ્યૂ પ્રાઈસ 1053ની સામે 8.83% ઘટીને 960 પર લિસ્ટ થયો. BSE પર તેનું લિસ્ટિંગ 952 પર થયું, જે ઈશ્યૂ પ્રાઈસથી 9.57% ઓછું છે. નબળા લિસ્ટિંગના કારણે રોકાણકારોને પહેલા જ દિવસે શેર દીઠ અંદાજે 93નું નુકસાન થયું છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે સોમવાર સવારે શેરબજારમાં કડાકો બોલાયો છે, પરંતુ ગોલ્ડ અને સિલ્વર ETFમાં જોરદાર તેજી જોવા મળી છે. જ્યાં સેન્સેક્સ 1000 પોઈન્ટ તૂટ્યો છે, ત્યાં ટાટા સિલ્વર ETF 7% અને ICICI-SBIના સિલ્વર ETF 6% થી વધુ ઉછળ્યા છે. સોનાના કિસ્સામાં પણ ICICI અને ટાટા ગોલ્ડ ETFમાં 5% થી વધુનો વધારો રહ્યો છે, જ્યારે નિપ્પોન અને SBIના ગોલ્ડ ફંડ 4-5% સુધી વધ્યા છે.

## અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે સોનામાં ₹7000નો ઉછાળો: 10 ગ્રામની કિંમત ₹1.66 લાખ થઈ, ચાંદી ₹20,000 વધીને ₹2.87 લાખ પર પહોંચી

**નવી દિલ્હી, તા.02**

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધને કારણે આજે એટલે કે 2 માર્ચે સોના-ચાંદીના ભાવમાં વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 7 હજાર રૂપિયા વધીને 1.66 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તેની કિંમત 1.59 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

જ્યારે, એક કિલો ચાંદી 20 હજાર રૂપિયા વધીને 2.87 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તેની કિંમત 2.67 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોનું 1.90 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. ચાંદી 3.50 લાખ સુધી પહોંચી શકે છે. યુદ્ધ જેવા અનિશ્ચિત માહોલમાં રોકાણકારો સોનાને સુરક્ષિત માને છે અને તેમાં પૈસા રોકવા લાગે છે. આનાથી તેની માંગ વધે છે અને તે મોંઘા થવા લાગે છે. દુનિયામાં તણાવ: મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈરાન યુદ્ધ અને રશિયા-યુક્રેન વાટાઘાટો નિષ્ફળ જવાથી અસુરક્ષાનો માહોલ છે. લોકો સોનામાં પૈસા રોકી રહ્યા છે.



ફેડ રેટ કટની અપેક્ષા: અમેરિકી ફેડે આ વર્ષે વ્યાજ દરો ઘટાડવાના સંકેત આપ્યા છે. દરો ઓછા થવા પર સોના જેવી વસ્તુઓની માંગ વધી જાય છે.

સસ્તામાં ખરીદી: છેલ્લા દિવસોમાં બંને મેટલ્સમાં મોટો ઘટાડો થયા બાદ ભાવ આકર્ષક બન્યા છે. રોકાણકારો અને જ્વેલર્સે સસ્તામાં ખરીદવાનું શરૂ કરી દીધું છે. સોનું આ વર્ષે 33,000 અને ચાંદી 56,000 મોંઘી આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં તેજી જોવા મળી છે. ગયા વર્ષના અંતે સોનું 10 ગ્રામ દીઠ 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.66 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. એટલે કે, આ વર્ષે અત્યાર સુધીમાં તેની કિંમત 56 હજાર વધી ગઈ છે. જ્યારે ચાંદી પણ આ સમયગાળા દરમિયાન 61 હજાર રૂપિયા મોંઘી થઈ ગઈ છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકથી ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ રાખો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

## FII એ ફેબ્રુઆરીમાં ભારતીય બજારમાં ₹22,615 કરોડનું રોકાણ કર્યું: 17 મહિનાનું આ સૌથી મોટું રોકાણ, ભારત-US ટ્રેડ ડીલ અને કોર્પોરેટ અર્નિંગ્સની અસર....

**મુંબઈ, તા.02**

ફેબ્રુઆરી મહિનામાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ ભારતીય શેરબજારમાં જબરદસ્ત વાપસી કરી છે. ડિપોઝિટરીના આંકડા મુજબ, આ મહિને વિદેશી રોકાણકારોએ 22,615 કરોડના શેર ખરીદ્યા. આ છેલ્લા 17 મહિનામાં વિદેશી રોકાણનું સૌથી ઊંચું સ્તર છે. આ પહેલા સપ્ટેમ્બર 2024માં FPIs એ 57,724 કરોડનું રોકાણ કર્યું હતું.

બજાર નિષ્ણાતોનું માનવું છે કે ભારત અને અમેરિકા વચ્ચે થયેલી વચગાળાની ટ્રેડ ડીલ, શેરોના ભાવમાં સુધારો અને કંપનીઓના ત્રીજા ક્વાર્ટર (Q3) ના શાનદાર પરિણામોએ રોકાણકારોનો વિશ્વાસ પાછો લાવ્યો છે.

વર્ષ 2026ની શરૂઆત વિદેશી રોકાણકારો માટે ઘણી ખરાબ રહી હતી. ફેબ્રુઆરીમાં થયેલી આ ખરીદી પહેલા સતત ત્રણ મહિના સુધી FPIs એ બજારમાંથી પૈસા પાછા ખેંચ્યા હતા.



એકંદરે વર્ષ 2025માં વિદેશી રોકાણકારોએ ભારતીય ઈક્વિટીમાંથી લગભગ 18.9 બિલિયન ડોલર એટલે કે 1.72 લાખ કરોડ રૂપિયા પાછા ખેંચ્યા છે. આ વેચવાલીનું મુખ્ય કારણ ડોલર સામે રૂપિયામાં નબળાઈ, વૈશ્વિક વેપાર તણાવ અને અમેરિકી ટેરિફનો ડર હતો.

એન્જલ વન લિમિટેડના સિનિયર ફંડામેન્ટલ એનાલિસ્ટ જાવેદ ખાનના મતે, ફેબ્રુઆરીમાં આ રોકાણ પાછળ ત્રણ મોટા કારણો છે. ભારત-યુએસ ટ્રેડ એગ્રીમેન્ટ: બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોમાં સુધારાથી સેન્ટિમેન્ટ બદલાયું છે. વેલ્યુએશનમાં સુધારો: છેલ્લા કેટલાક મહિનાઓના ઘટાડા પછી ભારતીય શેર હવે રોકાણ માટે આકર્ષક લાગી રહ્યા છે.

Q3 અર્નિંગ્સ: નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં કંપનીઓના નફામાં 14.7%ની વૃદ્ધિ જોવા મળી છે, જેનાથી ભારતની ગ્રોથ સ્ટોરી પર વિશ્વાસ વધ્યો છે. ગ્રો મ્યુચ્યુઅલ ફંડના CEO વરુણ ગુપ્તાએ જણાવ્યું કે ભારતે તાજેતરમાં યુરોપિયન યુનિયન (EU) અને યુકે સાથે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) કર્યા છે, જેનાથી અનિશ્ચિતતા ઓછી થઈ છે. સેક્ટરના દૃષ્ટિકોણથી જોઈએ તો, વિદેશી રોકાણકારોએ સૌથી વધુ નાણાં ફાઈનાન્સિયલ સર્વિસિસ અને કેપિટલ ગુડ્સ સેક્ટરમાં રોક્યા છે. જ્યારે બીજી તરફ IT સેક્ટરમાં વેચવાલી ચાલુ છે. ફેબ્રુઆરી મહિનામાં FIIs એ IT શેરોમાંથી 10,956 કરોડ પાછા ખેંચ્યા છે. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી.કે. વિજયકુમારના મતે, એન્થ્રોપિક જેવી AI કંપનીઓના વધતા પ્રભાવના ડરથી રોકાણકારો IT શેરો વેચી રહ્યા છે.

નિષ્ણાતોનું માનવું છે કે માર્ચ મહિનામાં પણ વિદેશી રોકાણ સકારાત્મક રહી શકે છે. જોકે, કેટલીક પડકારો હજુ પણ યથાવત છે. રૂપિયાની ચાલ: જો રૂપિયો ડોલર સામે 91ના સ્તરથી નીચે રહે છે, તો વિદેશી રોકાણકારોને વળતરમાં રાહત મળશે. મિડલ ઈસ્ટ સંકટ: મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવની અસર ક્રૂડ ઓઈલની કિંમતો પર પડી શકે છે, જેના પર નજર રાખવી જરૂરી છે. FY27 નો આઉટલુક: ચોથા ક્વાર્ટર (Q4) ના પરિણામો નક્કી કરશે કે આવતા વર્ષે 15% ની અર્નિંગ્સ ગ્રોથ હાંસલ કરી શકાય છે કે નહીં.

## ટેકનોલોજિકલ બદલાવથી રોજગારો ઘટવાને બદલે વધ્યા હોવાનું જોવાયું છે

### એઆઈથી કામકાજની પદ્ધતિમાં બદલાવ આવશેઃ નારાયણ મૂર્તિ

**મુંબઈ, તા.02**

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ને કારણે રોજગારો ગુમાઈ જશે તેવી ફેલાયેલી ચિંતાને ઈન્ફોસિસના સ્થાપક એન. આર. નારાયણ મૂર્તિએ દૂર કરતા જણાવ્યું હતું કે, ટેકનોલોજિકલ બદલાવથી રોજગારો ઘટવાને બદલે વધ્યા હોવાનું ભૂતકાળમાં જોવા મળ્યું છે.

ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફરમેશન ટેકનોલોજી - બેંગ્લોર (આઈઆઈઆઈટી-બેંગ્લોર) ખાતે એક કાર્યક્રમમાં બોલતા તેમણે જણાવ્યું હતું કે ટેકનોલોજીને કારણે બૃહદ સ્તરે રોજગાર ઘટતા નથી તે વાતથી પોતે સહમત છે. ઊલટાનું આનાથી કામકાજની પદ્ધતિમાં બદલાવ આવી રહ્યો છે અને નવી તકો ઊભી થઈ છે જે નવી ક્ષમતાઓ માટે માગ ઊભી કરે છે.



કોર બેન્કિંગ સોલ્યુશન્સના અમલને કારણે પ્રારંભમાં ચિંતા ઊભી થઈ હતી, પરંતુ યુકે અને બાદમાં ભારતમાં રોજગારમાં વૃદ્ધિ થઈ હતી. ટેકનોલોજીની ક્ષમતા વધતા અને સેવામાં વિસ્તરણને પરિણામે રોજગારમાં વૃદ્ધિ જોવા મળી હતી એમ અગાઉના અનુભવનો ઉલ્લેખ કરતા નારાયણ મૂર્તિએ હતું.

એઆઈ ટુલ્સને કારણે મોટાભાગના ઉદ્યોગોમાં ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો થશે. સાથોસાથ, પારંપારિક પ્લેટફોર્મ્સ અને હાલની મેન્ટેનન્સ જરૂરિયાતો ટેકનોલોજી સેવા ક્ષેત્રમાં રોજગારને ટકાવી રાખશે.

સોફ્ટવેર સેવાઓમાં વ્યવસાયીકોનું ધ્યાન તબક્કાવાર બદલાતું જશે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ટેકનોલોજી આધારિત આરોગ્યસંભાળ સેવા તથા કૃષિમાં ઉત્પાદકતાના લાભોને આગામી દાયકામાં ભારતને આકાર આપનારા મુખ્ય પરિબળો તરીકે મૂર્તિએ ઓળખી કાઢયા છે.

વૈશ્વિક સ્તરે ટેકનોલોજી સ્ટોકસમાં હાલમાં જોવા મળેલી ભારે વોલેટિલિટી વચ્ચે નારાયણ મૂર્તિનો એઆઈ સંદર્ભમાં મત આવી પડયા છે.

## હોર્મુઝ બંધ નહીં થાય, પરંતુ પેટ્રોલ-ડીઝલ મોંઘા થઈ શકે છે: ₹ 4-5 ભાવ વધી શકે છે, સોનું ₹30 હજાર વધવાની અપેક્ષા, અમેરિકા-ઈરાન યુદ્ધની અસર....

**નવી દિલ્હી, તા.02**

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે હાલમાં હોર્મુઝ જળમાર્ગને બંધ કરવાનો કોઈ ઈરાદો નથી. એક દિવસ પહેલા જ્યારે અમેરિકી હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેની માર્યા ગયા હતા, ત્યારે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે ઈરાન હોર્મુઝને બંધ કરી શકે છે.

જો હોર્મુઝ બંધ થાત તો ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર પ્રતિ બેરલથી વધીને 120 ડોલર પ્રતિ બેરલ સુધી જઈ શકતા હતા. તેની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકતી હતી. જોકે, નિષ્ણાતો હજુ પણ માની રહ્યા છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાનું જોખમ હજુ પણ યથાવત છે.

ઓઈલ ટેન્કર પર હુમલા: ઈરાન હોર્મુઝ જળમાર્ગને સત્તાવાર રીતે બંધ ન કરે, પરંતુ તે ઓઈલ ટેન્કરો પર હુમલા કરી શકે છે. તાજેતરમાં પર્શિયન ગલ્ફના મુખ પર ત્રણ જહાજો પર હુમલો પણ કરવામાં આવ્યો છે. આ હુમલા પછી ટેન્કર કંપનીઓ આ માર્ગથી દૂર થઈ રહી છે. જો ઈઝરાયેલ અને



અમેરિકા સાથે ચાલી રહેલું આ યુદ્ધ લાંબુ ખેંચાય છે, તો આવા હુમલાઓ ભવિષ્યમાં પણ ચાલુ રહી શકે છે. આનાથી શિપિંગ કંપનીઓ તે માર્ગે જવાથી ડરશે અને માર્ગ તકનીકી રીતે ખુલ્લો હોવા છતાં ક્રૂડનો પુરવઠો અટકી જશે અને કિંમતો વધશે.

વીમો અને શિપિંગ ખર્ચ: યુદ્ધ જેવી પરિસ્થિતિમાં દરિયાઈ માર્ગો પર જોખમ વધી જાય છે. આ કારણોસર, ક્રૂડ ઓઈલ લાવતા જહાજોનો 'વોર રિસ્ક ઈન્સ્યોરન્સ' અને શિપિંગ ભાડું મોંઘું થઈ જાય છે. આ વધેલો ખર્ચ અંતે ક્રૂડ ઓઈલની કિંમતોને ઉપર લઈ જાય છે. માર્કેટમાં ગભરાટ: વૈશ્વિક બજાર હંમેશા ભવિષ્યની આશંકાઓ પર ચાલે છે. જ્યાં સુધી મિડલ ઈસ્ટમાં તણાવ સંપૂર્ણપણે સમાપ્ત ન થાય, ત્યાં સુધી ક્રૂડ ઓઈલમાં તેજી રહી શકે છે.

પેટ્રોલ ડીઝલ: દિલ્હીમાં પેટ્રોલ 95 પ્રતિ લિટરથી વધીને 100 સુધી પહોંચી શકે છે. જ્યારે ડીઝલ 88થી વધીને 92 સુધી જઈ શકે છે. અન્ય શહેરોમાં પણ આ જ રીતે ભાવ વધી શકે છે. પહેલાં જ્યારે હોર્મુઝ બંધ થવાના સમાચાર આવ્યા હતા ત્યારે નિષ્ણાતો અનુમાન લગાવી રહ્યા હતા કે ક્રૂડ ઓઈલના ભાવ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. જ્યારે પેટ્રોલ 105 રૂપિયા સુધી પહોંચી શકે છે.

હવે ઈરાનના વિદેશ મંત્રીના નિવેદન પછી નિષ્ણાતો ક્રૂડ ઓઈલના ભાવ 100 ડોલર સુધી પહોંચવાનું અનુમાન લગાવી રહ્યા છે. આ જ આધારે પેટ્રોલ-ડીઝલના ભાવના અનુમાનમાં પણ થોડો ઘટાડો કરવામાં આવ્યો છે.

ભારત તેની જરૂરિયાતનું 90% તેલ આયાત કરે છે. તેમાંથી લગભગ 50% ક્રૂડ હોર્મુઝના રસ્તેથી આવે છે. નિષ્ણાતોનું માનવું છે કે જો આ રસ્તો સંપૂર્ણપણે અથવા થોડો અવરોધિત થાય છે, તો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો ઘટશે અને ક્રૂડ ઓઈલની કિંમતો વધશે.

ભારતમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો સરકારી તેલ કંપનીઓ નક્કી કરે છે. છેલ્લા 15 દિવસમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત અને ડોલર સામે રૂપિયાની સ્થિતિ પર આધાર રાખે છે. જોકે, કંપનીઓ બેઝ પ્રાઈસ નક્કી કરે છે. સામાન્ય માણસ સુધી પહોંચતી અંતિમ કિંમતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના ટેક્સનો મોટો હિસ્સો હોય છે. એટલે કે, તેલ કંપનીઓ ભાવ વધારવા માટે સ્વતંત્ર છે, પરંતુ વાસ્તવમાં અંતિમ નિર્ણય સરકારના વલણ પર આધાર રાખે છે. જ્યારે પણ યુદ્ધ જેવી પરિસ્થિતિઓ સર્જાય છે, ત્યારે સરકાર રાજકીય અને આર્થિક સ્થિરતા જાળવી રાખવા માટે કંપનીઓને કિંમતો ન વધારવાની સલાહ આપી શકે છે અથવા તો પોતે ટેક્સ ઘટાડીને વધેલી કિંમતોનો બોજ જનતા પર પડતો અટકાવી શકે છે.

સોનું-ચાંદી: કોમોડિટી નિષ્ણાત અજય કેડિયાના મતે સોનું 1.60 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામથી વધીને 1.90 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. ચાંદી 2.67 લાખ રૂપિયા પ્રતિ કિલો છે જે વધીને 3.50 લાખ સુધી પહોંચી શકે છે. યુદ્ધના સમયે રોકાણકારો 'સોના'ને સુરક્ષિત માને છે. શેરબજાર: ઈન્ફોમેરિક્સ રેટિંગ્સના ચીફ ઈકોનોમિસ્ટ મનોરંજન શર્માના મતે, 28 ફેબ્રુઆરી 2026ના રોજ અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ અચાનક ખૂબ વધી ગયો છે.

# 39.41 કરોડના સાયબર ફ્રોડમાં અમદાવાદથી બે સૂત્રધાર ઝડપાયા

## 15થી વધુ રાજ્યોમાં 59થી વધુ સાયબર ફ્રોડ કર્યા, સો.મીડિયા અને મેસેજિંગ એપથી લોકોને લાલચ આપતા

**અમદાવાદ, તા.02**

રાજ્યમાં વધી રહેલા સાયબર ગુનાઓ સામે મોટી કાર્યવાહી કરતાં CID ક્રાઈમના સાઈબર સેન્ટર ઓફ એક્સલન્સે 39.41 કરોડ રૂપિયાની આંતરરાજ્ય સાયબર ઠગાઈનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં અમદાવાદથી બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ દેશના 15 થી વધુ રાજ્યોમાં 59થી વધુ સાયબર ફ્રોડ આચર્યા હતા.

CID ક્રાઈમના અધિકારીઓએ ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ ટ્રેલના આધારે આ ગેંગ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. આરોપીઓના મોબાઈલ અને બેંક




એકાઉન્ટની તપાસ દરમિયાન 11થી વધુ બેંક ખાતાં તથા અનેક સિમ કાર્ડનો ઉપયોગ કરાયો હોવાનો ખુલાસો થયો છે. પ્રાથમિક અંદાજ મુજબ આ ગેંગ દ્વારા કુલ 39,41,26,382 રૂપિયાની છેતરપીંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

આરોપીઓ સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ દ્વારા લોકોનો સંપર્ક કરી તેમને વિવિધ લાલચ આપી છેતરતા હતા. "ડિજિટલ અરેસ્ટ", "ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ", "UPI ફ્રોડ", "ટ્રેડિંગ ફ્રોડ" અને "પાર્ટ ટાઈમ જોબ"ના નામે નાગરિકોને વિશ્વાસમાં લઈ રૂપિયા ટ્રાન્સફર કરાવતા હતા. ત્યારબાદ રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં ફેરવી દેતા અને ટ્રેસ ટાળવા માટે નવા મોબાઈલ નંબર અને એકાઉન્ટનો ઉપયોગ કરતા હતા.

તપાસમાં બહાર આવ્યું છે કે મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, દિલ્હી, ગુજરાત સહિત કુલ 15 થી વધુ રાજ્યોમાં આ ગેંગ સક્રિય હતી. અનેક પીડિતોએ ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે ટેકનિકલ એનાલિસિસ કરીને આરોપીઓને ઝડપવામાં આવ્યા.

CID ક્રાઈમે નાગરિકોને અપીલ કરી છે કે અજાણી વ્યક્તિ દ્વારા મળતી લાલચભરી ઓફરો, અજાણ્યા લિંક અથવા કોલ પર વિશ્વાસ ન કરવો. કોઈપણ સાયબર ફ્રોડની ઘટનામાં તરત જ 1930 હેલ્પલાઈન પર સંપર્ક કરવો અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવી. આંતરરાજ્ય સ્તરે કાર્યરત આ ગેંગના પર્દાફાશ બાદ CID ક્રાઈમ હવે અન્ય સંડોવાયેલા આરોપીઓ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

# નરોડા કોલેજે માઉન્ટ આબુમાં આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજ્યો: બહુવિષયક સંશોધન અને NEP 2020 પર ત્રણ દિવસીય ચર્ચા

**અમદાવાદ, તા.02**

શ્રીમતી એ.પી. પટેલ આર્ટ્સ અને સ્વ. શ્રી એન.પી. પટેલ કૉમર્સ કૉલેજ, નરોડાના ઈન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ (IQAC) દ્વારા માઉન્ટ આબુ ખાતે ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર 27 ફેબ્રુઆરીથી 1 માર્ચ, 2026 દરમિયાન હોટેલ હિલટોન, માઉન્ટ આબુ, રાજસ્થાન ખાતે યોજાયો હતો. તેનો મુખ્ય વિષય 'બહુવિષયક સંશોધન, નવીનતા, પડકારો અને NEP 2020 સંબંધિત આધુનિક આંતરરાષ્ટ્રીય તાલીમમાં ભવિષ્યના માર્ગદર્શનો' હતો.

ઉદ્ઘાટન સમારોહમાં સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. નિરંજન પી. પટેલ અને ડૉ. મુકેશભાઈ પટેલ મુખ્ય



વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, નરોડા કેળવણી મંડળના મંત્રી અશ્વિનભાઈ પટેલ અને કેમ્પસ ડિરેક્ટર ડૉ. રમેશ ચૌધરી પણ હાજર રહ્યા હતા.

આ સેમિનારનું સફળ આયોજન પ્રિન્સિપાલ ડૉ. મુકેશ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ, IQAC કોઓર્ડિનેટર ડૉ. મંજુલા વિરડિયા અને IQAC સહ-કોઓર્ડિનેટર પ્રો. ધીરેન સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. કુલ ચાર ટેકનિકલ સેશનમાં 84 પેપર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

સેમિનાર દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમાપન સમારોહમાં વિવિધ રાજ્યોમાંથી આવેલા 100 પ્રતિભાગીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. રજૂ કરાયેલા શોધપત્રો 'શોધસંચય ISSN ઓનલાઈન મેગેઝિન'માં પ્લેગ્યારિઝમ અને પેનલ રિવ્યૂ બાદ પ્રકાશિત કરવામાં આવશે. કોલેજના તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સહયોગથી આ સેમિનાર સફળ રહ્યો હતો.

# હેલ્પ્સ ફાઉન્ડેશને હોળી પર બાળકોને ધાણી-ગુલાલ આપ્યા: પિચકારીનું વિતરણ કરી તહેવારની ખુશી અને સામાજિક જવાબદારી નિભાવી....

**અમદાવાદ, તા.02**

હોળીના પવિત્ર તહેવાર નિમિત્તે હેલ્પ્સ ફાઉન્ડેશન દ્વારા શાળાના બાળકોને ધાણી, ગુલાલ અને પિચકારીનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માત્ર એક ઉજવણી નહોતી, પરંતુ સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ઘણા જરૂરિયાતમંદ પરિવારોના બાળકો માટે તહેવારોની ઉજવણી ઘણીવાર મુશ્કેલ હોય છે. આવા સમયે, સંસ્થા દ્વારા અપાયેલી આ નાની ભેટ બાળકોના ચહેરા પર અમૂલ્ય ખુશી લાવી હતી. ધાણી અને ગુલાલ સમાનતા અને ભાઈચારાનું પ્રતીક છે, જ્યારે પિચકારી બાળપણની મસ્તી અને નિર્દોષ આનંદ દર્શાવે છે. આ વિતરણથી બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને તેમને સમાજમાં સમાન સ્થાન મળ્યાનો અનુભવ થાય છે.



આ પ્રકારની સેવા પ્રવૃત્તિ સમાજમાં સહાનુભૂતિ અને પરોપકારની ભાવનાને મજબૂત બનાવે છે. તે બાળકોમાં વહેંચણી, પ્રેમ અને સાથે મળીને ઉજવણી કરવાની સંસ્કૃતિ વિકસાવે છે. શાળામાં સામૂહિક રીતે હોળીની ઉજવણી કરવાથી એકતા અને મિત્રતા વધે છે, તેમજ તહેવારનું સાચું મહત્વ સમજાય છે.

હેલ્પ્સ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ દ્વારા આયોજિત આવી પહેલ સમાજને સકારાત્મક દિશામાં આગળ વધારતી પ્રેરણાદાયક કામગીરી છે. તહેવારોની ઉજવણી સાથે સેવા અને સંસ્કારનું સંકલન થવાથી સમાજ વધુ સંવેદનશીલ અને સશક્ત બને છે. આ વિતરણ કાર્યક્રમ દ્વારા માત્ર રંગો જ નહીં, પરંતુ ખુશીઓ અને આશાનું પણ વિતરણ થયું, જે સાચા અર્થમાં હોળીની ઉજવણી ગણાય.

# શાહપુરમાં પાર્ટી પ્લોટ બંધ કરી સ્પોર્ટસ કોમ્પલેક્સ બનાવાશે: રૂ. 7.31 કરોડના ખર્ચે બનનારા ત્રણ માળના સ્પોર્ટસ કોમ્પલેક્સમાં જિમ્નેશિયમ

**અમદાવાદ, તા.02**

શહેરના શાહપુર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ભવાનીસિંહ ચૌહાણ પાર્ટી પ્લોટ બંધ કરી તેની જગ્યાએ નવું અધ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટેની મંજૂરી આપવામાં આવી છે. શહેરના મધ્ય વિસ્તારમાં રૂ. 7.31 કરોડના ખર્ચે ત્રણ માળનું અધ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવામાં આવશે. જિમ્નેશિયમ, યોગા હોલ, પાર્કિંગ સહિતની સુવિધા વાળું અધ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનશે. પાર્ટી પ્લોટનું નવીનીકરણ કરવા માટેની મ્યુનિસિપલ કમિશનર સમક્ષ મંજૂરી માંગવામાં આવી હતી પરંતુ પાર્કિંગની સમસ્યા અને અન્ય બાબતોને ધ્યાનમાં રાખી અને ત્યાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટે



નિર્ણય કરવામાં આવ્યો છે.

રોડ એન્ડ બિલ્ડીંગ કમિટીના ચેરમેન જયેશ પટેલે જણાવ્યું હતું કે શહેરના શાહપુર વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના લાલા કાકા હોલ ની બાજુમાં જ ભવાનીસિંહ ચૌહાણ પાર્ટી પ્લોટ આવેલો છે જે પાર્ટી પ્લોટ જર્જરીત હાલતમાં અને તેનું નવીનીકરણ કરવાની જરૂરિયાત હતી પરંતુ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યા બાદ ત્યાં નવું અધ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો જેના માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. દ્વારા તેની ડિટેલમાં ડિઝાઈન વગેરે તૈયાર કરવામાં આવ્યુ હતું

પાર્ટી પ્લોટનો વિસ્તાર કુલ 2593 ચોરસ મીટર છે જેમાં બે માળનું પાર્કિંગની સુવિધા વાળું સ્પોટ્સ કોમ્પ્લેક્સ બનાવવામાં આવશે. ગ્રાઉન્ડ ફ્લોર પર 669 ચોરસ મીટરમાં જીમનેશિયમ, યોગા હોલ, એડમીન રૂમ, લેડીસ એન્ડ જેન્ટ્સ ચેન્જ રૂમ વોશરૂમ વગેરે બનાવવામાં આવશે જ્યારે પ્રથમ માળ ઉપર 669 ચોરસ મીટર વિસ્તારમાં ટેબલ ટેનિસ કોર્ટ, કરાટે, જુડો, ડોર ગેમ અને વોશરૂમ બનાવવામાં આવશે જ્યારે બીજા માળ ઉપર 669 ચોરસ મીટર વિસ્તારમાં ડબલ હાઈટેડ બેડમિન્ટન કોર્ટ, ઈન્ડોર ગેમ્સ વગેરે કરવામાં આવશે જ્યારે ત્રીજા માળ ઉપર પણ આટલા ચોરસ મીટરમાં વોશ રૂમ સાથેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

857 ચોરસ મીટરમાં ટુ-વ્હીલર અને ફોરવીલર પાર્કિંગ સહિતની સુવિધાઓ હશે. ગ્રીન સ્પેસ એરિયા પણ રાખવામાં આવશે. રોડ એન્ડ બિલ્ડીંગ કમિટીમાં 7.31 કરોડના ખર્ચે અધ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટેની મંજૂરી આપી દેવામાં આવી છે જેથી આગામી બે વર્ષમાં આ જગ્યા પર નવું સ્પોર્ટ કોમ્પ્લેક્સ બનીને તૈયાર થશે જેનાથી શાહપુર દરીયાપુર સહિતના વિસ્તારના એક લાખથી વધુ યુવાનોને લાભ થશે.

# પૂર્વ MLA હિંમતસિંહના ભાણિયાએ દારુ પીને ગાડી ચલાવી અકસ્માત કર્યો

**અમદાવાદ, તા.02**

અમદાવાદ શહેરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલનો ભાણિયો વિશાલ ગુર્જર ગત(1 ફેબ્રુઆરી) રાત્રે દારૂ પીધેલી હાલતમાં ઝડપાયો હતો. મણિનગર પોલીસ સ્ટેશન પાસે વિશાલ ગુર્જરે દારૂ પીધેલી હાલતમાં ગાડી ચલાવી બે વાહનોને ટક્કર મારી હતી. લોકોના ટોળાએ વિશાલને મેથીપાક આપીને પોલીસને સોંપ્યો હતો. વિશાલ ગુર્જર યુથ કોંગ્રેસનો શહેર પ્રમુખ પણ રહી ચૂક્યો છે. જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

મણિનગર પોલીસ સ્ટેશન પાસે સીટી કોર્નર હોટલની બાજુમાં રાતે એક વર્ના ગાડીએ બે વાહનોને ટક્કર મારી હતી.જેમાં એક ગાડી



પર લિસોટા પડ્યા હતા.જ્યારે એક્ટિવા નીચે પડતા નુકસાન થયું હતું.અકસ્માત બાદ લોકોના ટોળા ભેગા થયા હતા. લોકોએ અકસ્માત કરનાર વર્ના કારના ચાલકને ગાડીમાંથી બહાર કાઢ્યો ત્યારે કાર ચાલક દારૂ પીધેલી હાલતમાં જોવા મળ્યો હતો.

અકસ્માત કરનાર વર્ના ગાડીમાં બ્લેક ફિલ્મ લાગેલી હતી એટલું જ નહીં કારમાં આગળની તરફ NSUIની પ્લેટ પણ લાગેલી હતી.આ કારચાલક બીજું કોઈ નહીં, પરંતુ કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય હિંમતસિંહ પટેલનો ભાણિયો અને યુથ કોંગ્રેસનો પૂર્વ શહેર પ્રમુખ વિશાલ ગુર્જર હતો.

વિશાલ ગુર્જરને લોકોએ ગાડીમાંથી બહાર કાઢીને મેથીપાક પણ આપ્યો હતો.આ દરમિયાન મણિનગર પોલીસ સ્ટેશન નજીક હોવાથી મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ વાય.જે રાઠોડ પણ સ્થળ પર પહોંચ્યા હતા અને આરોપીને છોડાવ્યો હતો. આરોપીએ નશાની હાલતમાં પીઆઈ સાથે પણ ગેરવર્તણુક કરી હતી.જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# મેડિકલ સ્ટુડન્ટે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી: એમ.કે. શાહ મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલના રૂમમાં જિંદગી ટૂંકાવી

**અમદાવાદ, તા.02**

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં SMS હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી ડો. એમ.કે. શાહ મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલમાં અભ્યાસ કરતા 26 વર્ષીય વિદ્યાર્થી દ્વારા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેવામાં આવી છે. રવિવારે વહેલી સવારે બોયઝ હોસ્ટેલના તેના સાથી મિત્રને જાણ થઈ હતી. રૂમમાં સીલીંગ ફેન પર દોરી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ચાંદખેડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

# પશ્ચિમ ભારતનું પ્રથમ રશિયન ભાષા અને સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્ઘાટન: રશિયન એમ્બેસીના કાઉન્સિલરની ઉપસ્થિતમાં ગુજરાત યુનિ.ના ભાષા સાહિત્ય ભવનમાં કેન્દ્ર શરૂ કરાયું

**અમદાવાદ, તા.02**

અમદાવાદમાં પશ્ચિમ ભારતનું પ્રથમ રશિયન કલ્ચરલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીમાં આવેલા ભાષા સાહિત્ય ભવન ખાતે રશિયન ભાષા અને સંસ્કૃતિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીમાં રશિયન ભાષા અને સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. રશિયન એમ્બેસીના કાઉન્સિલર ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા રશિયન ભાષા અને સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તેમજ ભાષા ભવનમાં બનાવવામાં આવેલા રશિયન ભાષા અને સંસ્કૃતિ કેન્દ્રમાં કેવી વ્યવસ્થા કરવામાં આવી છે તે પણ નિહાળી હતી. શૈક્ષણિક સહયોગ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ થશે. વિદ્યાર્થીઓ સહિત નાગરિકો રશિયન સેન્ટરમાં રશિયાની સંસ્કૃતિ વિશે જાણકારી મેળવી શકશે. રશિયન ભાષા, સાહિત્ય, ઈતિહાસ અને સાંસ્કૃતિક પરંપરાઓના અભ્યાસ માટે કાર્યરત રહેવાનું છે. આ કેન્દ્ર રશિયન ભાષા શિક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈતિહાસ,



શૈક્ષણિક ચર્ચા-વિમર્શ અને સહયોગી પહેલો વગેરે વિદ્યાર્થીઓ, સંશોધનકર્તાઓ, તથા શિક્ષણવિદો કેન્દ્રમાં સેવા આપશે. તેમજ આગામી સમયમાં નવા કોર્સ શરૂ કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, પશ્ચિમ ભારતમાં પ્રથમ રશિયન કલ્ચરલ સેન્ટર શરૂ કરવામાં આવ્યો છે. અપેક્ષા એવી છે કે ઋષિ અને ભારતીય કલ્ચરલ ઘણું સમાન છે. ભાષામાં પણ ઋષિ અને સંસ્કૃત ભાષામાં ઘણો મેલ જોવા મળ્યો છે. જેથી આવું કલ્ચરલ સેન્ટર ઊભું કરવાથી એક બીજાના દેશના સંબંધો મજબૂત થાય તેમજ તેની સાથે આગળ ઓળખાણ થાય તે જરૂરી છે. ઘણા બધા ભારતીય વિદ્યાર્થી રશિયામાં મેડિકલ અને એન્જિનિયરિંગ ભણવા માટે જાય છે. વધુમાં કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, કેવી રીતે ઋષિ કલ્ચર ભારતીય કલ્ચરને સમૃદ્ધ કરે તે દ્રષ્ટિએ રશિયન કલ્ચરલ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. રશિયાથી ફેકલ્ટી અહીંયા આવશે અને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવશે. તે લોકો અહીંયા આવશે અને જાત જાતના પ્રોગ્રામ ગોઠવશે. ત્યાંના પ્રસિદ્ધ ગાયક અને નૃત્ય માટે પણ વર્કશોપ ગોઠવીને વિદ્યાર્થીઓ શીખી શકે તે માટેની તાલીમ આપવામાં આવશે. ત્યાંથી પ્રોફેસર અને ફેકલ્ટી આવશે ત્યારબાદ જે કોર્સ શરૂ થશે તેની વિગતો પણ જાહેર કરવામાં આવશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

